કેળવણી ખાતા તરફથી
ઇનામ માટે મંજુર.

મા બાપ તેવાં છોકરાં.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,
પોપટલાલ મગનલાલ ગજરાવાળા.
ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો,
અમદાવાદ.

કેળવણીખાતાએ ઈનામ બુક તરીકે મંજુર કરેલી.

बाल्यज्ञानवर्धक*

माबाप तेवां छोकरां.

(એક વાર્તા.)

ભાષાન્તર કર્તા

વિઠ્ઠલરાય ગોવર્દ્ધનપ્રસાદ વ્યાસ.

"મુલતવી રાખવાનાં માઠાં ફળ" ના કર્તા.

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કર્તા

પોપટલાલ મગનલાલ

ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો-અમદાવાદ.

આવૃત્તિ ત્રીજી. પ્રત ૫૦૦.

અમદાવાદ શ્રી સત્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં

કાળાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપ્યું.

સન ૧૯૧૬ સંવત ૧૯૭૨.

મૂલ્ય આઠ આના.

પ્રસ્તાવના.

પ્રત્યેક દેશની સ્થિતિ તેનાં પૃથક્ પૃથક જીલ્લાપર, પ્રત્યેક જીલ્લાની સ્થિતિ તેના પૃથક્ પૃથક્ શહેર અગર ગામપર, પ્રત્યેક ગામ અગર શેહેરની સ્થિતિ તેના પૃથક્ પૃથક્ કુટુંબપર, અને પ્રત્યેક કુટુંબની સ્થિતિ તેના પૃથક્ પૃથક્ મનુષ્યપર આધાર રાખે છે. કોઇ પણ દેશ સારો કે નરતો, સુધરેલો કે અણસુધરેલો, ઉન્નતિએ પહોંચેલો કે અધમતાએ જઈ ચડેલો હોવાનું આપણે જો મૂલ કારણ જરીક દીર્ઘદ્રષ્ટિથી વિચારીશું તો પૃથક્ પૃથક્ માણસનાં સદ્વર્તન, સદ્ગુણ, નિખાલસપણું, ઐકયતા, પ્રમાણિકપણું, દુરાચરણ, દુર્ગુણ, કપટીપણા, કુસંપ તથા કાવાદાવા સિવાય બીજું કંઇ પણ દૃષ્ટિ-ગોચર થવું અસંભવિત છે- દુનિયાદારીમાં મોટાં મોટાં રાજ્યોની ચડતી, તેમનું સર્વસામ્રાજ્યપણું, તેઓની અવિચલ કીર્તિ વિગેરે તેના પૃથક્ પૃથક્ મનુષ્યની સમગ્રઐકયતાને લીધેજ હોયછે. ત્યારે આ એકયતા, સદ્વર્તન, સદ્ગુણ વિગેરે મહાન ગુણો કયાંથી પ્રાપ્ત થાયછે. અગર કયાંથી તેઓનો પાયો નંખાયછે, અગર કયાં તે દૃઢીભૂત થાયછે તેનો પ્રથમ વિચાર કરવો એ વધારે અગત્યનું છે. જે બાબત પર એક આખા દેશની તેમ પ્રત્યેક મનુષ્યની ચડતી અગર પડતી તથા માન અગર અપમાનનો આધાર રહે છે તે પ્રથમ તપાસવું જોઇએ એ નિઃસંદેહ છે.

પૃથક્ પૃથક્ મનુષ્યના સદ્ગુણ, સદ્વર્તન, સંપ, ઉદારતા વિગેરે ઇશ્વરી મહાનગુણો જે કુટુંબમાં તેઓ રહેછે તેને અનુસરીને હોયછે. કુટુંબની વ્યવસ્થા રાખનાર, તેને નિયમમાં રાખનાર, તથા તેઓને રસ્તે ચઢાવનાર માતા પિતા હોયછે. આ માતા પિતાને અનુસરીને બાલકો (ભવિષ્યનાં પૃથક્ પૃથક્ મનુષ્ય) સર્વ કાંઇ શિખે એ સ્વાભાવિક છે. 'તુખમે તાસીર અને સોબતે અસર' તેમ માતા પિતા પ્રમાણે પુત્ર પુત્રી ઉત્પન્ન થાયછે, ને તેઓના કર્માનુસાર પોતાનાં કર્મ પણ આદરે છે. **बुद्धिःकर्मानुसारिणि** તેથી તેમની બુદ્ધિ પણ તેમના કર્મ પ્રમાણે થાયછે. બાલકોનું ચિત્તજ ઇશ્વરે એવું ઘડેલું છે કે જે જે સદ્ગુણ, દુર્ગુણ, રીતભાત, ચાળાચેષ્ટા વિગેરે જૂવેતેનું

તુરત તેઓ અનુકરણ કરેછે. તેમ કુમળુ ઝાડ જેમ વાળીએ તેમ વળે તે કહેવતાનુસાર તેઓના કુમળા મનપર જે જે વિચારો, રીતભાત વિગેરે ઠસાવવામાં આવે તે તે વિચારો તથા રીતભાતને તેઓ સજ્જડ પકડી લે છે- બતાવ્યા અગર જોયા પ્રમાણે વર્તવાની રૂઢિ ધીમે ધીમે ટેવનું સ્વરૂપ પકડેછે, અને આખરે આ ટેવો પોતાની અસર એવી તો સજ્જડ બેસારી દે છે કે મરણાન્તે પણ તે છૂટવી મુસ્કેલ પડેછે. સાધારણ કહેવત છે કે પડી ટેવ તેતો ટળે કેમ ટાળી, પ્રાણ ને પ્રકૃતિ એ સાથે જવાનાં; આવી ટેવોને જન્મ આપનાર માબાપજ હોયછે; અને તેથી **માબાપ તેવાં છોકરાં** થાય તેમાં કંઇ પણ નવાઇ નથી તેટલા માટે પોતાના સન્તાનોને સારા દાખલા વડે સારી કેળવણી આપવી તથા તેમને બચપણમાંથી સારે રસ્તે ચઢાવવાં એ માબાપોનું આ દુનિયામાં પ્રથમ કર્ત્તવ્યછે. દુનિયામાં તેમને માથે તેનો ઇશ્વરી જુમ્મો છે એમ કહીએ તોપણ ચાલે. આપણે સંસારમાં જોઇશું તો ઘણા સન્તાનો દુરાચારી, દુર્વ્યસની, કપટી, નિર્દય, લુચ્ચા, ખટપટીઆ, અપ્રમાણિક, કુસંપિ તથા લઢવાડીઆ નિકળે છે. શિવાય કેટલાંક ફરજંદો સદાચરણી, સદ્‌ગુણી, માયાળુ, પ્રમાણિક, સંપીને વર્તનારા તથા દયાળુ દીસી આવશે. આમ થવાનુ ખરૂ કારણ જો આપણે અવલોકીશું તો માતપિતાના ગુણો શિવાય બીજું કાંઇ માલૂમ પડશે નહી. ઘણી જગોએ એમ બનેછે કે માબાપો અને સન્તાનોના ગુણોમાં ઘણો અન્તર હોયછે; પરન્તુ તે અન્તરનું મૂલ કારણ માબાપની બચ્ચાંને કેળવવાની રીતિ, તો હોય છે. જેવી માતા પિતાની પોતાના બાલકોને કેળવવાની પદ્ધતિ તથા તેઓના મગજમાં સારૂં નરસુ ઠસાવવાની તેઓની રીતિ, તે પ્રમાણે બાલકોમાં ગુણ દોષ ઉત્પન્ન થાય છે. જેવી માબાપની નીતિ રીતિ તેવીજ તેમનાં સન્તાનોની પણ નીતિ રીતિ એ બાબત આપણે વિસારી નદેઇએ, તથાપિ માતા પિતાની પોતાના બાલકોની કેળવણીની રિતીપર પણ ઘણો આધાર રહે છે, ઘણાં માતપિતા અજાણપણે પોતાનાં બાલકોને દુરાચરણી નહીંતો ખરાબ સ્વભાવનાં બનાવેછે, તેનો દાખલો જોઓ હોય તો માબાપોનું બચ્ચાં પ્રત્યેનું લાડ માલૂમ પડશે. હેત ઘણી પ્રકારનાં છે. ભાઇઓ ભાઇઓનું હેત, બ્હેનો બ્હેનોનું હેત, ભાઇ બ્હેનનું હેત, ધણી ધણીઆણીનું હેત, માતાપિતાનું હેત વીગેરે. આ હેતમાંથી માતાપિતાનું હેત તો અવધિજછે. આ હેત પોતાની

મર્યાદાનું ઉલ્લંઘન કરેછે ત્યારે ને બાળકોને દરેક વખતે દરેક જગોએ ને દરેક કામમાં લાડનું લક્ષ કરી દે છે. આ લાડ અન્તે બાલકોને નુકસાન કર્ત્તાછે. આથી માતા પિતા સારાં હોવા છતાં તેઓના બાલકોના ગુણદોષ કંઇ જુદીજ પ્રકૃતિના નીકળેછે. આ સર્વ બાબતો શી રીતે પોતાનો પગ પેસારો કરેછે. સારી નરસી કેલવણી પ્રમાણે બાળકો કેવાં ઉછરેછે, તથા આખરે તેનું પરિણામ માતાપિતા તેમ બાલકોને કેવું સુખ યા દુઃખમય થઇ પડે છે તે આબેહુબ બતાવવાને માટે આ ભાષાન્તર જનસમૂહની સમક્ષ મૂકું છું. બાલકોએ અમુક રીતે વર્તવું જોઇએ, માતાપિતાને અમુક રીતે પોતાનાં બચ્ચાંને કેળવવાં જોઇએ એમ બતાવવા કરતાં માતાપિતાને તેમ બાળકોને અમુક રીતે વર્ત્યાથી લાભ થયાછે ને અમુક રીતે વર્ત્યાથી ગેરલાભ થયાછે, એવો દાખલો આપી સમજાવવું એ વધારે અસરકર્ત્તા ધારી આવી રીતનું ભાષાન્તર બહાર પાડ્યું છે. આપણા આર્ય બન્ધુઓ આ પુસ્તક વાંચી તેમાંથી સાર ગૃહણ કરી પોતાનાં બાલકોને સન્માર્ગે ચઢાવવા માટે પ્રયાસ કરશે તથા સમજુ બાલકો આ પુસ્તક વાંચી પોતાના માતા પિતાની સુભ આજ્ઞાને ઇશ્વર પ્રીત્યર્થે અનુસરીને વર્તશે તો મારો પ્રયાસ સાફલ્યતાને પામેલો હું સમજીશ.

મને આશા છે કે '**મુલતવી રાખવાનાં માઠાં ફળ**' નુંમારૂં પ્રથમનું ભાષાન્તર પ્રજાવર્ગમાં જેવું મનગમતું તથા બોધદાતા થઇ પડયુંછે તેવુંજ આ પુસ્તક પણ થઇ પડશે. ઇશ્વરેચ્છા હશે અને પ્રજાવર્ગ તરફથી આ પુસ્તકને સારો આશ્રય મળશે તો યુવાનોએ કેવી રીતે વર્તવું જોઇએ, નિશાળોમાં તેઓએ કેવા સોબતીઓ ખોળવા જોઇએ, પોતાનો અભ્યાસ કેવી રીતે ચલાવવામાં ફાયદોછે વગેરેનું વિવેચન એક નિબંધ રૂપે ઇંગ્રેજી પુસ્તકના આધારે તૈયાર કરી જનસમૂહની સેવામાં મૂકીશ.

આ પુસ્તકની પણ :ભાષા ઘણી સ્હેલી નાંખીછે. કારણ કે આમાંથી આર્ય બાલકોને ઘણો બોધ લેવાનો છે. જો સંસ્કૃત શબ્દો વધારે આવ્યા હોય તો તેથી બાળકોને સમજણ ન પડતાં પુસ્તક

પ્રગટ કરવાનો હેતુ યથાર્થ રીતે પાર ન પડે એમ ધારી તેવા શબ્દો જાણી જોઇને વાપર્યા નથી. ગૂર્જર ભાષામાં વધારે સંસ્કૃત શબ્દો આવેલા જોવાને જે વિદ્વાનો ઉત્સુક છે તેઓ આ છૂટને માટે મને ક્ષમા કરશે એમ હું ઇચ્છું છું.

આ પુસ્તક પ્રગટ કરવામાં મારા ઇષ્ટ મિત્ર રા. રા. મણિલાલ મોહનલાલ ઝવેરી એ જે કિમતી મદદ કરીછે તેને માટે હું તેમનો આભારીછું.

અમદાવાદ
તા. ૨૦-૩-૮૦.

ભાષાન્તર કર્ત્તા.

માબાપ તેવાં છોકરાં.

અથવા

જેવી માબાપની કેળવણી, તેવાં છોકરાંનાં આચરણ.

પ્રકરણ ૧ લું.

"માણસ પોતાને બીજાની સાથે જેટલો પ્રીતિમાં ગુંથાયેલો ધારે છે, તેટલો હોતો નથી."

પોતાની જન્મગાંઠને દિવસે પોતાની આસપાસ વીંટલાઇને જમવા સારૂ બેઠેલાં છોકરાંઓને **ફ્રેંકલાંડ** નામનો ખેડુત બોલ્યો કે "આવા બહોળા કુટુમ્બવાળા માણસને કેટલો ભાગ્યશાળી માનવો જોઇએ !" તે સાંભળીને પાસે બેઠેલો બીજો એક **બેટસ્વર્થ્સ** નામનો ખેડુત બોલી ઉઠયો કે "તમે ગમે તેમ માનો પણ હું તો છોકરાંને દુઃખરૂપ ગણુંછું." **ફ્રેંકલાંડે** નમ્રતાથી જવાબ દીધો કે "એ બાબતમાં આપણે બંને ખરા છીએ, તેમ ખોટા છીએ. કારણકે છોકરાં જેવાં નીવડે તે પ્રમાણે તેઓ સુખસાધનરૂપ કે દુઃખરૂપ થાય છે; અને તેમનું નીવડવું તેમને આપેલી કેળવણીપર આધાર રાખે છે. મારૂં કહેવું એવું છે કે, છોકરાંને ખરે માર્ગેજ ચઢાવવાં. હું ગર્વથી નહિ, પણ આનંદથી તમને પૂછુંછું કે, "મારા કરતાં વધારે સુખી કોઇપણ કુટુમ્બ, અને મારા કરતાં વધારે ભાગ્યશાળી પિતા તમે બતાવી શકો છો ?" આ સાંભળીને **બેટસ્વર્થ્સે** ઝંખવાણા પડી નિસાસો નાંખ્યો. તે જોઇ **ફ્રેંકલાંડે** પોતાની ભૂલથયેલી સમજી ગંભીરાઇ અને નરમાશથી તેને કહ્યું કે " પોતાનાં છોકરાંને પોતેજ વખાણવાં એ યોગ્ય નથી; પરંતુ એક મિત્ર તરીકે તમારી આગળ મારાથી અકસ્માત એમ બોલાઇ ગયું તેને માટે આપની ક્ષમા માગું છું. આજ મને શીત્તેર વર્ષ પૂરાં થવાથી અગાઉ કદી નહિ થયેલો એવો આનંદ થયો છે; તેને લીધે એટલી અસભ્યતા થઇ

ગઇ તે માફ કરશો."આ પ્રમાણે બોલી તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે "પેલા ઉત્તમ દ્રાક્ષારસમાંથી એક પ્યાલો ભરીને એમને આપ." **બેટસ્વર્થે** તે રસ પીધા પછી ત્યાંથી જવાને આજ્ઞા માગી, ત્યારે **ફ્રેંકલાંડે** તેને કહ્યું કે, "પ્યારા પડોશી, એટલી બધી ઉતાવળ ન કરો;જરા ધીરા થાઓ અને બેસો. અમે બધા ભોજન કરવાના હતા અને આજનો દીવસ આનંદમાં ગુજારવા ધારતા હતા, તેવામાં તમે આવ્યા તો તમે પણ અમારી સાથે બેશીને જમો અને આનંદમાં સામેલ થાઓ. મને આશા છે કે હું તમને આટલી બધી ખેંચતાણ કરૂં છું તેથી તમે મારૂં આમંત્રણ સ્વીકારશોજ." પણ **બેટસ્વર્થને** ઘણી ઉતાવળ હતી તેથી તે બહાનાં કાઢી જેમ તેમ કરી રજા લઇને ત્યાંથી પોતાને ઘેર ગયો.

બેટસ્વર્થનું ઘર **ફ્રેંકલાંડના** ઘરના સુખથી પછાત હતું. તેના છોકરાં તેને આવતો જોઇ સામા દોડી જઇ હેતભેર ભેટી આનંદ ઉપજાવે એવાં નહોતાં. એઘડી પણ પોતાનાં માતા પિતા પાસે બેસી તેમના સુખદુઃખમાં ભાગ લેવાનું, કે પોતાની મધુરવાણી વડે તેમનું મન રંજન કરવાનું, કે પોતાના કુટુમ્બની સમૃદ્ધિ વધે તેવા કોઇપણ કૃત્યમાં ભાગ લેવાનું તેઓ શિખ્યાંજ નહોતાં. એને ત્રણ છોકરાં અને બે છોડીઓ હતી. તેમનાં નામ એવાં હતાં કે, આઇડિલ (આળસુ) ઇસક, વાઇલ્ડ (જંગલી) ઉવિલ, બુલિંગ (ધાંધલીઓ) બોબ; સાસી (અમર્યાદિત) સેલી, અને જીલ્ટિંગ (તરછોડી નાંખનાર) જેસી. શેહેરમાં રહેનારા સર્વ લોકો એમને ઉપરનાં નામેજ ઓળખતા હતા, અને તેમના ગુણ પણ નામ પ્રમાણેજ હતા.

બેટસ્વર્થ પોતે પણ આળસુ હતો. તે પોતાની ઘડી પાસે બેશી બીડીઓ ફુંક્યા કરતો તથા શેખચલ્લીના જેવા વિચારમાં ગુંથાયલો રહેતો. તેની સ્ત્રી ગર્વિષ્ટ, મૂર્ખ, ધણીપર દાબ રાખવામાં માન ગણનારી, નવી નવી તરેહના પોષાકની શોખીન તથા સ્વચ્છંદી હતી. એ બંને ધણી ધણીઆણીમાંથી કોઇ પણ પોતાનાં છોકરાંને રીતસર ઉછેરવા તરફ તથા તેમને સારી કેળવણી આપવા તરફ બીલકુલ ધ્યાન આપતું નહોતું. એ છોકરાં જ્યારે નાનાં હતાં ત્યારે તેમની મા તેમને લાડ લડાવતી; અને જ્યારે તે મોટાં થયાં ત્યારે તેઓના દરેક કૃત્યના સામી થતી; અને વિસ્મય પામતી કે, મારાં ઉછેરેલાં છો-

કરાં મનેજ ગાંઠતાં નથી એ શું ?! **બેટસ્વર્થ** એમ વિચાર કરતો કે મારા પાડોશી **ફ્રેંકલાંડના** છોકરાં મર્યાદશીળ, શાણાં, હોંશીઆર, દઢ, પોતપોતાનું કામ કરવામાં તત્પર, અને માયાળુ છે એનું શું કારણ?! પણ "કેટલાકને તેમના નશીબના યોગે સારાં છોકરાં મળે છે, અને કેટલાંક છોકરાં જન્મથીજ સારાં હોય છે!" એમ બોલી તે મન વાળતો. પ્રિય વાંચનાર ! ઉપર પ્રમાણે ધારવામાં **બેટસ્વર્થ** કેટલો ઠગાય છે! વાસ્તવિક રીતે તો તેણે એમ કહેવું જોઈતું હતું કે " કેટલાંક છોકરાંને બીજા છોકરાં કરતાં સારી રીતે કેળવવામાં આવે છે. "

હવે આપણે **ફ્રેંકલાંડના** કુટુમ્બ તરફ જરા નજર કરીએ. **ફ્રેંકલાંડને** પણ ત્રણ છોકરા તથા બે છોડીઓ હતી. તેમનાં નામ **જ્યોર્જ, જેમ્સ, ફ્રેંક, ફ્રેની** તથા **પેટી** હતાં. સઘળાં છોકરાં ડાહ્યાં, શાણાં શુશીલ, વિવેકી, પરસ્પર હેત રાખનારાં તથા માયાળુ હતાં. એની સ્ત્રી ડાહી તથા સમજુ હતી. છોકરાંને કેળવવા માટે પોતાના પતિના સતત પ્રયત્નમાં તે ભાગ લેતી હતી. નાનાં છોકરાં કાલું કાલું બોલીને જ્યારે તેનું મન રંજન કરતાં હતાં ત્યારે તે તેમને એકબીજા ઉપર હેત રાખવાને તથા પરસ્પર મદદ કરવાને શીખવતી, તથા તુચ્છ હઠીલો સ્વભાવ નહિ રાખવા અને આજ્ઞાંકિત તથા સમજુ થવા તેમને સમજાવતી. આને લીધે એ છોકરાં તથા મા ઘણી હરકતોમાંથી બચી ગયાં હતાં. **ફ્રેંકલાંડ** એ છોકરાંને કહેતો કે " જે સારી ચાલ તથા સ્વભાવનાં તમે થયાં છો તેને માટે તમારે તેમજ મારે તમારી માતુશ્રીનો ઉપકાર માનવો જોઇએ. "

ફ્રેંકલાંડની એક છોડી અઢાર વર્ષની અને બીજી સત્તર વર્ષની થઈ ત્યારે તેમની સદ્દગુણી માતાના મૃત્યુનો કારી ઘા તેમને ખમવો પડયોઃ પરંતુ તેની મનહર છબી હમેશાં તેમના અંતઃકરણમાં રમ્યા કરતી હતી. મોટી છોડી **પેટી** ઘણી ખૂબસુરત નહોતી; તથાપિ તે ઘણી સ્વચ્છ રહેતી, તેનો સ્વભાવ એવો તો આનંદી અને ખુશકારક હતો કે " તે બહુ રૂપાળી નથી" એ વાત સર્વના ધ્યાનમાંથી જતીજ રહેતી હતી. તેની નાની બેન **ફ્રેની** ઉપર તે ઘણી મમતા રાખતી. આ **ફ્રેની** ઘણીજ રૂપાળી હતી તે સાથે તે સાદી, નમ્ર, અને માયાળુ સ્વભાવની હતી. તેથી તેના આડોશી પાડોશી પણ તેને ઘણી ચહાતાં હતાં.

ફ્રેંકલાંડે પોતાના મોટા છોકરા **જ્યોર્જને** ખેતીનું કામ શીખવ્યુ હતું. હલેતી ઉમરના પ્રમાણમાં એ કામમાં તે સારો પ્રવીણ થયો હતો. ખેતરની વ્યવસ્થા રાખવામાં અને કામકાજ કરવામાં પોતાના પિતાને તે મદદ કરતો; અને તેથી લેશમાત્ર પણ વખત કે પૈસા બગાડયા સિવાય તે ઘણો સારો અનુભવ મેળવી શકયો. તેનો પિતા તેની સાથે એક મિત્ર તરીકે વર્તતો અને પોતાના કામકાજની વાતો ખુલ્લા દીલથી કરતો, તેથી **જ્યોર્જ** પણ પિતાનું કામ તે પોતાનું જ ધારતો, અને હાલના છોકરામાં જ્યારે પર આવે છે, કે રોજગારે વળગી બે પૈસા કમાતા ધમાતા થાય છે, એટલે 'ગરજ સરી કે વૈદ્ય વેરી' ની માફક પોતાના માતા પિતાને તજીને જેમ તેઓ જૂદા પડે છે, તેમ આપણો જ્યોર્જ સ્વપ્નામાં પણ વિચારતો નહિ.

વચટ છોકરા **જેમ્સને** વેપાર ખાતામાં નાંખ્યો હતો, અને એ ખાતાના માણસને ઉપયોગી સર્વ માહિતી એને આપવામાં આવી હતી. નાગરિક રીતભાત અને પ્રમાણિકપણા ઉપર તેને ઘણી પ્રીતિ હતી.

સર્વથી નાનો છોકરો **ફ્રેંક** તેના બે મોટા ભાઇઓ કરતાં વધારે આનંદી સ્વભાવનો હતો. જ્યારે તે નાનો હતો ત્યારે તેનો પિતા તેને વારે વારે શિખામણ દેતો કે "જો તું બરોબર સંભાળ નહિ રાખે તો તારા લપલપિયા સ્વભાવને લીધે આગળ ઉપર તું મોટી મુશીબતમાં આવી પડીશ, અને આરંભેલું કામ પૂરૂં કરવાની દૃઢતા નહિ રાખે તો ગમે એવી ચાલાક બુદ્ધિ હશે તે છતાં પણ તને બિલકુલે લાભ થવાનો નથી." **ફ્રેંક**, જે પિતાને ખરા દિલથી ચાહતો હતો તેમના મોંમાંથી નીકળેલા શિખામણનાં વાકયોએ તેનાપર એવી તો સજ્જડ અસર કરી કે તે પોતાના સ્વભાવિક ઉછાંછળા સ્વભાવને સુધારવાની પુષ્કળ સંભાળ લેવા લાગ્યો. તેમજ ધીરજ અને ઉદ્યોગ શીખવાનો પ્રયત્ન કરવા મંડયો. એ ત્રણ ભાઇઓ રસાયણ પ્રયોગથી મિશ્રિત કરેલી કોઇપણ ધાતુની સાંકળથી જાણે એકબીજાની સાથે ઘણાજ જોડાઇ ગયા હતા; અને તેમનું એ જોડાણ તે તેમના સુધારા તથા આનંદનું મૂળ હતું.

ફ્રેંકલાંડના જન્મ દિવસની સાંજે તેનું આખું કુટુમ્બ પોતાની વાડીના મંડપમાં ગયું, અને દરેક જણે ખુલ્લા દિલથી તથા નિખાલસ

મનથી પોતપોતાની બાબતો સંબંધી વાતો કરવા માંડી. જેને પોતાનાં છોકરાંઓનો પૂર્ણ વિશ્વાસ હતો તે સુખી પિતા **ફ્રેંકલાડે** પોતાના નાના છોકરા **ફ્રેંકને** હસ્તે વદને પરંતું ગંભીરાઇથી કહ્યું કે " મારા વહાલા**ફ્રેંક**,**જેસી એટસ્વર્થર્સ** સાથે લગ્ન કરવાને જો તું ચહાતો હોય તો હું તે છોડીને ચહાવાનો પ્રયત્ન કરીશ. તે પૈસાદાર નથી એ વાત ધ્યાનમાં પણ નહિ લેઊં; લગ્નસબંધી બાબતોમાં પૈસો ધ્યાનમાં ન લેવો જોઇએ. કોઇપણ પ્રકારે એનો બદલો આપણે અંદર અંદર વાળીશું. પરંતુ **ફ્રેંક**! એના વિષે શો મત મેં બાંધ્યો છે તે પ્રથમથી સ્પષ્ટ અને યથાસ્થિત તને કહેવો એમાંજ મારૂં તથા તારૂં બન્નેનુ શ્રેય છે. હું ધારૂં છું કે જેણે ઘણા જણને પ્રથમથીજ હા કહી પછી તુચ્છકારી કાઢયા, તે તને પણ, તારા કરતાં કોઇ સારો મળશે તો તુચ્છકારી કાઢયા વિના રહેશે નહિ." **ફ્રેંકે** જવાબ દીધો કે "પિતાજી! જો એમ છે, તો હું ઉતાવળીઓ નહિ થાઊં; હવે હું એની સાથે કાંઇપણ વાત કરતા પહેલાં થોડીવાર વિચાર કરીશ. તમે મારાપર જે મમતા બતાવી છે તે હું કદી ભૂલનાર નથી તથા તેને માટે તમારો અતિ ઉપકાર માનું છું."

આવી આવી કેટલીક બાબતો તથા ઘર, નીતિ, વ્યવહાર સંબંધી અંદર અંદર વાતો કરી આખું કુટુંબ સુખ શાંતિમાં રાત્રે સૂઇ ગયું.

આ બીના બની તેને બીજે દિવસે સવારમાંજ **જુલિટંગજેસી**§ પોતાની નાની બેન **સોસીસેલીને**§ સાથે લેઇ **પેટી** અને **ફ્રેનીને*** મળવા આવી. બંને બેનો કંઇ ખુશખબર લાવી હતી અને તે કહેવાને માટે ઘણી ઉત્સુકતા બતાવતી હતી. **જેસીએ** કહ્યું " આજ રાત્રે મને સ્વપ્નું આવ્યું કે જાણે એક અમીરે તેની હીરા જડિત વીંટી મારી આંગળીએ પહેરાવી. કોણ કહે છે કે એ ખરૂં ન પડે ?! કેમ **ફ્રેની** તે કાંઇ નવાજુની સાંભળી છે? અને **પેટી** તું કાંઇ નવાઇનું જાણેછે કે ?:" **સેલીએ** કહ્યું "તેઓ તો કોઇ દિવસ કાંઇ નવાજુની સાંભળતાંજ નથી!" **જેસીએ** કહ્યું " ઠીક, ત્યારે હું કહું તે સાંભળો. અમારો સગો કપ્તાન **એટસ્વર્થર્સ** શિકાર કરતાં મરણ પામ્યો છે

§ **એટસ્વર્થર્સની** છોકરીઓ. ***ફ્રેંકલાંડની** છોકરીઓ.

પરદેશમાં ઘણા પૈસા એકઠા કર્યા હતા, અને તે સઘળી દોલત અમને વારસામાં મળી છે."

સોસીસેલી બોલી કે " કાલે રસ્તામાં **મીસિસ ક્રેડોક** મને ધક્કો મારીને ચાલી ગઇ તેમ હવે તે કેવી જાય છે તે હું જોઇશ ! જેવી એ એક સુંદર સ્ત્રી થઇને ફરે છે તેવી હું પણ ભભકો મારીને ફરીશ અને એની માફક બીજા લોકોને ધક્કા મારી વેગળા ખસેડીશ. "

ફેની અને **પેટી**એ ખરા અંતઃકરણથી પોતાના પડોશીની ચડતીને માટે તેમને મુબારકબાદી આપી, પરંતુ પૈસાદાર થવાથી ધક્કા મારવામાં **મિસિસ ક્રેડોકની** હરીફાઇ કરવી એ નિરૂપયોગી અને પશ્ચાતાપ લાવનારૂં છે એમ તેમણે માન્યું.

સેલીએ કહ્યું "**પેટી** તું તારા કામમાં ગૂંથાઈને કેમ બેશી રહી છે! તું અમારી અદેખાઇ કરે છે કે શું?" **પેટી**એ ઉત્તર વાળ્યો 'જે આળસુ છે તેની હું બિલકુલે ઇર્ષ્યા કરતી નથી." **સેલીએ** કહ્યું "વાહ, બહુ સારી વાત ! અમે આળસુ છીએ તેને માટે પરોક્ષ રીતે ઠપકો દેતાં જણાઓ છો ! પણ આમ કરવાથી હું આળસુ મટીને કામ કરવા મંડુ એ તમારે સ્વપ્નામાં પણ આશા રાખવી નહીં. તમારા મનમાં એમ છે કે તમે સારી કેળવણી લીધી છે, અને તેથી આપણું આખું પરગણું તમારો દાખલો લઇને વર્તે; પણ હવે તમને માલૂમ પડશે કે બીજા માણુસો પણ લોકોના પ્રિય થઇ પડે છે, અને મોટા માણસોની સાહેબી ભોગવે છે. બેશક કેળવણી એ સારી ચીજ છે, પણ મારા ધારવા પ્રમાણે તો દુનિયાંમાં પૈસો વધારે ઉપયોગી છે. તમે તમારી આખી જીંદગી પર્યંત સારાં કહેવડાવવાને અત્રેજ નિરાશ મોંઢે બેશી રહો, ગમે તેમ થશે તોપણ હું તમારી માફક ઘાંચીના બળદની પેઠે કામમાંને કામમાંજ પડી રહેવાની નથી ! કોઈ અમારી મશ્કરી કરેછે તો તે અમને ઘણુંજ લાગે છે!"

પેટીએ કહેલુંજ હતું કે' હું તમારી ઇર્ષ્યા કરતી નથી' તેથી પોતે ઘણી ગુસ્સે થઈ હતી, અને તેને ચીડવવા માટે નિશ્ચય કરીનેજ આ ટાયલું ટીચ્યું હતુ. પોતાને વધારે કહેવાનું બાકી રહ્યું હતું;

પરંતુ બોલતે બોલતે એટલો બધો શ્વાસ ચડી ગયો કે આગળ બોલાયુંજ નહીં. **પેટી**ની સહનશક્તિ **સેલી**એ કરવા ધારેલી અજમાયશને હઠાવે તેવી હતી. જ્યારે **સેલી**ને માલૂમ પડયું કે એના પ્રત્યે મારૂં કાંઈ ચાલશે નહિ" ત્યારે તેની બેન **ફેની** ઉપર તે ઉતરી પડી, તે કહેવા લાગી કે "પોતાના પ્રિયતમ તરફ હવે પછી **મીસ ફેની**થી મગરૂરી અને ટચાકીથી નજર નંખાશે નહીં," આ સાંભળીને **ફેની** શરમાઇ ગઇ; કારણ કે તેને માલૂમ પડયું કે આ ટીકા **વાઇલ્ડ ઉવીલ**ને લગતી હતી. તે **ઉવીલ**ને ચહાતી હતી. પરંતુ કોઇપણ દિવસ તેણે બતાવ્યું નહોતું, કે "હું **ઉવીલ**ને ચાહુ છું." તેથી તેણે શાન્તતાથી જવાબ આપ્યો કે "હું કોઇની સાથે મગરૂરીથી વર્ત્તતીજ નથી, પણ જો તમે તમારા ભાઇ **ઉવિલ્યમ** વિષે કહેતાં હો તો મારે એટલુંજ કહેવાનું કે એમને પૈસા મળ્યા તેથી કરીને એમના વિષેનો મારો અગર મારા પિતાનો વિચાર કદી પણ બદલાવાનો નથી." આ પ્રમાણે વાતચિત થતી હતી, તેટલામાં **ફ્રેંક** ત્યાં આવી પહોંચ્યો. **ફ્રેંકે** તરતજ સાભળ્યું હતું કે **બેટસ્વર્થ્સ**ના કુટુંબનું નશીબ એકદમ ઉઘડી ગયું છે. પૈસાદાર થવાથી **જેસી** હવે કેવી તરેહથી વર્તે, છે તે જોવાને તે ઘણો ઉત્સુક હતો. તે વિચાર કરવા લાગ્યો કે **જેસી** વિષે મારા પિતા જે મત બાંધે છે તે ખરો છે, કે હું બાંધું છું તે ખરો છે, તે શોધી કાઢવાની આ તક સારી આવી છે."

જુલ્હ્ટીંગ જેસીએ ખરેખર એમજ બતાવ્યું હતું કે "હું **ફ્રેંક**ને ઘણુંજ ચહાઊં છું." પરંતુ તેની સ્થિતિમાં આ અકસ્માત ફેરફાર થવાથી તેના સઘળા વિચાર અને મનોભાવ બદલાઈ ગયા હતા. સઘળાં બેઠાં હતાં ત્યાં **ફ્રેંક** આવ્યો કે તરતજ **જેસી** જવાની ઘણીજ ઉતાવળ કરવા મંડી, અને જો કે તેને માલુમ પડયું કે "**ફ્રેંક**ને મારી સાથે ખાનગી વાતચિત કરવી છે" તે છતાં તેણે બીજા સાથે આડી દોઢી વાત કરીને **ફ્રેંક**ની સાથે વાત કરવાની તક ચુકાવી: આખરે જ્યારે તે બારીમાંથી ડોકીયું કાઢી "વરસાદ આવે છે કે બંધ પડી ગયો છે" તે જોવાને જતી હતી ત્યારે **ફ્રેંકે** તેની પાછળ જઇ કાનમાં કહ્યું કે "આટલી બધી ઉતાવળ કેમ કરો છો? થોડીવાર તો અમારી સાથે બેસો, તથા ખુલાસાથી વાતચિત કરો. બેશક કોઇપણ દિવસ તમે આટલી બધી ઉતાવળ કરતાં નહોતાં."

આ સાંભળીને **જેસિ** એકદમ બોલી "વાહ **ફ્રેંક** ! શા માટે હમેશાં તમે મારી સાથે નકામા લમણાં ઝીકો છો ?" આટલું કહી તે બારી ઉઘાડી, પોતાનું ડોકું આગળ કાઢી, ચિંતાથી વાદળા સામું જોવા મંડી. ટેબલપર કેટલાંક ગૂલાબનાં ફૂલ પડયાં હતાં તેમાંથી એક ફૂલ લેઇને **ફ્રેંક** બોલ્યો " વાહ ! આ ફૂલની સુગંધી કેવી મીઠી છે ! આજ ફૂલ તમને વધારે પ્રસન્ન છે. જુવો મેં એને ઠીકઠાક કર્યું છે અને હવે એ ઘણુંજ સારૂં દેખાય છે. તમારા અંબોડામાં એ સારૂં શોભશે." આટલું કહી **ફ્રેંક** હમેશની માફક **જેસીના** અંબોડામાં તે ખોસવા ગયો, પરંતુ તે ધિક્કાર બતાવી વેગળી ખશી અને કહેવા લાગી કે " મિ. **ફ્રેંક** ! એ ફૂલ ભીનું છે, તમે મારો નવો પોશાક બગાડશો. આવી છોકરવાદ જવા દો અને કાંઇ સભ્યતાથી વર્તો. મને તમે હમેશાં અનાડી અને આંખોના પાટા જેવા લાગો છો ! "

ફ્રેંક બોલ્યો "હમેશાં ! ! ખરેખર, તમે હમેશાં આવું નહોતાં ધારતાં, અને કદાચ ધારતાં હશો તો કહેતાં તો નહીંજ." **જેસીએ** જવાબ દીધો કે " જો એમ હોય તો હું હાલ એવું ધારૂં છું અને કહું છું, કેમ હવે બસ થયું ?! **ફ્રેંક** બોલ્યો " જો તમે મશ્કરીમાં ન કહેતાં હો તો બસ કરતાં પણ વધારે થયું ! પરંતુ તમે મશ્કરીમાં ન કહેતાં હો એવું હું નથીજ માનતો. **જેસીએ** ઉત્તર દીધો " માનવું ન માનવું એ તમારા હાથમાં છે, હુ જે કહું છું તે તમે જો માની શકતા નથી તો તેમાં હું શું કરૂં ! પરંતુ આ ખરૂંજ છે અને તે બરોબર યાદ રાખજો, સાહેબજી." **ફ્રેંક** બોલ્યો " અરે **જેસિ** ! શું આખરે આજ પરિણામ નિવડયું કે ? !" **જેસિએ** કહ્યું " શું પરિણામ ? ખરેખર હું સોગાન ખાઇને કહું છું કે તમે શું કહોછો તે હું સમજી શકતી નથી !" **ફ્રેંક** બોલ્યો " મને લાગે છે, કે તમારા વિષેની સર્વ સમજણ મને અત્યારેજ પડેછે." **જેસિએ** કહ્યું " કદાચ એમ હશે: પરંતુ અત્યારથીજ એક બીજાના વિચારો સમજાયા એટલે વળી આટલેથીજ પત્યું."

આટલું કહી તે ચીડાઉ તરૂણી **ફ્રેંકના** ગૂલાબના ફૂલથી પોતાના પોશાકપર પડેલા છાંટા લૂછી નાંખવા આઇના તરફ ચાલી ગઇ. **ફ્રેંક** તરતજ એની પાછળ ગયો અને કહ્યું, કે " મારે ફક્ત

એકજ વાત પૂછવી છે, પછી થયું. તમારામાં જે ફેરફાર થયો છે તે મારા કંઇ ખોટું લાગે તેવું કહેવાથી કે તમે એકદમ ધનાઢ્ય થઇ ગયાં તેથી ?" **જેસીએ** જવાબ દીધો " " સાહેબજી ! હું શી રીતે વર્તું છું તે વિષે પૂછપરછ કરવાનો કોઇનો કંઇ અખ્તિયાર નથી, એ પ્રશ્ન ઉઠાવવાની તમને શી સત્તા છે તે મને કાંઇ સમજાતું નથી, જાણે તમે મારા શેઠ અને મુરબ્બી હો તેમ પૂછોછો, પરંતુ તમે તેમાંના કાંઇ નથી, અને તેમ થવાના પણ નથી ! જાઓ ઇશ્વરનું ભજન કરો."

થોડીક પળ સૂધી **ફ્રેંકના** પ્યાર અને સમજશકિત વચ્ચે ભાંજગડ ચાલી. તે સ્તબ્ધ થઇને ઉભો રહ્યો, પરન્તુ તરતજ પોતાની મુખમુદ્રા ફેરવીને તેનાજ શબ્દોમાં કહ્યું કે " જાઓ ઇશ્વરનું ભજન કરો." આટલું કહી સ્વાભિમાન રાખી તેની પાસેથી ચાલી ગયો. અને તે પછી કોઇપણ દિવસ **જેસિના** સામું પણ ન જોયું.

ફ્રેંકે આ બનાવ બન્યા પછી પોતાના વ્હાલા પિતાને કહ્યું " પિતાજી ! **જેસિના** સ્વભાવથી મારા કરતાં તમે વધારે માહિતગાર ખરા. ગયે વર્ષે મેં એની સાથે લગ્ન ન કર્યું તેને માટે હવે મને ઘણો આનંદ ઉત્પન્ન થાય છે. તે વખતે એ મને ચહાતી હોય એમ જણાતું હતું અને કદાચ તે વખતે એ મને પરણી પણ હોત. મારા મનમાં એમ આવતું હતું કે **જેસિપર** તમારી કફા મરજી છે, પરંતુ પ્યારની અંદર હું જેવો આંધળો થઇ ગયો હતો તેવા આપ થયા નહોતા. હવે મને ખુશીની સાથે માલૂમ પડયું કે આપનું કહેવું અક્ષરશઃ સત્ય હતું "

તેના વૃદ્ધ પિતાએ જવાબ દીધો " મારા અતિ વહાલા **ફ્રેંક** ! મને આશા છે કે હવે પછી જ્યારે તમારા વિચારને હું મળતો ન આવું ત્યારે તમે મને કોઇ દિવસ એમ નહિ ધારો કે હું કોઇનાપર કફા છું. જો કદાચ તે એની સાથે લગ્ન કર્યું હોત તો જેમ મેં તને કહ્યું હતું તેમ દુનિયામાં તું સારી રીતે નભી શકે તેવી ગોઠવણ કરવાને મારાથી બનત તેટલું કરત, હું કદી પણ તારાપર ગુસ્સે ન થાત, પરંતુ તારા એક પળના તુરંગને લીધેજ આખી જીંદગી પર્યંત તેં તારી મેળે દુઃખ દરિયામાં ઝોકાવી દીધું હોત, તેને માટે હદ ઉપરાંત દીલગીર થાત; ત્યારે તને પ્રથમથી ચેતવણી આપવી એ શું સૌથી

સરસમાં સરસ નહોતું ? મારા લાંબા વખતના થોડા ઘણા અનુભવનો લાભ મારાં છોકરાંને ન આપું તો બીજા કોને આપું ? વળી લગ્ન કરવું એ કંઇ નાનીસૂની બાબત નથી. સ્ત્રી એ કંઇ એકાદ દિવસ, મહિનો કે વર્ષ ચાલે તેવી નિર્જીવ વસ્તુ નથી. પરન્તુ જેની સાથે આપણું જન્મારા સુધી પાનુ પડવાનુ, તથા જેના સદ્ગુણ, મમતા, પ્યાર તથા સુવિવેક વગર આપણે જીવનપર્યંત દુઃખી, પણ જેના ખરાબ સ્વભાવ, દુર્ગુણ તથા દુષ્ટ વર્તણુકને લીધે આપણો આખો ભવ નકામો થઇ પડે, ને સુખે બેસી રોટલો ખાવાનો પણ ન મળે, તેવી સ્ત્રીની બાબતમાં આંધળીયાં કરવાં, તેવું દુનિયામાં બીજું કશુંએ આશ્ચર્યોત્પાદક નથી ! તેટલા માટેજ મારે પ્રથમથી તને ચેતાવવો પડ્યો હતો."

જે માયાળુ શબ્દો વડે ફ્રેંકના પિતાએ તેને બોધ દીધો તે શબ્દોથી એના ઉપર ઘણી સારી અસર થઇ. ફ્રેની આ વખતે હાજર હતી. તેણે આ સાંભળીને તરતજ પોતાના પિતાના હાથમાં એક પત્ર મૂકયો અને કહ્યું કે " પિતાજી ! ઉવીલ બેટસ્વર્થ્સ તરફથી આ ચીઠી મને હમણાંજ મળી છે, તમારા વિચાર પ્રમાણે એનો ઉત્તર શો આપવો જોઇએ તે કૃપા કરીને કહો !"

અગર જો કે ફ્રેનીને વાઇલ્ડ ઉવીલની વર્ત્તણુંક પૂર્ણ રીતે પ્રસન્ન નહોતી તથાપિ તેનું મન ઉવીલ માટે થોડુંક ખેંચાતું હતું; કારણ કે તે પ્રથમ ઉદાર સ્વભાવનો જણાતો હતો તથા તેની કેટલીક રીતભાત મન આકર્ષે તેવી હતી. તે એમ ધારતી હતી કે તેની ઉદ્ધતાઇ તેના આનંદી સ્વભાવને લીધે હતી; અને તે થોડીક વખતમાં કોઇક સારે ધંધે વળગશે: પરંતુ તેણે આ આશા અને તેના તરફનું વલણ પોતાના પિતા સિવાય સર્વથી છાનાં રાખ્યાં હતાં. વાઇલ્ડ ઉવીલને "ફ્રેની મને ચહાય છે" એમ માનવામાં ઉમેરો કરવાનું કાંઇપણ ચિન્હ તેણે બતાવેલું નહોતું. તેના પિતાનો આ જુવાનિયા માટે સારો વિચાર નહોતો, અને ઉવીલને તરતજ નિકટ સંબંધમાં નહીં લાવવાને ફ્રેનીને તેણેજ શીખામણ આપી હતી. તેનો લખેલો કાગળ એટલો બધો ખરાબ હતો કે તે વાંચતાં કાંઇ પણ અર્થ બેસે નહિ. પત્રની મતલબ એવી હતી કે ફ્રેનીએ પોતાના ઘરમાંથી છાનામાના નિકળીને ઉવીલની સાથે પરગામ નાસી જવું.

* * * * * *

પહેલીવાર જ્યારે આ કાગળ વાંચ્યો ત્યારે પોતાની સ્થિતિમાં ફેરફાર થવાથી **જીલ્ટિંગ જેસીની** માફક તેના ચાહનારાએ પોતાનું મન ફેરવી ન નાંખ્યું તેને માટે ફેની કંઇક ખુશી થઇ; પરંતુ જ્યારે તેણે તે કાગળ બીજીવાર વાંચ્યો ત્યારે તેને માલૂમ પડ્યું કે આવો નિમકહરામ પુત્ર, નિમકહલાલ પતિ થઇ શકે એ અસંભવિત છે. તેણે વિચાર્યું કે "મતભેદ પડવાને લીધેજ તે મને વધારે ને વધારે ચહાય છે; કારણ કે તેનાજ કહેવા પ્રમાણે જ્યાં સુધી તેની માતુશ્રી એના સામી નહોતી થઇ ત્યાં સુધી તે મને વધારે ચહાતો નહોતો." એ કાગળને છેડે લખેલું હતું કે "પાછળ જુઓ" પરંતુ એજ લખાણ એટલું બધું ચહેરાઇ ગયું હતું કે **ફેનીએ** એમજ ધાર્યું કે એને પોતાનું કામ લખ્યા પછી હમેશાં રમકડાં કહાડવાની ટેવ પડી છે, તેવું આ એક રમકડું હશે," તેથી કરીને તે કાગળ જ્યારે તેણે તેના પિતાના હાથમાં મૂક્યો ત્યારે અથવા તે પહેલાં તાજા કલમ વાંચી નહોતી. એના પિતાએ "પાછળ જુવો" એ ઉકેલ્યું અને કાગળ ફેરવી વાંચ્યું. તેની મુખ્ય મતલબ એ હતી કે હું જાણું છું કે તારો બાપ મને ચહાતો નથી, તેમ તારા ભાઇ પણ આડા આવશે, તો પણ હું તેમની દરકાર રાખતો નથી; તારી ખુશી હશે તો મારી ધારણા પાર પાડવાને સમર્થ છું વિગેરે.

ફેનીને આથી એટલું બધુ લાગ્યું કે તે તદન આભીજ બની ગઇ, તેના મુખનું સર્વ નૂર ઉડી ગયું અને જો તેના પિતાએ તેને ઝાલી લીધી નહોત તો તે મૂર્ચ્છા ખાઇને નીચે પડત. તેને શુદ્ધિ આવી અને બોલવાની જરાક શક્તિ આવી કે તરતજ બોલી ઉઠી કે "ઉ-**વીલ્યમ**પર મારી જે થોડિકે મમતા હતી તેનાપર મેં આજે પાણી ફેરવી દીધું છે." પછી પોતાના બાપે પ્રથમથી એની ચાલ વિષે ચેતવણી આપી હતી તેને માટે તેનો ઉપકાર માનવા મંડી. તેણે કહ્યું "અરે પિતાજી ? તમે મને તમારી સાથે કાંઇપણ વાત કરતાં બીવાની સાફ મના કરી હતી તેને લીધે મને કેટલું બધું સુખ થયું છે ! જો એમ ન થયું હોત તો હું કદી પણ તમને મારા મનની વાત કહેત નહિ, અને હું આ વખતે કેવા છળપ્રપંચના પાસમાં પડી હોત તેનો તમેજ વિચાર કરો ! જો તમારૂં કહેવું મેં લક્ષમાં ન લીધું હોત તો આ માણસને મેં ઉત્તેજન આપ્યું હોત, અને

તેથી તેના વિષેના મારા વિચારમાં કદીપણ ફેરફાર થાત નહિ. તો પછીથી મારી શી વલે થાત! ઇશ્વર જે મતી સુઝાડે તે સારાને માટેજ.!"

અત્રે કહેવાની કંઇપણ અગત્ય નથી કે આ પત્રના ઉત્તરમાં **ફેનીએ ઉવીલ**ને માથામાં વાગે તેવી ના પાડી. **ફ્રેંકલાંડ** અને **એટ-સ્વર્થ્સ**ના કુટુંબ વચ્ચેના સઘળા વ્યવહારનો હવે અન્ત આવ્યો. **ફેની ઉવીલ**ની સાથે પરણી નહિ તેથી તે ગુસ્સે થયો હતો, અને **ફ્રેંક જેસિપર** હવે ફિદા નહોતો થઇ જતો તેથી તે પણ તેટલીજ કરડાકીથી જોવા લાગી. તેઓએ હવે **ફ્રેંન્કલાંડ**ના કુટુંબ પ્રત્યે ધિક્કારવૃત્તિથી જોવા માંડયું અને જાણે તે પોતાથી હલકી પંક્તિના હોય તેમ વર્તવા લાગ્યાં. કેપ્ટન **એટસ્વર્થ્સ** જે ભવિષ મૂકી ગયો હતો તેનો આશરો ૨૦૦૦૦૦ રૂપિયાનો હતો. તેમના શહેરમાં રહેનારા સૌથી ધનાઢ્ય માણુસની માફક મોજશોખથી રહેવામાં, સારાં સારાં મિષ્ટાન ખાવામાં, તથા સદ્દગૃહસ્થ ગણાવા બહોળે હાથે જેમ ફાવ્યું તેમ ખર્ચ કરવામાં, આ પૈસા વાપરવાનો તેઓએ નિશ્ચય કર્યો હતો હમણાં તો **એટસ્વર્થ્સ**ના કુટુંબને તેમના નવા ભભકામાં ડોલતા મૂકી **ફ્રેંકલાંડ** અને તેના કુટુમ્બની સાદી પણ બોધદાતા વાર્તા આગળ ચલાવીએ.

પ્રકરણ ૨ જું.

જે વસ્તુઓ વિષે શોધ અને મનન કરવાની ફરજ છે તે વસ્તુઓ સંબંધી અજ્ઞાનતા દુષ્ટ દુર્ગુણનું કારણ છે.

મિ૦ ફ્રેંકલાંડે ઘણાં વર્ષ સૂધી ખંત રાખી મહેનત કરી પોતાનું ક્ષેત્ર એવું તો સારૂં કર્યું હતું કે તેની સ્થિતિના માણસો સાથે સરખાવતાં તે તાલેવન્ત હતો. તેનું ઘરબાર, બાગ, ખેતર અને તેની આસપાસની જગા એવી તો સ્વચ્છ અને સુખદાયક હતી કે તે રસ્તેથી જતા આવતા મુસાફરો "અહિં કોણ રહે છે?" એવું પુછ્યા વગર આગળ પગલું ભરતા નહોતા. વટેમાર્ગુઓના જોવામાં ફક્ત બહારનો ભાગજ આવતો, પણ **ફ્રેંકલાંડના** ઘરના અંદરના

ભાગની સાથે સરખાવતાં તે બહારનો ભાગ કંઇ સૌથી સારામાં સારો નહોતો. જો કદાપિ તેઓએ ડોકિયું કરી અંદર જોયું હોત તો જે સુખ, કુટુંબની ઐક્યતાથી મોટા ભૂપતિના મહેલમાં કે ગરીબની ઝુપડીમાં સરખી રીતે ભોગવાય છે તે સુખશાન્તિનું દર્શન તેમને ત્યાં થાત.

મિ૦ ફ્રેંકલાંડ પોતાના છોકરાઓને દુનિયાદારીમાં ધંધે વળગાડવાની ચિંતામાં પડયો હતો. પોતાના ક્ષેત્રની સંભાળ લેવા માટે **જ્યોર્જને** ઘર આગળ પુષ્કળ કામ હતું, **જેમ્સે મન્મથ** શહેરમાં મણિયારની દુકાન કહાડવાની ઇચ્છા બતાવી તેથી તેને માટે માલ મંગાવ્યો તથા દુકાન પણ ભાડે લીધી, પરંતુ ભાડે લીધેલી દુકાનના છાપરાના એક ભાગમાંથી વરસાદનું પાણી અંદર આવતું હતું, તેથી જ્યાંસૂધી એ છાપરાની મરામત ન થાય ત્યાં સુધી તે ત્યાં રહેવાને ખૂશી નહોતો, અને તેથી સઘળો માલ પોતાના પિતાને ઘેર મૂકાવ્યો. એ ઘર મન્મથ શહેરથી એક ગાઉ દુર હતું. **જેમ્સની** ખૂશીથી તેના બેન **પૅટીએ** તેનો માલ ઉઘાડયો અને દરેક ચીજપર દુકાનની નિશાની કરવા લાગી. મોડી રાત્રે જ્યારે ઘરનાં સર્વ માણસ ઘસઘસાટ ઊંઘી ગયાં હતાં ત્યારે પૅટી ફક્ત રીતની બાકી રહેલી પેટીપર નિશાન કરવા બેસતી હતી; પણ બત્તી તદન બળી ગઇ હતી, તેથી નવી બત્તી લેવાને જેવી બારીમાં થઇને તે જતી હતી તેવામાં બહાર પુષ્કળ અજવાળું તેણે દીઠું. તપાસ કરતાં માલૂમ પડયું કે પોતાના ઘાસની ગંજી સળગી ઉઠી છે. તરતજ તે પોતાના બાપ તથા ભાઇઓને બોલાવવા દોડી ગઇ. તેમણે બધાએ આવી લાગેલી ગંજી હોલવવાને અને રહેવાનું ઘર બચાવવાને બનતો શ્રમ કર્યો; પરંતુ પવન જોરમાં અને ઘર તરફનો વાતો હતો તેથી સઘળી મહેનત વ્યર્થ ગઇ. હોલવવાનું કામ જેટલી ઝડપથી ચાલતું હતું તેના કરતાં ઘણીજ ઝડપથી અગ્નિ ફેલાતો હતો, તેથી એક કલાકની અંદર ઘર પણ સપાટાબંધ બળવા માંડયું. આ વખતે છોકરાઓએ સૌથી પહેલી સંભાળ એ લીધી કે તેમણે પોતાના વૃદ્ધ પિતા અને વહાલી બેનોને બચાવી બહાર કાઢયાં. ત્યાર પછી સઘળી સમયસૂચકતા વાપરી ઘરમાં જે ચીજ ઘણી કીંમતી અને હાથ આવે તેવી હતી તે એકઠી કરી બહાર લાવ્યા; તથા ગરીબ **જેમ્સે** વેચવા

આણેલું કાપડ બચાવવાને સખ્ત મહેનત કરી. આશરે ત્રણ વાગ્યાને સુમારે અગ્નિનું જોર નરમ પડયું. દિવસના અજવાળાએ તેમના નુકશાનના દેખાવની દીલગીરી તાજી કરી નહિ ત્યાંસુધી થોડોક વખત બધાએ ઘરનો એક ભાગ પડેલો હતો તેમાં આરામ લીધો. ઘાસ દાણો વગેરે જે ચીજ ક્ષેત્રમાં હતી તે સર્વ બળી ગઇ હતી, અને ઘરની દીવાલો તથા અર્ધા બળેલા મોભ ફક્ત બચ્યા હતા. પરંતુ ત્યાં રહી શકાય તેમ નહોતું. એવી ગણત્રી કરવામાં આવી કે આ આગથી પાંચ હજાર રૂપિયાનું નુકશાન થયું હતું.

ઘાસની ગંજી શી રીતે સળગી તે કોઇના જાણવામાં આવ્યું નહિ. એ ગંજી જયોર્જે ખડકી હતી, તેણે એમ માન્યું કે બરોબર સૂકાયા સિવાયનું ઘાસ ખડકવામાં આવ્યાથી અગ્નિ પ્રગટ થયો, અને તેથી તે પોતે પોતાનો બેહદ તિરસ્કાર કરવા મંડયો. તેના પિતાએ કહ્યું કે. ગંજી ખડકતી વખતે ઘાસ મેં તપાસ્યું હતું અને સૂંઘ્યું પણ હતું. એ ઘાસથી કાંઇપણ હરકત પહોંચે એમ તે વખતે મને જણાયું નહોતું. આથી ગરીબ જયોર્જનું અંતઃકરણ સહેજ સંતોષ પામ્યું; પરંતુ પૅગીએ જે શાળો સ્વભાવ બતાવ્યો તેને લીધે તેને વધારે સંતોષ થયો. એ ભલી છોડી કેટલાક કોયલાવાળી એક ડોલ લેઇ આવી, અને કહ્યું કે તે ઘાસની ગંજી પાસે પડેલી હતી; આ વખતે દાસી ત્યાં હાજર હતી. અગર જો કે તે બેફિકરી હતી તથાપિ પ્રમાણિક હતી. તેણે ઉતરેલે મ્હોડે પરન્તુ નિખાલસ મનથી કબૂલ કર્યું કે, 'ગઇ સાંજે મેં ભૂલથી એ ડોલ ગંજી પાસે મૂકી હતી. હું ચોકમાં થઈને ખાડામાં રાખોડી નાંખવા જતી હતી; પરંતુ સામેની ગલીમાંથી મારા સ્નેહીની સિસોટીનો સાદ મેં સાંભળ્યો તેથી તેને મળવા જવાને એકદમ ત્યાં મૂકી અને રાખોડી ત્યાંને ત્યાંજ રહેવા દીધી. મેં ધાર્યું કે એમાં દેવતા નહિ હોય.' પોતાના બચાવમાં તે આટલુંજ કહી શકી. તેના માયાળુ શેઠે તેને એ બેફિકરાઇને માટે ક્ષમા આપી, અને બોલ્યો કે 'દાસીએ પોતાની મેળેજ પોતાને અત્યંત ઠપકો દીધો છે તેથી હું એને કાંઇ પણ કહેવા ઇચ્છતો નથી.' આ પ્રમાણે જ્યારે તેનો શેઠ બોલ્યો ત્યારે તે પોતાને વધારે નિંદવા લાગી, છાતીફાટ રડવા લાગી, અને જ્યારે તેને એક સખ્ત કામે વળગાડી ત્યારેજ તેને કંઇક દીલાસો મળ્યો.

મિ૦ **ફ્રેંકલાંડના** કુટુમ્બે મિથ્યા શોક કરવામાં પોતાનો વખત ગાળ્યો નહિ, ઘર વગેરે ફરીથી બાંધવા સારૂ રોકડા નાણાંની જરૂર હતી; તેથી **જેમ્સે** પોતાનું બચેલું કાપડ એક કાપડિયાને વેચી દીધું, અને ઉપજેલા પૈસા પોતાના પિતા પાસે રજુ કર્યા. તેણે કહ્યું કે, પિતાજી ! જ્યારે તમે પૈસા આપવાને શક્તિવાન્ હતા ત્યારે તમે મને આ પૈસા આપ્યા હતા; પરંતુ હાલમાં તમારે તેની ઘણી જરૂર છે અને મારે એના વગર ચાલશે. હું **મન્મથ** શહેરમાં જઇને કોઇની દુકાને ગુમાસ્તો બેસીશ, ધીમે ધીમે આગળ વધીશ, અને મારૂં ભરણ પોષણ સારી રીતે કરીશ. જો હું આવી રીતે ન કરૂં તો તમે મને જે કેળવણી આપી છે તેનાપર પાણી ફરી વળે. ' મિ૦ **ફ્રેંકલાંડે** આનંદાશ્રુ સાથે તે પૈસા લીધા અને કહ્યું કે આવા વખતે આનંદ માનવો એ કોઇને વિચિત્ર લાગે; પરંતુ સારાં છોકરાં હોવાથી આપોઆપજ આનંદ થાય છે. જ્યાંસુધી આપણે આવી રીતે એક બીજાને મદદ કરવાને તૈયાર છીએ ત્યાંસુધી ગમે તેમ થાઓ તથાપિ આપણે કદી ભિખારી અવસ્થામાં આવી પડવાના નથી. તેમ કોઈપણ રીતે આપણને હરકત હેલો પણ આવવાનો નથી. હવે આપણે ઘર બાંધવાનો વિચાર કરીએ. **ફ્રેંક** ! મને મારી ટોપી આપ. આ હાથમાં મને વા આવ્યો છે, અને આગ લાગી તે વખતની મને શરદી થઇ છે; પરંતુ કામ કરવાથી તે સઘળું મટી જશે એમ લાગે છે. મારે આળસુ થવું ના જોઇએ; આટલા બધા ઉદ્યોગી યુવાનોમાં હું આળસુ થાઉં તો મારે શરમાવું પડે.

આ બન્યા પછી કેટલેક દીવસે મિ૦ **ફ્રેંકલાંડ** અને તેના છોકરાઓ સખ્ત મહેનત લઇ ક્ષેત્રમાં કામ કરતા હતા તેવામાં એક બદશિકલ માણસ ઘોડાપર બેશી ત્યાં આવ્યો, અને "તમારૂં નામ **ફ્રેંકલાંડ** કે?" એમ પુછી જોઇ દરેકના હાથમાં એકેકું કાગળિયું આપ્યું. એ કાગળિયાં એવી મતલબની નોટીસનાં હતાં કે " તમે હાલ જે ગણોત આપોછો તેથી બમણું આપવાની ખુશી ના હોય તો આવતા મહિનાની પહેલી તારીખ સુધીમાં આ જમીન છોડી દેવી. " આ નોટીસ વાંચી વૃદ્ધ **ફ્રેંકલાંડે** તે લાવનારને ઠંડે પેટે કહ્યું કે, સાહેબ આમાં કાંઈ ભૂલ થઇ હોય એમ માલૂમ પડેછે.' તે માણસે જવાબ દીધો કે 'બિલકુલે ભૂલ

નથી. તમને માલૂમ પડશે કે આ નોટીસ ખરી છે અને ખરી રીતે બજાવવામાં આવી છે. મેં થોડા દિવસપર તમારૂં ગણુવટ જોયું છે તેથી જણાય છે કે ગયા બે માસમાં એની મુદ્દત પૂરી થઇ ગઇ છે, અને તમે કાયદા અને ઇન્સાફથી ઉલટા વર્તિ અગિયાર માસ વધારે કબજે રાખ્યો છે.' આ સાંભળી ફ્રેંક ગુસ્સાથી રાતો પીળો થઇ ગયો, અને વચ્ચે બોલી ઉઠયો કે 'મારા પિતા એમની આખી જીંદગીમાં કદી પણ ન્યાય અને કાયદાથી ઉલટા વર્ત્યા નથી.' વૃદ્ધ **ફ્રેંકલાંડે** ફ્રેંકના બરડે હાથ મૂકીને કહ્યું કે 'પ્યારા ફ્રેંક, શાન્ત થા શાન્ત! શાન્તિથી અમને એને ખુલાસો કરવા દે. પછી તેણે નોટીસ લાવનારને કહ્યું કે, 'સાહેબ અહીંયાંજ ભૂલ છે. મારા ગણુવટની મુદ્દત ગયા બે માસમાં પૂરી થઇ ગઇ એ વાત ખરી; પરંતુ મારા હસિલ દેશાઇએ ફરી ગણુવટ કરી આપવાનું મને વચન આપ્યું હતું.' તે માણસે એક ચોપડી તરફ જોઇને જવાબ દીધો કે હું એ બાબત કાંઇ જાણુતો નથી. તમે હસિલ દેશાઇ કોને કહોછો તે હું સમજી શકતો નથી. "હસિલ" કરી કોઇ આદમીનું વર્ણન કરવું એ કાંઇ રીત નથી; પરંતુ જો તમે **ફ્રાન્સિસ ફ્રેલિંગ્સબી** વિષે કહેતા હો તો મારે કહેવું જોઇએ કે તે ગૃહસ્થ ચાલતા મહિનાની ૧૭ મી તારીખે ગુજરી ગયા.

ફ્રેંકલાંડ એકદમ બોલ્યો "શું મારા ભલા શેઠ ગુજરી ગયા?!! અરેરે! હું ઘણોજ દિલગીર છું!!" પેલા ગૃહસ્થે કંઇ પણ શોક દર્શાવ્યા વગર પ્રથમ પ્રમાણેજ ઉત્તર દીધો કે "તેનો ભત્રિજો **ફિલિપ-ફ્રેલિંગ્સબી** તેનો કાયદેસર વારસ થયો છે, અને એના તરફનું મુખત્યારનામું લેઇ હું તેનું કામ કરૂંછું." **ફ્રેંકલાંડે** કહ્યું, પણ મારો ગણુવટ નવેસરથી કરી આપવાનું જે વચન આપવામાં આવ્યું હતું તે વિષે મિ૦ **ફિલિપ ફ્રેલિંગ્સબી** કાંઇ જાણતા નહિ હોય. તેણે કહ્યું 'તમો જાણતા હશો કે મોંથી આપેલું વચન સાક્ષી સિવાય કાંઇ પણ ઉપયોગનું નથી. એ અવાળે બાચકા ભરવા જેવું છે. એવા વચનને માટે મરનારના વાલીવારસો ન્યાય કે કાયદાની રીતે બંધાયેલા નથી. એ વચન જો સ્ટામ્પપર કે સાદા કાગળપર પણ લખેલું હોત તો તે એક જુદી વાત હતી.' **ફ્રેંકલાંડે** કહ્યું, ખરૂં છે સાહેબ! એ વચન લખેલું નહોતું; પરંતુ મેં ધાર્યું કે મારા હસિલ શેઠનું વચન લખેલાની બરોબર છે અને તેમ મેં મારા શેઠને કહ્યું પણ હતું.

એટલામાં ફ્રેંક બોલી ઉઠયો કે, "હા, ખરી વાત: જ્યારે તમે દેશાઇજીને ઉપર પ્રમાણે કહેતા હતા ત્યારે હું તમારી પાસેજ હતો. તેમણે કહ્યું કે 'મારૂં વચન હું લખીત કરી આપીશ. પ્રમાણિક માણસોને એની ઓછીજ જરૂર છે. પરંતુ મારૂં શું થશે તે કોણ જાણે છે? અને મારા પછી કોણ જાણે કોણે ધણી થાય. માટે ધંધા સંબંધી દરેક કામ લખીતજ હોવું જોઇએ. હું મારા એક પણ ખેડુતને ડગમગતી હાલતમાં રાખવાનો નથી. તમે તમારૂં ક્ષેત્ર સૂધાર્યું છે અને તે મહેનતનું ફળ લેવાને તમે લાયક છો.' ઉપર પ્રમાણે વાત ચાલતી હતી તેવામાં કેટલાક મિત્રો તેમને મળવા આવ્યા તેથી ગણુવટ લખી આપવાનું તેમણે મુલતવી રાખ્યું. બીજે દિવસે તે ઉતાવળથી શહેરમાં ગયા અને મને ખાત્રી થાય છે કે એમણે એમજ ધાર્યું હશે કે ગણુવટ લખી આપ્યું છે."

પેલા ગૃહસ્થે જવાબ દીધો કે, 'બહુજ સારો પુરાવો! પરંતુ તે પ્રસ્તુત વિષયને જરાએ લગતો નથી. મુખત્યાર તરીકે મારે મારા શેઠના હુકમ સિવાય બીજું કાંઇ પણ જોવાની જરૂર નથી. જો કદાપિ તમે લેખ બતાવો તો વળી બીજો વિચાર કરી શકાય. વારૂં હવે હું જાઉં છું. "ગમે તો બમણું ગણોત આપો અગર ક્ષેત્રનો કબજો છોડો" એ મતલબની નોટિસ મેં તમને પહોંચાડી છે તે બરોબર યાદ રાખજો.

તેના ગયા પછી ફ્રેંકે પોતાના પિતાને કહ્યું કે 'મિ. ફિલિપ ફોલિંગ્સબી તમારૂં કહ્યું માનશે. હુ ધારૂંછું કે તે સદ્‌ગૃહસ્થ છે, તેથી વકીલની માફક વાત કરનાર આ નવા મુખત્યાર જેવો નહિ હોય. હુ સઘળા વકીલોને ધિક્કારૂંછું.' તેના પિતાએ જવાબ દીધો કે ફ્રેંક! તારે એમ કહેવું જોઇએ કે "સઘળા અપ્રમાણિક વકીલોને હું ધિક્કારૂં છું." અગર જો કે મિ૦ ફ્રેંકલાંડના સ્વભાવની ઘણીએ અજમાએશ લોકો તરફથી થતી તોપણ તે કદી કોઇનો જીવ દુઃખાય તેવું બોલતો નહિ, કે કોઇને મર્મ વાકય પણ કહેતો નહીં, અને તેથીજ તેણે ફ્રેંકના વાકયને ઉપર પ્રમાણે સૂધાર્યું હતું.

ઉપરની બાબતને થોડાક દિવસો વીત્યા બાદ નવો શેઠ પોતાના પરગણામાં ફરવા આવ્યો, અને વૃદ્ધ ફ્રેંકલાંડ તેને સલામ ભરવા

ગયો. પણ આ શેઠને મળી શકવાની આશા નહોતી. આ વખતે તેનું મન ગાડી વાડીમાં રોકાયલું હતું, કામપર તેને કંટાળો હતો, મોજમજા એજ એનો ધંધો થઇ પડયો હતો. પૈસો એ મોજશોખ ભોગવવાનું સાધન છે, અને જાગીરના ખેડુતો તે પૈસો પેદા કરવાનું યંત્ર છે એમ તે ધારતો હતો. તે કાંઇ લોભી કે નિર્દય નહોતો, પણ અવિચારી અને ઉડાઉ હતો. જ્યારે તેના હાથમાં કાંઇ પણ અખ્તિયાર નહોતો અને ભાતભાતની મજા મારવામાં કાળ ગુમાવતો, તે વખતે તેના બરોબરીઆમાં એથી કોઇને નુકસાન નહોતું. પરંતુ જ્યારે તે એક મોટી જાગીરનો ધણી થયો ત્યારે તેનાથી હલકી પંક્તિના માણસોને અને તેના ખેડુતોને એ દુર્ગુણથી ભારે ખમવું પડતું.

ખેડુત મિ૦ **ફ્રેંકલાંડ** કેટલાક વખતથી તેના શેઠ મિ. **ફ્રેલિંગ્સબીની** વાટ જોઇને તેના ઘર અગાડી ઉભો રહ્યો હતો. જ્યારે એ શેઠે બગીમાં બેસી ઘોડાની લગામ હાથમાં ઝાલી ત્યારે તેની બગી પાસે આવી ઉભો રહ્યો અને ટોપી ઉતારી માન આપ્યું. જેવી તેણે ટોપી ઉતારી તેવાજ તેના વૃદ્ધાવસ્થાને લીધે સફેત થયેલા વાળ પવનથી ઉડીને મોંપર આવ્યા, આ જોઇને મિ. **ફ્રેલિંગ્બીએ** કહ્યું, મારા મિત્ર! તમે ટોપી પેહેરો અને આ ઘોડાથી દૂર રહો; કારણ કે વખતે તે વગાડી બેસે એવો છે. કેમ તમારે મને કાંઇ કહેવું છે?' વૃદ્ધ **ફ્રેંકલાંડે** કહ્યું, સાહેબ, આપની સાથે વાત કરવાને કેટલાક કલાકથી હું અહિં આવી ઉભો છું, પરંતુ જો હમણાં આપને ફુરસદ ન હોય તો કાલે સવારે ફરીથી આવીશ.' મિ. **ફ્રેલિંગ્સબીએ** કહ્યું હા એમજ કરો. હાલ મારે ઘણું કામ છે તેથી એક મિનિટ પણ વિલંબ કરી શકું તેમ નથી; એમ કહી જાણે આખી દુનિયાનું ભલું જોરભર ઘોડા દાડાવ્યાથીજ થતું હોય એવા ડોળથી બગી મારી મૂકી.

તે પછી ઘણા દિવસ સૂધી આ વૃદ્ધ ખેડુત તેને મુકામે ગયો પરંતુ મુલાકાત થઇ નહિ. અને જ્યારે મળે ત્યારે એજ જવાબ મળતો કે "કાલે આવજો." કેટલાક કાગળો લખ્યા તેમાંથી એકનો પણ જવાબ મળ્યો નહિ. આખરે કંટાળીને તેણે એ દેશાઇના ખીમતગારને રૂ ૫) આપીને મુલાકાત કરી. આ વખતે મિ૦ **ફ્રેલિંગ્સબી** બૂટ પહેરતો હતો અને ઘોડાઓ તૈયાર થઇને ત્યાં આવતા

હતા. **ફ્રેંકલાંડે** વિચાર્યું કે જેમ બને તેમ ટૂંકામાં વાત પતાવી દેવી. તેથી પોતાની ખરી હકીકત ઝટ જાહેર કરી, પોતે કેટલાક વર્ષથી ખેતર સંભાળે છે, કેવો સુધારો કર્યો છે, અને પાછળથી પોતા ઉપર કેવો દૈવકોપ થયો છે તે સર્વ કહ્યું. નવો પટો કરી આપવાનું વચન અને ખેતર છોડી દેવાને મળેલી નોટિસ, સંબંધી વાત ઉપાડતો હતો તે વખતે દેશાઇજી બૂટ પહેરી રહ્યા હતા. તે બોલ્યા કે, 'પટો નવો કરી આપવાનું વચન શું? હું એ વિષે કંઇપણ જાણતો નથી. ક્ષેત્ર છોડી દેવાની નોટીસ સંબંધી કામ મારા મુખત્યારનું છે. એ બાબત એને કહો. એ તમારી સાથે ન્યાયથી વર્તશે. મિ. **ફ્રેંકલાંડ**! તમારે માટે હું ઘણો દિલગીરછું—ખરેખર હું અત્યંત દિલગીર છું. મુવો આ બૂટ બનાવનાર. તમને માલૂમ છે કે હમણાં હું કેવી સ્થિતિમાં છું! મને એક મિનિટની પણ ફુરસદ મળતી નથી. ફક્ત થોડાજ દિવસ માટે અમે પ્રગણામાં આવીએ છીએ. કાલ ઘોડાની સરતોમાં મારે જવું છે, તેથી મને નવરાશ નથી. માટે મારા મુખત્યાર મિ. **ડીલને** એ વિષે વાત કરજો. મારા બધાં કામ મેં એને સોંપ્યાં છે. મને ખાત્રી છે કે એ તમારી સાથે ન્યાયથી વર્તશે. **જેક**! જો પેલો ઘોડો આવ્યો કે,—

આ અવિચારી યુવાન દેશાઇની પાછળ પાછળ જઇને વૃદ્ધ **ફ્રેંકલાંડે** તેને કહ્યું કે, "એ બાબત મિ. ડીલને મેં કહ્યું, પરંતુ તે એમ કહે છે કે, લેખ વગર મોંનું વચન અવાળે બાચકા ભરવા જેવું છે, અને તેથી આપના સિવાય બીજું કોઇ મારી દાદ સાંભળે તેમ નથી. સાહેબ! હું ખાત્રીથી કહું છું કે, હું આળસુ ખેડુત નથી. મારૂં ક્ષેત્રજ એ વિષે આપને ખાત્રી કરી આપશે," દેશાઇએ જવાબ આપ્યો કે "એ પ્રમાણે મિ૰ **ડીલને** કહો અને સમજાવો. આવી દરેક બાબત હું તેનેજ સોપું છું. અરે મને ખાત્રી છે કે તે તમારી સાથે ન્યાયથી વર્તશે. કામ કરવાને મને જરાએ નવરાશ નથી."

તરૂણ દેશાઇનો જવાબ 'હાડીઆને મન હસવુંને દેડકાનો પ્રાણ જાય' તેવો હતો. એજન્ટ ઉપર વિશ્વાસ રાખવામાં તે ભૂલતો હતો. **ફ્રેંકલાંડનું** ક્ષેત્ર લેઇ લેવા માટે કોઇ બીજા માણસે મિ. **ડીલને** સમજાવ્યો હતો, તે સાથે એક હુંડી પણ તેને લાંચ તરીકે આપી હતી. આથી મિ. **ડીલ** **ફ્રેંકલાંડની** વિરૂદ્ધ ચાલી તેનું કહેવાનું માનતો નહિ. ધ-

ર્મીને ઘેર ધાડ ! આખરે તેણે એ ખેતર **ફ્રેંકલાંડ** પાસેથા લેઇ લીધું અને કૃત્રિમ દીલગિરિ દર્શાવી કહ્યું કે મારાથી અન્યાયે કેમ વર્તાય. નવા ખેડુતે તમારા ઝુંપડાને ઠેકાણે એક ગૃહસ્થ રહી શકે તેવું ઘર બાંધવા કબૂલ કર્યું છે.

આ નવા કરારની મિ૰ **ફ્રાલિંગ્સબીને** કંઇપણ ખબર નહોતી. તેણે વગર વાંચ્યે પટાપર સહી કરી આપી હતી; અને પટા પ્રમાણે ન વર્તે તો ગુન્હેગારી તરીકે અર્ધિ સાંથ પ્રથમથી લેઇ લીધી હતી. અગર જો કે તે મોટો જાગીરદાર હતો તોપણ રોકડ નાણાંની તેને ઘણી વાર જરૂર પડતી, પોતાના શેઠને કામનો કંટાળો હતો તે છતાં તેને રાજી રાખવાને મિ. **ડીલ** બરાબર તજવીજ રાખતો. પોતાના વચનથી જુદા પડી બોલ્યુ અબોલ્યુ કરી, એક જુના અને લાયક ખેડુતને છેતરવાનું વૃદ્ધ **ફ્રાલિંગ્સબીને** કંઇપણ કારણ નહોતું. પરંતુ જૂના પટા જે વખતે તેને મોકલવામાં આવ્યા તે વખતે **ફ્રેંકલાંડ** સાથે થયેલી વાતચિત તે તદ્દન વિસરી ગયો હતો. પરન્તુ તેનું વિસ્મરણ **ફ્રેંકલાંડ**ના કુટુંબને ઘણું દુઃખકરતા તથા આપત્તિના મૂળ રૂપ થઇ પડયું.

પ્રકરણ ૩ જું.

જ્યાં વિશ્વાસ છે ત્યાં નિમકહલાલીને માન મળે છે અને તેનો બદલો કવચિતજ મળતો નથી.

જે દિવસે તેઓએ પોતાનું ક્ષેત્ર છોડયું તે દિવસ આ કમનશીબ કુટુંબને માટે ખરેખરો દિલગીરી ભરેલો હતો. મી. **ફ્રેંકલાંડ** ના બાપદાદા, **ફ્રાલિંગ્સબી** કુટુંબના નિમકહલાલ ખેડુત હતા. આ સઘળાઓએ ક્ષેત્રમાં કાંઇ કાંઇ ને કાંઇ પણ સુધારો કર્યો હતો. જ્યારે આ વાત સર્વના જાણવામાં આવી ત્યારે આડોશી પાડોશીઓને ઘણીજ દયા ઉત્પન્ન થઇ અને મિ. **ફ્રાલિગ્સબી**પર ધીક્કારનો વરસાદ વરસાવા મંડયા. પરંતુ આ વખતે મિ. **ફ્રાલિગ્સબી** તો **આટકોટની** સરતોમાં મશગૂલ થઇ રહેલો તે શાનો સાંભળે ? સરતોમાં

જઈ પોતાના જીવજાન ઘોડાપર બેશી જ્યારે તે હજારો રૂપિઆની સરતો ખેલતો હતો તે વખતે આ વૃદ્ધ માણસ પોતાના કુટુંબને સાથે લઇને એક નાની ભાગીતૂટી ગાડીમાં બેસી નાની નેળને રસ્તે થઇ, જે ક્ષેત્ર પોતે ખેડયું હતું, અને જેની અંદર પોતે વાવણી કરી હતી, પરંતુ જેની પેદાશ તે કદી પણ લેવાનો નહોતો તે ક્ષેત્રને છેલ્લી સલામ કરતો ધીમે ધીમે જતો હતો.

ઘાસની ગંજી પાસે દેવતાની ડોલ ભૂલીજવાને માટે જેણે પોતાનેજ અતિ ઠપકો દીધો હતો તે **હાના** નામની દાસી આ વખતે પોતાના શેઠને મદદ કરવામાં બિલકુલે પછાત નહોતી. આ વખતે તો જાણે તેનામાં બમણું જોર આવ્યું હોય તેમ દીસતું હતું, અને અત્યાર સૂધીમાં તેનામાં નહિ માલૂમ પડેલી હોશિયારી અને સમયસૂચકતાનાં કેટલાંક ચિન્હો ઝળકવા લાગ્યાં; પરંતુ ખરૂં જોતાં ઉપકાર વૃત્તિને લીધેં તેનામાં આ ફેર થયો હતો.

તે **ફ્રેંકલાંડના** કુટુંબમાં રહેવા આવી તે પહેલાં એક ખેડુતને ત્યાં રહેતી હતી. તે ખેડુતને એક નાનું ક્ષેત્ર હતું અને તેમાં નાનું પણ સગવડ ભરેલું ઘર હતું. **હાનાને** યાદ આવ્યું કે ક્ષેત્રનો પટો ચાલતા વર્ષમાં પૂરો થવાનો છે, તેથી તે, પોતાને જે કરવાનું હતું તે સંબંધી કોઇને એક અક્ષર પણ કહ્યા કથ્યા વગર એક દિવસ સવારમાં ઉઠીને પંદર માઇલ સૂધી ચાલી પોતાના જૂના શેઠને ત્યાં ગઈ. અને જો તે શેઠ એક વર્ષની સાંથના રૂપિઆ અગાઉથી લે તો પોતાના છ સાત વર્ષના એકઠા કરી મૂકેલા પગારમાંથી આપવાનું કહી **મિ. ફ્રેંકલાંડને** તે ક્ષેત્ર આપવા માગણી કરી. પણ તેના જુના શેઠ તે દાસીના પૈસા લેવાની સાફ ના પાડી; કારણ કે મિ. **ફ્રેંકલાંડ** અગર તેના છોકરા **જ્યોર્જ** તરફની તેને કાંઇ પણ જામીનગીરીની જરૂર નહોતી, તેણે કહ્યું કે "તેમની શાખ ઘણીજ સારી પડેલી છે અને **મન્મથ** પ્રગણામાં ખેતીનું કામ તેમના કરતાં સારૂં કોઇપણ સમજી શકતું નથી." તેણે ઘણી ખૂશીની સાથે પોતાનું ક્ષેત્ર **મિ. ફ્રેંકલાંડને** આપવા કબુલ્યું, પરંતુ તે ક્ષેત્ર થોડાજ એકરનું હતું અને ઘર પણ એટલું બધું નાનું હતું કે તેમાં ત્રણ માણસ કરતાં વધારે ભાગ્યે રહી શકે. તથાપિ હાલમાં બીજું મળે તેવું નહોતું. 'નહીં મામા કરતાં કાણા મામા શા ખોટા' એમ ધારી તે લેવા

તેમણે કબુલ કર્યું. ગરીબ **હાનાએ** તે ક્ષેત્રનો કબજો તેમને સોંપાવ્યો; ને પોતે પણ તેમની પાસેજ રહી.

આ ક્ષેત્રની સંભાળ રાખવા મિ૦ **ફ્રેંકલાંડ** અને તેનો મોટો પુત્ર **જયોર્જ** રહ્યા. **જેમ્સ** કોઇને ત્યાં ગુમાસ્તો રહેવા **મન્મથ** ગયો ને ત્યાં **કલેગહોર્ન** નામના મણીઆરે **જેમ્સને** એ ત્રણ ઉમેદવારોમાંથી પસંદ કરી રાખી લીધો. મિ. **કલેગહોર્ને** કહ્યું "**જેમ્સ** ! ત્રણમાંથી મેં તને પસંદ કર્યો એનું કારણ તું સમજ્યો ? મને કાંઇ એવો તુરંગ નહોતો આવ્યો; પરંતુ એમ કરવાને કેટલાંક કારણ હતાં." જેમ્સે કહ્યું "તમારા મનમાં એમ આવ્યું હશે કે હું પ્રમાણિક અને સારી ચાલનો છું. હું ધારૂં છું કે તમે મારાં માતુશ્રીના સ્વભાવથી સારી રીતે વાકેફ થયેલા છો." મિ **કલેગહોર્ને** કહ્યું કે "ખરીવાત; અને તે પહેલાં તમારે માટે હું પણ વાકેફ થયેલો છું. તમે કદાચ ભુલી ગયા હશો, પરંતુ મને તો બરોબર સ્મૃતિ છે કે જ્યારે તમે નવ વર્ષના હતા ત્યારે તમારા માતુશ્રીએ લીધેલા માલના ભરતિયાના પૈસા ભરવા માટે તમે આ દુકાને આવ્યા હતા. એ ભરતીઆમાં દશ રૂપિઆની ભૂલ થઇ હતી, તે તમે ખોળી કાઢી પૂરેપૂરા ભર્યા હતા. મને આશા છે કે હજુ પણ તમે હિસાબી કામમાં તેટલાજ હોંશિયાર અને તેવા પ્રમાણિક છો. થોડાકજ વખતપર એક છોકરાપર મૂર્ખાઇ કરીને મેં વિશ્વાસ રાખ્યો; તે મને ઠગીને જતો રહ્યો છે. પરંતુ તેથી કાંઇ હું તમારા તરફ અણવિશ્વાસુ નહિ થાઉં; કારણ કે તમને કેવી તરેહની કેળવણી મળેલી છે તે હું બરોબર જાણુંછું; અને તે કોઇપણ માણસ માટે મોટામાં મોટી જામીનગીરી છે."

આ પ્રમાણે નાનપણમાંથીજ સારી ચાલનો પાયો નંખાય તો એવીજ રીતે છોકરાંઓ તેમનાં માબાપની સારીશાખને પાત્ર થાય. આવી શાખ સર્વથા અમૂલ્ય વારસો છે; પૈસાની ગમે તેવી ખતરાજી થાય તથાપિ આ વારસો કોઇથી છીનવી લેવાય નહિ. સદ્વર્તન તથા સારી શાખની પાસે પૈસો ગુલામ છે. સદ્વર્તનવાળાનો તથા સારી શાખવાળાનો માનમરતબો જેટલો સારો હોય છે તેટલુંજ તેનું મન પણ ઉદાર તથા નિખાલસ હોય છે. તે આ લોકમાં માન પામે છે તેટલુંજ નહીં પરન્તુ પરલોકનું પણ હિત અત્રેજ સાધી લે છે.

ફેની અને **પૅટી** પોતાની સારી ચાલને લીધે ઘણી પ્રખ્યાત થએલી હોવાથી, જ્યારે તેઓ ઘેર રહી ગુજરાન ચલાવી શકે તેમ નહોતુ ત્યારે, ચાકરી ખોળવાને તેમને બિલકુલે શ્રમ પડયો નહિ. ઉલટા **મન્મથ** શહેરના મોભાદાર ગૃહસ્થો પોતાને ત્યાં તેમને રાખવાને માટે ઘણી ખૂશી બતાવવા લાગ્યા. **ફેની**, મિસિસ **હંગરફોર્ડને** ત્યાં રહી, એ બાઇ એક સારા ખાનદાનની હતી, તે મગરૂર અને દયાળુ હતી, પરન્તુ તોછડી અને ઢોંગી (ભભકાને ચહાય એવી) નહોતી. તેને કેટલાંક છોકરાં હતાં, અને તેઓની સંભાળ રાખવાને માટેજ **ફેનીને** રાખવામાં આવી હતી.

મિસિસ **હંગરફોર્ડે** **ફેની**ને કહ્યું "તરૂણ સ્ત્રી! મારાં છોકરાંની બાબતમાં હું તને જેમ કહું તેમ તારે ચાલવું, અને તેમ થશે તો આ ઘરમાં તારી જે બરદાસ લેવાશે તેને માટે તારે બિલકુલે પસ્તાવું નહિ પડે. આ ઘરની અંદર ચાકરથી તે શેઠ સૂધી સુખી થાય તેમ વર્તવાને હું ચાહું છું. હું જાણું છું કે તારી સ્થિતિના પ્રમાણમાં તેં વધારે જ્ઞાન સંપાદન કરેલું છે; અને તેટલા માટે તારા વિષે મેં જે ઉમદા વિચાર બાંધ્યો છે; તે વિચારને તું પાત્ર થઇશ તો મને અત્યાનંદ થશે." મિસિસ **હંગરફોર્ડ**ની રીતભાતથી **ફેની** જો કે કેટલોક ડર રાખતી હતી તથાપિ પોતા માટે તેને પૂર્ણ ભરોંસો હતો, અને આ ભરોંસાને માટે તેની શેઠાણી તેનાપર બિલકુલે નાખુશ નહોતી.

આ વખતે પૅટી પણ નોકરીએ લાગી. તેની શેઠાણીનું નામ મિસિસ **ક્રમ્પ** હતું. એ વૃદ્ધ બાઇ એક તવંગર સ્ત્રી હતી. તે કબુલ કરતી હતી કે "મારે તો અસાધારણ સારા સ્વભાવનું માણસ મારી તહેનાતમાં જોઇએ" તે **મન્મથથી** થોડાક ગાઉ દૂર રહેતી હતી. ત્યાં તેનાં સગાંવહાલાં હતાં, પરંતુ વૃદ્ધાવસ્થા અને નબળાઇને લીધે તે પોતાની જીંદગી તદન એકાંતવાસમાં ગૂજારતી હતી.

આ કુટુંબમાંથી ફક્ત **ફ્રેંક** એકલોજ ઠેકાણે પડયો નહોતો. એક મિ. **બાર્લો** કરીને સારી શાખાનો વકીલ હતો, તેને અરજી આપવાનો તેણે વિચાર કર્યો. જ્યારે **બેટસ્વર્થ્સ** સાથે લડાઇ થઇ ત્યારે **ફ્રેંકે** જે દયા અને ભલમનસાઈ વાપર્યા હતાં તે જોઇને આ **બાર્લો** સાહેબ ખૂશી થયા હતા, અને તેથી તેણે તેને વચન આપ્યું

હતું કે " દુઃખની વખતે હું તને મારાથી બનતી મદદ કરીશ." સારા ભાગ્યે એવું બન્યું કે મિ. **બાર્લોને** એક કારકુનની જરૂર હતી, **ફ્રેંકમાં** કેટલું પાણી છે તે તે જાણતો હતો, તથા તેના પ્રમાણિકપણા ઉપર વિશ્વાસ રાખવામાં તેને કાંઇ પણ હરકત જણાતી નહોતી; તેથી તેણે **ફ્રેંકને** પોતાની ઓફિસમાં કામે લગાડવાનો નિશ્ચય કર્યો, **ફ્રેંકને** પહેલાં સઘળા વકીલો તરફ સ્વાભાવિક ધિક્કાર હતો. તે એમ ધારતો હતો કે તેઓ કદીપણ પ્રમાણિક હોયજ નહિ, પરંતુ જ્યારથી તેને મિ. **બાર્લો** સાથે સહવાસ થયો ત્યારે તેને પોતાની ભૂલ માલૂમ પડી. આ ગૃહસ્થ કદી પણ નીચ યુક્તિ વાપરતો નહોતો; પરંતુ ઉલટો, જેઓ દુશ્મનાવટજ કરવા માટે લડતા તેઓને તેમ કરતાં અટકાવવાનો પ્રયત્ન કરતો. બળતામાં તે ઘી હોમી કજીઓ સળગાવવાને બદલે સુલેહ કરવામાં વધારે આનંદ માનતો. **મિ. બાર્લો** માટે એમ કહેવાતું કે ઇંગ્લાંડમાં તેની સ્થિતિના વકીલ કરતાં તેણે કોર્ટની બહાર ઘણા કેસો ખોયા છે, પરંતુ કોર્ટની અંદર એકે નહિ." હમણાં હમણાં તેનું માન એટલું બધું વધી ગયું હતું કે સર્વ લોકો તેને કાયદા જાણનાર ગણીને નહિ પરંતુ કાયદા બાંધનાર જાણીને તેની સલાહ લેવા આવતા હતા. આવા શેઠના હાથ નીચે **ફ્રેંકને** સુખી થવાની ભારે આશા હતી. તેણે નિશ્ચય કર્યો હતો કે " મિ. **બાર્લોના** વખાણ અને ચાહનાને પાત્ર થવામાં મારે બિલકુલે કચાસ રાખવી નહિ."

જેમ્સ ફ્રેંકલાંડ, મિ. **કલેગહોર્ન**ને ત્યાં સુખમાં દિવસ ગાળવા લાગ્યો. તેના સઘળા ગ્રાહકો કહેવા લાગ્યા કે "જ્યારથી આ તરૂણ પુરૂષ તમારી દુકાને બેઠો છે ત્યારથી તમારી દુકાનની જેવી સંભાળ લેવાય છે તેવી કોઇ પણ દિવસ લીધામાં આવી નથી." **જેમ્સ** હિસાબ ઘણોજ ચોખ્ખો રાખતો અને ભરતીઆં પણ ઘણી ઝડપથી અને સફાઇબંધ તૈયાર કરતો. દુકાનપર એ એવો તો જાથુક બેસી રહેતો કે તેના શેઠના પેટમાં ડર પેઠો કે રખેને એની તંદુરસ્તીને કાંઇ ધોકો પહોંચે! કારણ કે તેની દુકાને બેઠા પહેલાં **જેમ્સે** કદી પણ આવી મહેનત કરી નહોતી, તેથી મિ. **કલેગહોર્ને** એક દિવસ તેને કહ્યું કે " **જેમ્સ** તારે થોડો થોડો વખત બહાર ફરી આવવું જોઇએ, જ્યારે વરસાદ પાણી ન હોય ત્યારે વખતો વખત હવા ખાવા જવું. એમ નહિ સમજતો કે મારે તને હમેશાં ઘાંચીની ઘાણીના બળદની મા-

ફક જોડી રાખવો છે. જા, આજ હવા સારી આવે છે: તારી ટોપી લે અને થોડે સુધી ફરી આવ. તું પાછો આવીશ ત્યાં સુધી દુકાનનું કામ હું સંભાળીશ. જ્યારે તું મારી મરજી ઘણી સારી રાખે છે ત્યારે હું તારાપર સખ્તાઇ રાખું એ ઠીક ન કહેવાય. 'શેઠ ભલા તો ચાકર ભલા અને ચાકર ભલા તો શેઠ ભલા.' મિ. **જેમ્સ**! એમ ન સમજતો કે હું તને ચાકર કહું છું; એ તો જીભથી એમ બોલાઇ જવાયું અને જો મનમાં તેમ નથી તો પછી બોલેલું તારે ગણગારવું નહિ.

કોઇ પણ આદમીને છૂટ આપવા તરફ મિ. **કલેગહોર્નનું** વલણ નહોતું. તે એકલપેટો નહોતો, પરંતુ તેને માણસની ઊંચી નીચી પંક્તિનો વધારે શંકો હતો. ઘણાં દુઃખ ખમીને રફતે રફતે પોતે પૈસાદાર થયેલો તેથી તે એમ ધારતો કે વેપારમાં પડનાર દરેક જણે દુઃખ તેમ સુખ ભોગવવાં જોઇએ, પોતાના હેડ મુનીમે ઘણું દુઃખ વેઠયું તેથી હવે તે તેને સુખ આપવા ઇંતેજર હતો.

જેમ્સને પોતાના ભાઇ **ફ્રેંક** ઉપર સ્વાભાવિક રીતેજ ઘણું હેત હતું. તેથી રજા મળી કે તરતજ તે **ફ્રેંકને** ત્યાં ગયો, અને ત્યાંથી બંને ભાઇઓ પોતાની બેનને પોતાની સાથે ફરવા લેઇ જવાને મિસિસ **હંગરફોર્ડને** ત્યાં ગયા. તેઓ પોતાના પિતાને ત્યાંથી જૂદાં પડયાં ત્યારપછી **મન્મથ** શહેરમાં એકબીજાને ભાગ્યેજ મળ્યાં હતાં; તેથી જ્યારે તેઓ મિસિસ **હંગરફોર્ડને** ત્યાં ગયા, અને તેના ચાકર તરફથી ખબર મળી કે "**ફેની** તો છોકરાંઓને લેઇ બહાર ફરવા ગઇછે" ત્યારે ઘણાજ આશાભંગ થઇ ગયા. તે સઘળાં કયે રસ્તે ગયાં હતાં તેની તે ચાકરને ખબર નહોતી, તેથી તેમણે **ફેનીને** તે દિવસે મળવાની આશા છોડી. તેઓ **મન્મથની** એક ઘટાદાર નેળને માર્ગે વળ્યા. કેટલાક મહિના સુધી કેદખાનાની માફક ઘરમાંને ઘરમાં ભરાઇ રહ્યા હતા તેથી તાજી હવા, લીલોત્રીવાળાં ક્ષેત્રો, અને વાડપર ખીલેલાં જંગલી પણ ખૂશબોદાર ફુલો એવાં તો તેમને આનંદદાયક થઇ પડયાં હતાં કે સૂર્યના અસ્ત થયા પછી ઘણીવારે તેઓને ઘેર પાછા ફરવાનું સાંભર્યું. **જેમ્સે** કહ્યું "જે લોકો આ ઉમદા ચીજો હમેશા જુવે છે તેઓ ભાગ્યેજ એમનું અવલોકન કરે છે, મને યાદ છે કે જ્યારે આપણે આપણાં ક્ષેત્રપર રહેતા હતા ત્યારે હું પણ અવલોકતો નહોતો. આપણા પિતાના કહેવા મુજબ આ દુનિયામાં માણસને

'પારકે ભાણે મોટો લાડુ' તેમ પોતાની સ્થિતિ કરતાં બીજાની સ્થિતિમાં વધારે લાભ લાગે છે. આપણે એક નાની કોટડીમાં બેસી રહીએ છીએ, તેથી હવા ખાવા જવા માટે ઘણા ખૂશી થઇએ છીએ; પરંતુ જેઓ હમેશાં બહાર આમ તેમ આખો દિવસ ભટકયાં કરે છે તેઓને તો બિલકુલે સારૂં લાગતું નથી."

જેમ્સની આ જ્ઞાનચર્ચા કેટલાંક છોકરાંના ખુશીના અવાજ સંભળાયાથી બંધ પડી. જે નેળમાં ફ્રેંક અને જેમ્સ ચાલતા હતા તે નેળમાં આવવાનું એક ખોડીબારૂં ઓળંગવામાં આ છોકરાં ગુંથાયાં હતાં. તેઓના કુમળા હાથમાં ભાત ભાતનાં સુંદર ફૂલોના મોટા મોટા ગોટા હતા. આ છોકરાંઓએ પોતાના ગોટા તેમની સાથેની એક તરૂણ સ્ત્રીને પોતે ખોડીબારૂ ઓળંગી રહે ત્યાં સુધી ઝાલી રાખવા આપ્યા. જેમ્સ અને ફ્રેંક આ છોકરાંઓને ચડવાને માટે મદદ કરવાને ગયા. ત્યાં જે સ્ત્રીના હાથમાં ફુલના ગોટા હતા તે સ્ત્રી પોતાની બેન ફ્રેની છે એમ જોઇ તેઓ ઘણા ખૂશી થયા

ફ્રેંકે કહ્યું "આતો આપણી ફ્રેની છે! શો ઇશ્વરી શુભ સંકેત! બેન ? તને જોયે લગભગ એક વર્ષ થયું, અમે બન્નેજણ તને મળી સાથે લેવા માટે મિસિસ હંગરફોર્ડને ત્યાં ગયા હતા: પરંતુ તું ન મળી તેથી અર્ધો રસ્તો તારી સોબત વગર કાપવો પડયો, પણ હવે બાકીનો અર્ધો રહ્યો તે તારી સાથે ચાલીશું તેમાં સઘળુ વળી જશે. મારે તને ઘણી વાતો કહેવાની છે. તું કીયે રસ્તે થઇને ઘર તરફ જાય છે ? લાંબામાં લાંબો રસ્તો હોય તે તરફ થઇને ચાલ જઇએ. આવ મારી સાથે ચાલ, આજની સાંજ કેવી રળિયામણી છે'? ફ્રેનીએ થોડી ઘણી આનાકાનીથી ઉત્તર વાળ્યો, "હા, આજની સાંજ ઘણીજ રળિયામણી છે, અને હું ધારૂંછું કે કાલે પણ એવીજ રળિયામણી થશે. મારી શેઠાણીની રજા લઇને કાલે હું તમારી સાથે ફરવા આવીશ; પરંતુ આજ તો મારાથી તમારી પાસે નહિ રહેવાય; કારણ કે મારે આ છોકરાં સંભાળવાનાં છે, મેં મારી શેઠાણીને વચન આપ્યું છે કે જ્યારે છોકરાં મારી પાસે હશે ત્યારે હું કોઇની પણ સાથે નહિ ચાલું." આવી માયામાં વાગે એવી ના સાંભળીને ફ્રેંક જરાક ગુસ્સે થઇ બોલ્યો "તારા ભાઇઓ સાથે એ નહી?" પોતાના ભાઇને ખોટું લાગ્યું હતું તે મનાવવા માટે હસતે મોંઢે, ફ્રેનીએ જવાબ દીધો કે "મેં મારી શેઠાણીને કોઇની પણ સાથે

નહિ ચાલવાનું વચન આપ્યું છે, અને તમે 'કોઇ પણ' માં આવ્યા તેથી આજ તો નહિ, લ્યો, આવજો, હું જાઉં છું." **ફ્રેંકે ફેનીનું** ગવન પકડી રાખીને કહ્યું કે "તારી સાથે હું ચાલું તો તેથી છોકરાને હું શી હરકત કરી શકું." **ફેનીએ** જવાબ દીધો કે "મને તેની ખબર નથી. પરંતુ મારી શેઠાણીની આજ્ઞા શી છે તે મને માલૂમ છે અને પ્યારા **ફ્રેંક**. જ્યાં, સૂધી હું એમની પાસે રહુ ત્યાંસુધી મારે એમના હુકમ માનવા જોઇએ." **જેમ્સે** કહ્યું "અરે **ફ્રેંક**! **ફેનીએ** આજ્ઞા માનવીજ જોઇએ." **ફ્રેંકે** તરતજ તેનું ગવન છોડી દીધું અને કહ્યું કે "વહાલી **ફેની**, તારૂં કહેવું સત્ય છે અને મારૂં ખોટું હતું. આવજો ત્યારે; પરંતુ કાલે સાંજરે અમારી સાથે ફરવા આવવાની રજા લેવા ભૂલતી નહિ હો. કારણ કે આપણા પિતા અને પ્યારા ભાઇ **જ્યોર્જ** તરફથી મારાપર કાગળ આવ્યો છે તે મારે તને વંચાવવો છે. પાંચ મિનિટ ઉભી રહે તો હમણાંજ હું તને એ કાગળ વાંચી સંભળાવું." અગર જોકે પોતાના પિતાનો કાગળ સાંભળવાની **ફેનીને** બહુ ઉત્કંઠા હતી, તથાપિ "મારે મારૂ વચન બરોબર પાળવું જોઇએ" એમ કહી પોતાની સાથેનાં છોકરાંને લેઇને તે ચાલવા મંડી. **ફ્રેંક** તેની પાસે ગયો અને કાગળ તેના હાથમાં મૂકી કહ્યું "તું ઘણી ડાહી છોડી છે, અને પિતા તારે માટે આ કાગળમાં જે જે લખેછે તેને તું પાત્ર છે. આ કાગળ લે. હું ધારૂંછું કે તારી **શેઠાણીએ** તારા પિતા તરફથી આવેલો કાગળ લેવાની તો ના નહિજ પાડી હોય!"

ફેની કાગળ વાંચતી હતી તેટલામાં તો નાનાં છોકરાંએ ગરબડ કરી મૂકી. એકે કહ્યું કે **ફેની** મને પેલો ગોટો તોડી આપ, બીજાએ કહ્યું કે પેલા સુંદર વેલાનું ફૂલ મારે લેવું છે તેથી મને ઊંચો કર, અને સૌથી નાના છોકરાએ કહ્યું "ચાલો આપણે ધોરી રસ્તે થઇને જઇએ, કારણ કે મારે આગિયા જોવા છે. માએ કહ્યું હતું કે 'તું જોજે.' જ્યારે અમે આગિયા જોઇએ ત્યારે એક જગોએ બેસીને તું તારો કાગળ વાંચજે."

પોતાની શેઠાણીએ જેને માટે મના નાહ કરેલી તે દરેક બાબતની છૂટ આપવાને **ફેની** તૈયાર હોવાથી ઉપલી દરખાસ્ત તેણે માન્ય કરી. જ્યારે તેઓ જોવાની જગાએ આવી પહોંચ્યાં ત્યારે નાના **ગુસ્ટાવસે** (નાના છોકરાનું નામ) તેણીને સારૂ એક સુંદર

બેઠક ખોળી કાઢી. **ફેની** ત્યાં આગળ વાંચવા બેઠી અને છોકરાંઓ આગિઆ જોવાને દોડી ગયાં.

એકવાર પત્ર વાંચવાથી પોતાના મનની તૃપ્તિ ન થવાથી **ફેનીએ** તે કાગળ ત્રણવાર વાંચી જોયો. જે પિતા તેમને પ્રાણ કરતાં પણ અધિક વહાલો હતો, તથા જે પિતાએ તેમને નીતિનો માર્ગ બતાવ્યો હતો તે પિતાના પત્રથી તેમનું મન એટલુંબધું અધીરૂં થાય તેમાં લેશમાત્ર પણ આશ્ચર્ય નથી. તે કાગળ નીચે પ્રમાણે હતોઃ—

"મારા પ્યારા દીકરા તથા દીકરીઓઃ—તમારા વગર આ ઘર મને ખાવા ધાય છે, દીવસ ઉદાસ લાગે છે, તથા રાત્રિએ પણ ગમતું નથી. પરંતુ તમે ત્યાં ખૂશીમાંછો એમ જાણી સંતોષ પામું છું; મારા જેવા વૃદ્ધ પિતાને એ મોટો દિલાસો છે. **ફ્રેંકને** તેના પોતાના પ્રયત્નથી મિ. **બાલોર્ને** ત્યાં નોકરી મળી એ જાણી મને ખરા અંતઃકરણથી ખૂશી ઉપજે છે. મને ખાતરીછે કે તે હવે વકીલોને ધિક્કારતો નહીં હોય. એના વિશે હું એમ ધારૂંછું કે ગમે તેવા કટ્ટા દુશ્મનને પણ તે લાગટ અર્ધો કલાક સુધી ધિક્કારી શકવાનો નથી. મારાં છોકરાંમાંથી કોઇ પણ અદેખાં કે વેર વાળવાને તત્પર નીવડયાં નથી તેને માટે હું પરમેશ્વરનો મોટો ઉપકાર માનુંછું. વળી **બેટસ્વર્થસ**નાં છોકરાઓની પેઠે પૈસા માટે માંહોમાંહે લડી મરતાં પણ નથી. "ઉમળકાથી આપેલો સૂકો રોટલો ખાવો એ સારો પણ કમનનાં પકવાન ભૂડાં." તમારામાંથી કોઇને પણ આ કહેવત લખવાની કાંઇ જરૂર નહોતીઃ પરંતુ ઘરડા માણસ વાતોડિયાંજ હોયછે મારા સંધીવાને લીધે મારાથી વધારે વાતોડિયા થવાતું નથી. ભીનાં કપડાં પહેરીને **ફેલિંગસબીને** ત્યાં ઘણીવાર ખોટી થવું પડયું, ત્યારથી જે શરદી મને થઇછે તેને લીધે સંધીવા ઘણોજ વધી પડયોછે; પરન્તુ મને આશા છે કે થોડા વખતમાં મને ફેર પડી જશે, અને તમારા પ્યારા ભાઇ **જ્યોર્જ**ની સાથે ક્ષેત્રમાં કામ કરવાને હું શક્તિમાન થઇશ. ગરીબ **જ્યોર્જ**! એને એટલું બધું કામ કરવાનુંછે અને તે એટલું બધું તો કરેછે કે એ રખેને માંદો પડે! અત્યારે એ આપણા નાના ક્ષેત્રમાં છે, અને ત્યાં ઘણીજ કઠણ ટેકરીઓ ખોદેછે. એણે ખોદી ખોદીને એનો મોટો ઢગલો કર્યો છે, પરંતુ મારા મનમાં એમ છે કે એ એવી સખ્ત મહેનત ના કરે તો સારૂં.

મારા વહાલા **જેમ્સ** અને **ફ્રેંક**! તમે આખો દિવસ અને રાત તમારી દુકાનોમાં ન બેશી રહો તો સારૂં. તમે બન્ને જણ એમજ કરતા હશો એવી મને ધાસ્તી છે; તન તેમ મનને આરામ મળવા માટે સાંજના પહોરના બહાર અવશ્યે ફરવા જવું જોઇએ, જો તમે હજુ સુધી ફરવા જતા ન હો તો આ પત્ર મળ્યા પછી હમેશાં તેમ કરશો. મારી વહાલી પુત્રીઓને મારા સપ્રેમ આશીર્વાદ કહેજો. **મિસિસ હંગરફોર્ડ**ને ત્યાં ઘણા ભપકાદાર માણસો આવે છે એવું મેં સાંભળ્યું છે, પરંતુ **ફ્રેની** જેવી લાવણ્યતા વાળી છે તેવીજ ડાહી નહોત તો મારે એને માટે ઘણોજ ભય રાખવો પડત, કારણ કે એવા ઘરની અંદર દાસીઓ ઘણીજ જોખમભરેલી સ્થિતિમાં હોય છે. મને ખાત્રી કે **ફ્રેની** હમેશાં એની માતુશ્રીની કહેવત અને દાખલો ધ્યાનમાં રાખશે. મેં સાંભળ્યું છે કે મિસિસ **ક્રમ્પ**ના ઘડપણ અને નબળાઇને લીધે તેનો સ્વભાવ જીતવો એ ઘણુંજ મુશ્કેલ છે; પરંતુ પૅટીનો સ્વભાવ એવો તો સારો છે કે એને જેણે એકવાર પણ જોઇ હશે તે એના પ્રત્યે મમતા બતાવ્યા વગર રહેશે નહિ. લખતાં લખતાં હવે મારો હાથ થાકી ગયો છે; કારણકે મારા જમણા હાથમાં વા આવવાથી આ કાગળ ડાબે હાથે લખ્યો છે. મારાં વહાલાં છોકરાંઓ ! ઇશ્વર તમારૂં રક્ષણ કરો અને ભલું કરો ! તમારાં જેવાં છોકરાં રૂપી દિલાસો જોઇને આ દુનિયામાં મારે બીજા કશાની પણ વાંછના નથી. ખેડુત **બેટસ્વર્થ્સ** ગમે તો તેની આખી મિલકત મને આપવાને કબુલ થાય તથાપિ હું તમને તેને ના આપું.

તમારા પત્રની આશા રાખનાર,

તથા હમેશાં તમને સુખશાંતિમાં ઇચ્છનાર.

તમારો પિતા,

બી. ફ્રેંકલાંડ."

ફ્રેની પોતાના પિતાનો કાગળ વાંચી રહી કે તરતજ છોકરાંઓએ બુમ પાડી કહ્યું કે "અરે પેલા આગિયા તરફ જુવો." તે જીવડાં ધોરી રસ્તાપર જથાબંધ હતાં અને નાના તારાઓની માફક ચળકતાં હતાં. છોકરાંઓ આ જંતુઓને આશ્ચર્યથી નિહાળી નિહાળીને જોતાં હતાં; તેટલામાં એક ફ્રેંચ રણશિંગડું વાગતું સાંભળવાથી તેમનું લક્ષ તે તરફ ખેંચાયું. તેઓએ આસપાસ જોયું તો એ અવાજ એક આઘેના છજામાંથી આવતો માલુમ પડયો. તેઓ

કહેવા લાગ્યાં કે "ચાલો આપણે તે છજા પાસે જઇને વાદિત્ર બ-રોબર સાંભળીએ." તે વખતે સતાર અને સારંગી વાગતાં સંભળાયાં. છોકરાંઓએ ફેનીને ત્યાં જવા માટે જોરથી ખેંચીને કહ્યું કે,"ચાલો આપણે પાસે જઇએ." ફેનીએ કહ્યું કે મારા વહાલાંઓ, આપણને વાર લાગે છે તેથી આપણે સત્વર ઘેર જવું જોઇએ: જુઓ તે ઘરના બારણા આગળ માણસોનું મોટું ટોળું છે, અને જો આપણે ત્યાં જઇએ તો તમારી સાથે કોઇ પણ બોલશે અને એ વાત ત-મારાં માતુશ્રીને બિલકુલે પસંદ નથી." આથી .છોકરાંઓ ચૂપ થઇ ગયાં અને ફેનીના કહ્યા પ્રમાણે ચાલવાને માટે સઘળાં એક બી-જાના મેં સામું જોવા લાગ્યાં. પરંતુ તેટલામાં એક પડઘમ વાગતી સંભળાઇ અને નાનો ગુસ્ટાવસ તે વાદિત્ર વધારે સાંભળવાની તથા જોવાની પોતાની જીજ્ઞાસા દબાવી શક્યો નહિ. તેણે ફેનીનો હાથ છોડી દીધો અને 'મારે એ સાંભળવું છે તથા જોવું પણ છે' એમ કહેતો કહેતો દોડી ગયો.

ફેનીને તે ટોળાની અંદર ગુસ્ટાવસની પાછળ જવું પડયું. તે છોકરો એક તરૂણ લશ્કરી અમલદારની પાસે જઇ પહોંચ્યો. તેણે એને તેડી લીધો અને કહ્યું કે "ખરેખર! આ છોકરો બહુ સારો છે. દરેક રીતે એ એક સોલજરને લાયક છે, હું એને પડઘમ બતા-વીશ અને વગડાવીશ પણ ખરો. હું જોઊં છું કે કોણ મને મના કરે છે! તે અમલદાર આ પ્રમાણે બોલીને નાના ગુસ્ટાવસને લઇને છજામાં જવાની નીસરણીનાં કેટલાંક પગથીઆં ચડયો. ફેની બે-બાકળી થઇને એ આદમીને બોલાવવા મંડી અને કહ્યું કે મારી સંભાળમાં આપેલા બાળકને રોકી ન રાખશો. જો હું મારી શેઠાણીનો હુકમ નહીં માનું તો તે મારાપર ગુસ્સે થશે. તે આ રીતે રકઝક કરતી હતી તેટલામાં ઝીણોસાદ કાઢી એક સ્ત્રી વચ્ચે બોલી ઉઠી. એ સ્ત્રી તે અમલદારની પાસે ઉભી હતી, અને અગર જો કે તેના પોશા-કમાં ઘણો ફેરફાર થઇ ગએલો હતો તોપણ તે સેલી બેટસ્વર્થ છે એમ ફેનીએ ઓળખી કાઢી. તેની બેન જેસી તેની પાસે ઉભી હતી.

સેલીએ કહ્યું "ફેની ફેંકલાંડ! એ છોકરાને નહિ આપવા દેઊં. આમ રકઝક શેની કરે છે! તારાથી સારા દરજ્જાના હોય તેને ઓળખ અને તેમની પાસે આવતી ના. તારી શેઠાણી ગુસ્સે થશે કે નહિ તેની કોણ દરકાર રાખે છે? તેનાથી અમને કાંઇ કાઢી

મૂકાય તેમ નથી. શું એ અમને દેશપાર કરશે? **કેપ્ટન બ્લુમીંગટનને** કોણ કાંઇ કહી શકનાર છે?" આટલું કહી તે તુચ્છકાર કરી ખડખડ હશી પડી. આગળ પાછળ ઉભેલામાંના કેટલાક પણ હસવા લાગ્યા. પરન્તુ જ્યારે **ફેની** છજા તરફ પોતાનું મોં ફેર્યું કરી રડતી રડતી નાના **ગુસ્ટાવસને** પાછો માગતી હતી, ત્યારે કેટલાક સદ્દગૃહસ્થોને **ફેનીનું** સુંદર અને સવિનય મુખાર્વિંદ જોઇ મનમાં દયા આવી. તેઓએ કહ્યું "અરે **બ્લુમીંગટન** જરીક મર્યાદશીળ થાઓ. છોકરો પાછો આપો. તમારે માટે તે પોતાની નોકરીમાંથી નીકળી જાય એ ઠીક નહિ." **બ્લુમીંગટન** તે છોકરાને આપવા જતો હતો, પરંતુ **સોસીસેલી** વચ્ચે પડી ધમકી દઇ કહેવા લાગી કે **બ્લુમીંગટન** જો તમે એ છોકરાને આપી દેશો તો હું તમારી સાથે બોલીશ નહિ. વાહ! બહુ સારી વાત! તમારા જેવો પુરૂષ અને તે વળી એક અમલદાર તે એક બૈરી અને ઉદ્ધત ચાકરડીથી દબાઇ જાય એ કેવું કહેવાય! તેને માટે અથવા નોકરીને માટે અહીં આં કોણ દરકાર રાખે છે!!"

તે અમલદારના હાથમાંથી છટકી જઇને નાના **ગુસ્ટાવસે** કહ્યું "હું દરકાર રાખું છું, હું. તે ઉદ્ધત છોકરી નથી. તમારી પડધમ હું નહિ જોઉં, અને ખૂશીની સાથે સાંધો સીધો તેની સાથે ઘેરજ જઇશ"

સોસીસેલીએ તેને બાળવાને માટે ઘણો પ્રયત્ન કર્યો પરંતુ એ સૌ ધૂળપર લીંપણ થયું. તરતજ તે **ફેની** પાસે નીચે દોડી આવ્યો, અને પોતાની ઉદારતા વડે સર્વ વૃત્તિઓનો સંયમ કર્યો હોય તેવા વીરનું માન ધરાવી **ફેનીની** સાથે ચાલ્યો ગયો. નાનો **ગુસ્ટાવસ** ખરેખર ઉદાર છોકરો હતો. તે ઘેર પહોંચ્યો કે તરતજ સાંજનો બનાવ પોતાની માને કહી સંભળાવ્યો. **મિસિસ હુન્ગરફોર્ડ** પોતાના છોકરાની ચાલ જોઇને ઘણી ખૂશી થઇ અને તેને કહ્યું કે મને ખાતરી છે કે આજની ચાલને માટે હું તને એ છોડી કરતાં બીજું કાંઈ વધારે સારૂં ઇનામ આપી શકવાની નથી. મારા છોકરાંની સંભાળ લેવામાં મેં એને જે જે આજ્ઞાઓ કરી હતી તે તેણે નિમકહલાલીથી બરાબર બજાવી છે, તેથી મારો એવો મત બંધાયો છે કે જે સ્થિતિમાં એ જન્મી છે તે સ્થિતિ કરતાં તે ઊંચા પદને લાયક છે. સચ્ચાઇ, મમતા અને સુબુદ્ધિને લાયક જગોનું કામ

આજથી એ મારા ઘરમાં કરશે." જ્યારે છોકરાંઓ જુદા જુદા માસ્તરો પાસેથી પોતાના પાઠ શીખતાં હતાં ત્યારે આજની **ફેની** **મિસિસ હુન્ગરફોર્ડના** ઇચ્છાથી હમેશાં હાજર રહેતી હતી. તરૂણ સ્ત્રીઓની નેતા થવા જેજે બાબતનું જ્ઞાન ઉપયોગી હોય તેતે બાબત પર પૂરતું ધ્યાન આપવા **મિસિસ હુન્ગરફોર્ડે ફેનીને** ભલામણ કરી. તે માયાળુ પણ માની સ્ત્રીએ કહ્યુ કે "તારી ભાષા સર્વ વખતે સારી અને શુદ્ધ થવી જોઇએ. તારી રીતભાત સૂધારવાની અને તારી બુદ્ધિનું ઉદ્દીપન કરવાની સઘળી વ્યવસ્થા હું કરીશ. કારણ તેં મારાં છોકરાંની ઘણી સારી બરદાશ કરેલી છે."

ગુસ્ટાવસે કહ્યું કે "મા એને એના ભાઇઓ સાથે થોડો થોડોવખત ફરવા પણ જવા દેવી, કારણ કે હું મારી બેનોને જેટલું ચાહુંછું તેટલુંજ એના ભાઇઓ એને ચહાય છે, તથા એ એના ભાઇઓને ચહાય છે.

પ્રકરણ ૪ થું.

ધીરજ, નમ્રતા, અને આનંદી સ્વભાવ, એ ગુણો દેવદૂત સરખા છે.

જ્યારે ગાયન શિક્ષક સવારમાં છોકરાંઓને શિખવવા આવતો ત્યારે **મિસિસ હુન્ગરફોર્ડ ફેનીને** એક કલાક બહાર ફરવાની રજા આપવા લાગી. કોઇ કોઇવાર તેના ભાઈ **જેમ્સ** તથા **ફ્રેંક** પોતાનો વખત બચાવી તેની સાથે ફરવા જતા અને પોતાનો વખત આનંદમાં ગુજારતા. બચપણથીજ ઐકયતા રાખવાનો જે બોધ તેમને દેવામાં આવ્યો હતો, તે બોધ આ વખતે કેટલા અલભ્ય સુખનો થઇ પડયો હતો, તે તેના અનુભવી સિવાય બીજુ કોઇપણ કળી શકવાનું નથી.

ગરીબ **પૅટી** પોતે આ આનંદી સમાગમનો લાભ લેઇ શકતી નહિ તેથી ઘણી દિલગીર થતી. પરંતુ પોતાની અશક્ત શેઠાણીને તે એટલી બધી ખપની અને સુખદાતા હતી કે ઘર છોડીને તેનાથી એક પળ પણ ખસાય તેમ નહોતું. જ્યારે જ્યારે **પૅટી** પોતાની નજર આગળ નહોતી માલૂમ પડતી ત્યારે ત્યારે તેની શેઠાણી **મિસિસ કેમ્પ** પૂછતી કે "**પૅટી** કયાંછે! આ કામ એણે કેમ ન કર્યું?" **પૅટી** જેવું સારૂં ચોખ્ખું કામ કોઇ કરી શકતું નહોતું

તેથી ઘરનું સઘળું વહીતરૂં તેને માથે આવી પડયું હતું. **મિસિસ ક્રમ્પ** કહેતી કે "**પૅટી** શિવાય મને કોઇએ કપડાં પહેરાવવાં નહિ, મારી પથારો કરવી નહિ, છાશ કે કઢી કરવી નહિ, અને કાંઇપણ બાફવું, ઉકાળવું કે શેકવું પણ નહિ. આ સઘળાં કામ **પૅટીએજ** કરવાં." **મિસિસ ક્રમ્પ**ની ટોપીને ઇસ્ત્રી કરવાનું તથા તેની કોરો ગૂંથવાનું કામ પણ એનેજ સોપવામાં આવ્યું. કારણ કે એક દિવસે જ્યારે તે કામ કરનારી દાસી માંદી પડી હતી ત્યારે **પૅટીએ** તે એવી તો સુંદર રીતે બજાવ્યું હતું કે તેથી તેના શેઠાણી ખુશ ખૂશ થઇ ગઇ હતી. હવે તે પોતાની ટોપી દિવસમાં ત્રણવાર બદલાવતી, અને જે ટોપી એકવાર પહેરતી તે ફરી પહેરતી નહિ. ઉપર જણાવેલાં કામ કરવાથીજ **પૅટી**ને પતે તેમ નહોતું મિસિસ **ક્રમ્પ** કહેતી કે "**પૅટીએ** વલોવીને તૈયાર કરેલુંજ માંખણ હું ખાઇશ, બીજું ખાવાની નથી.' પરંતુ આથીએ ખરાબ એ હતું કે એકે રાત એવી નહોતી જતી કે જે **પૅટીને** બેચાર પાંચ વાર જગાડતી નહિ, 'પેલો કૂતરો શા માટે ભસે છે? તથા પેલી બિલાડી કેમ મિયાઉં મિયાઉં કરે છે? તે ઉઠીને જો એમ તેને હુકમ કરતી, અને પાછી તે ઉંઘવાની અણીપર આવે એટલે બોલી ઉઠતી કે "**પૅટી! પૅટી!** જોને રસોડા પાસેથી આ ભયંકર અવાજ શેનો આવે છે?" **પૅટી** કહેશે કે 'અરે શેઠાણી, એ તો કૂકડો બોલે છે.' ત્યારે એવો ઉત્તર મળે કે 'અરે તું બહાર જા; અરે! આમ ભયભીત અવાજ કરતાં તેમને અટકાવ. **પૅટી** કહે કે શેઠાણી! ખરેખર હું એમને અટકાવી શકવાની નથી.' ત્યારે શેઠાણી કહે કે, જો તું ઉઠે તો અટકાવીજ શકે. તું ઉઠ અને કોરડા મારી તેમને આઘાપાછા કરી દે એટલે હમણાં બોલતા બંધ થઇ જશે. જો તું નહીં ઉઠે તો મને એક ક્ષણભર પણ ઊંઘ આવવાની નથી.'

ગરીબ **પૅટી** શી રીતે ઉંઘતી હશે તેનો વિચાર તેની શેઠાણી બિલકુલે કરતી નહોતી. જન્મથી તે કંઇ ખરાબ સ્વભાવની સ્રી નહોતી, પરંતુ મંદવાડે દરેક માણસની માફક એને પણ ચિડાઉ કરી નાંખી હતી. તેની અસંખ્ય દોલતના અધિકારી થઇ પડવાની લાલચે તેનાં સગાંવહાલાં તથા ચાકર નફરો તેની એવી તો બરદાશ પ્રથમ ઉઠાવતાં અને એને ખૂશ રાખવાનો એવો તો પ્રયત્ન કરતાં કે તે ફૂલાઇને પોતાને સોનાની મૂર્તિ ધારતી, અને 'મારી પાસે જે આવે તે

મારી ઇચ્છા પ્રમાણેજ ચાલે' એમ તે ઇચ્છતી. પોતાની આગળ પાછળના સઘળા માણસોને મતલબના યાર દેખીને 'સોબતે અસર' પ્રમાણે તે પણ સ્વાર્થી થઇ ગઇ હતી. તે એક બે વર્ષ સુધી રાત દિવસ બીજાઓને પોતાને કામે લાગેલા જોઇને એમ ધારતી કે 'વે પુરૂષો સ્વાભાવિક રીતે અને જરૂરિઆતને લીધે મારી મરજી ઉઠાવવાનેજ જન્મેલા છે. આથી તે માણસોના સુખ સંબંધી તથા તેઓની સારી વર્તણુક સંબંધી કાંઇપણ વિચાર કરવાનું તે ભૂલી ગઇ હતી.

પૅટીના શ્રમ અને આનંદી સ્વભાવથી મિસિસ ક્રમ્પને એટલી બધી લાગણી ઉત્પન્ન થઇ હતી કે પોતાના અંતઃકરણને શાંત પાડવા વારંવા કહેતી કે "ઠીક! ઠીક! એ સઘળાનો બદલો હું મારા વીલમાં વાળીશ." તેના મનમાં એમજ દૃઢ થઇ ગયું હતું કે "બીજા ચાકરોની માફક પૅટી પણ પૈસાની લાલચથી આટલું બધું કામ કરે છે અને વાળવા ધારેલા બદલાની આશાએ પૅટી આખો જન્મારો મારી ગુલામ થઇ રહેશે; પરન્તુ આવા વિચાર કરવામાં તેણે ઘણી ભૂલ ખાધી હતી. આ પ્રમાણે કામમાંને કામમાં કેટલાક મહિના વીતિ ગયા. પૅટી પોતાનું કામ નિયમસર તથા ઇશ્વર પ્રીત્યે બરોબર બજાવતી, તથા પોતાની શેઠાણીને કોઇપણ તરેહની હરકત ન આવે તે ધ્યાનમાં લેતી. પૅટી પૈસાની લાલચથી કામ કરે છે એમ મિસિસ ક્રમ્પનું ધારવું કેટલું ખોટું હતું તે નીચેની બાબતપરથી જણાશે. એક દિવસ સવારમાં પૅટી ઉદાસ ચહેરે પોતાની શેઠાણીના ઓરડામાં આવી. તેની મુખમુદ્રામાં એટલો બધો ફરક પડી ગયો હતો કે અગર જોકે તેની શેઠાણીને બીજાના મોંના ચહેરાપરથી તેના મનના સારાનરસા વિચાર જાણી લેવાનો જન્મથીજ મહાવરો નહોતો તે છતાં પણ આ ફરક તે જાણી ગઇ. તેણે પૂછ્યું "છોડી, શું છે?" પોતાની આંખમાંથી ટપકતાં આંસુ છૂપાવવાને વાંકી ફરીને પૅટીએ કહ્યું "શેઠાણી! ઘણીજ દિલગિરી ભરેલી ખબર છે " મિસિસ ક્રમ્પે કહ્યું " હું પૂછુંછું કે થયું છે શું? જે હોય તે કહી દેને. શું તેં મારી ઉત્તમ ટોપી ઇસ્ત્રી કરતાં કરતાં બાળી નાંખી છે? એજ છે કની?" પૅટીએ કહ્યું "અરે શેઠાણી સાહેબ! ઘણું ખરાબ! એથીએ ખરાબ!!" શેઠાણી બોલ્યાં "એથીએ ખરાબ! એથીએ ખરાબ વળી બીજું શું હોય?" પૅટીએ ખુલાસો કર્યો કે "બાઇ સાહેબ! મારો ભાઈ જ્યોર્જ તાવના આજારને લીધે ઘણો માંદો છે, અને

તેને જીવવાની કોઇને આશા નથી. આ રહ્યો મારા પિતાનો પત્ર" મિસિસ ક્રમ્પ પોતાના બિછાનામાં જરીક બેઠી થઇ અને આશ્ચર્યથી પૅટીના સામું જોઇને બોલી "અરે ચસ્મા વગર હું શી રીતે વાંચી શકું? એની અંદર જે બીના હતી તે તેં કહી ત્યારે હવે મારે વાંચવાનું પ્રયોજન શું છે? આટલું બધુ તું શા માટે રડે છે? જો, મારાથી આ પ્રમાણે જમના સૂધી બેસી નહિ રહેવાય. આંસુ લોહી નાંખ અને મારી ટોપી લાવ. કારણ કે રડવાથી તારા ભાઇને કાંઇ સારૂં થવાનું નથી," પૅટીએ આંસુ લોહી નાખ્યાં અને કહ્યુ નહિજ, રડવાથી મારા ભાઇને સારૂં થવાનું નથી, પણ—

'પણ મારી ટોપી કયાં છે? પોશાકના ટેબલપર તે માલુમ પડતી નથી'

'પૅટીએ જવાબ દીધો, "શેઠાણી! મારથા હમણાં એને ઠીક કરીને લાવેછે." શેઠાણીએ કહ્યું "નહિ, મારથાની ઠીક કરેલી ટોપી હું નહિ પહેરૂં; જા, તુ તારે હાથે ઠીક કરી લાવ."

અગર જો કે પૅટીએ આ હુકમ સાંભળ્યો હતો તથાપિ તેની શેઠાણી વિસ્મય પામે તેવી રીતે નીચે પ્રમાણે તે બોલી. "શેઠાણી સાહેબ! મને આશાછે કે તમે મને મારા ભાઇ પાસે આજને આજ જવાને રજા આપશો. મારા સઘળા ભાઇઓ તથા બહેનો એને જોવાને ગયાંછે. મારો ભાઇ મારૂ મોં જોવાને બહુ ઈંતેજાર છે: અને તેટલા માટે મારે સારૂ એક ઘોડો મોકલ્યો છે."

'ગરજવાનને અક્કલ ન હોય' તેમ મિસિસ ક્રમ્પે પૅટીના ભાઇ તરફ વિચાર ન કરતાં કહ્યું "તેની હરકત નહિ, તારાથી નહિ જવાય; હમણાં હું તને રજા આપી શકું એમ નથી. જો તારે મારી ચાકરી કરવી હોય તો તે કર, અને તારા ભાઇની કરવી હોય તો તેની કર, અને મારી પાસેથી જા." પૅટીએ કહ્યું "શેઠાણી! જો એમજ હોય તો હું તમને છોડીને જઇશ. કારણ કે આવી વખતે હું મારા ભાઇની ચાકરી કરવા સિવાય બીજું કાંઇ પણ પસંદ કરી શકતી નથી. ઇશ્વર કરે ને હું એની સેવા બજાવવા વેળાસર જઇ પહોંચું." પોતાના હુકમનું અપમાન થયેલું જોઇ હમેશ કરતાં ઘણીજ ચીડિયણ થઇને મિસિસ ક્રમ્પે કહ્યું "શું તું મને તજીને જઇશ! અને તે વળી મારી આજ્ઞા વિરૂદ્ધ? જો એમજ હોય તો મારા

બારણામાં હવે પછી તારાથી પગ મૂકાશે નહિ. યાદ રાખ. આ ઘરમાં હું તને નહિ પેસવા દેઊં, યાદ રાખ ! યાદ રાખ ! " **પૅટી** બારણા તરફ જતે જતે બોલી 'ત્યારે હું તમને હમેશને માટે તજું છું. તમે સુખી થાઓ અને આરોગ્ય રહો એમ હું ઇચ્છુંછું; અને એકદમ મારે તમારી સાથે બગાડવું પડયું તેને માટે દિલગીર છું. **મિસિસ ક્રમ્પે** કહ્યું, 'તું મૂર્ખ છોકરી છે. આમ કરવાથી હવે મારા વીલમાં તને યાદ રાખવાની આશા રાખીશ નહિ.' **પૅટીએ** પોતાનો હાથ બારણાના ઉલાળાપર મૂકી કહ્યું "શેઠાણી સાહેબ ! હું એવી આશા રાખતીજ નથી." **મિસિસ ક્રમ્પે** કહ્યું 'ત્યારે જો હું તને કહુંછું કે તારે માટે મારા વીલમાં મેં સારી ગોઠવણ કરી છે,તો મારી પાસે રહેવાનું તને મન થશેજ. ઉલાળો ફેરવે તે પહેલાં વિચાર કર અને હમેશને માટે મને નગુણી ન કર !" **પૅટીએ** જવાબ દીધો "શેઠાણી ! મારા ભાઇ સંબંધી વિચાર કરો. હમેશને માટે તમને મારા પ્રતિ નગુણા કરવાને હું દિલગીરછું; પરંતુ આ વખતે મારા ભાઇના વિચાર સિવાય હું બીજું કાંઇપણ મનમાં લાવી શકતી નથી." આટલું કહ્યું કે તરતજ તેણે ઉલાળો ફેરવ્યો. **મિસિસ ક્રમ્પે** પૂછયું 'શું તારો ભાઇ તવંગર છે? તારો ભાઇ તને શી ગાંસડી બંધાવવાનો છે કે તું મારા પ્રતિ આવી રીત્યે વર્તવાને ઉશ્કેરાય છે!" વિસ્મયને લીધે **પૅટીથી** થોડીકવાર બોલાયું નહિ; પરન્તુ પછીથી હિમ્મત લાવી બોલી "મારે એની પાસેથી કંઇપણ લેવાની ઇચ્છા નથી. તે મારા જેવોજ ગરીબ છે, પરન્તુ તેથી હું એને ઓછો ચાહું એ કદી બનવાનું નથી" **મિસિસ ક્રમ્પ** આ વાકયનો મર્મ બરોબર સમજી શકે તે પહેલાં **પૅટી** તે ઓરડામાંથી રવાના થઇ. જે જગોએ **પૅટી** ઉભી હતી તે જગોએ તે એકી ટસે જોતી જોતી પોતાના બીછાનામાં એકજ ઢબમાં કેટલીકવાર બેસી રહી. તે પોતાનો વિસ્મય દૂર કરી શકી નહિ; તથા 'જો હું મરવા પડી હોત અને ગરીબ હોત તો મારી પાસે કોણ આવત? મારી પાસે આવે એવો મારે એકે સગો નથી? અગર જો કે તેનો ભાઇ તેનાજ જેટલો ગરીબ છે તોપણ આ છોકરી તેનાપર જેટલું હેત રાખે છે તેના કરતાં દશમા ભાગનું પણ મારાપર રાખનાર આખી દુનિયામાં કોઇ નથી' વિગેરે અસંખ્ય દુ:ખમય વિચારોએ તેના મનને અવ્યવસ્થિત કરી નાંખ્યું. પરન્તુ **પૅટીના** દોડતા જતા ઘોડાના પડઘાના અવાજને લીધે તે

આ તુરંગોમાંથી જાગૃત થઇ. તેણે ઊંઘી જવાનો પ્રયત્ન કર્યો, પણ ઊંઘ આવી નહિ, અર્ધા કલાકની અંદર એણે પોતાનો ઘંટ જોરથી વગાડયો, પોતાના ગજવામાંથી ચળકતા વીશ ગીની (૧૦ાા રૂપીઆનો એક ગીની) બહાર કાઢયા, એક ઘોડો જલદીથી તૈયાર કરવાનું કહ્યું, અને તેનાજ વહીવટ કરનારે તે ઘોડાપર બેશી વીશ ગીની લઇ પૅટીની પાછળ જવું તથા તે જો પાછી આવે તો આખી રકમ તેને આપવી એમ ફરમાવ્યું. તે બોલી કે "એક ગીનીથી શરૂ કરજો અને હા ના કરતાં વીશ સુધી આપજો. મારી મરજી છે કે એને પાછી બોલાવી જોવી, મારે ખાતરી કરવી છે કે બીજા લોકોની માફક તે પૈસાથી આવી શકે છે કે નહિ. દામ કરે કામ' એ કહેવત આના સંબંધમાં ખરી છે કે નહીં તે મારે જોવું છે ?"

વહીવટદારે પૈસા ગણી લીધા ત્યારે તેના મનમાં આવ્યું કે એક તુરંગને માટે આટલા બધા પૈસા ફેંકી દેવા એ ઠીક નહિ, તેણે પોતાની શેઠાણીને રોકડ નાણું આપતાં કદી પણ જોઇ નહોતી. પરંતુ આ વખતે તેમ નહિ કરવાને માટે દાખલા દલીલથી રકઝક કરવી એ વ્યર્થ હતું. તેનો હુકમ જહાંગીરી હતો તેથી તેને માન્ય કરવો પડયો.

બે કલાકની અંદર તે પાછો આવ્યો અને તેની શેઠાણીના બેહદ અચંબાની સાથે. લીધેલા પૈસા તેને પાછા ગણી આપ્યા. તેણે કહ્યું, કે પૅટીએ તો પૈસા સામું જોવાનીજ ચોખ્ખી ના પાડી ત્યાં બાજી શી વાત?' શેઠાણી સાહેબ આથી હદપાર ગુસ્સામાં આવી ગયાં, હાથ પગ પછાડી દાંત પીસવા લાગ્યાં, તથા મનમાં આવ્યું તેમ બકવા લાગ્યાં. અમારા વાંચનાર તેની આ લાગણીની અનુકંપા નહિજ કરે એમ ધારીને તેનું વર્ણન બંધ કરીએ છીએ.

પ્રકરણ ૫ મું.

સારો માણસ અંતઃકરણના સદ્ગુણથી સુખશાંતિમાં મરણ પામે છે.

પોતાના પિતાને રહેવાની ઝુંપડીથી **પૅટી** આશરે અર્ધા માઇલ દૂર હતી, ત્યાં તેમની નિમકહલાલ ચાકરડી **હાના** તેને મળી. આ છોકરીએ તે કુટુંબ ગમે તેવી દુર્દશામાં આવી પડયું હતું, તથાપિ તેને છોડયું નહોતું. તે ત્યાં ઉભી ઉભી સવારથી **પૅટીને** મળવાના ઇરાદાથી રાહ જોતી હતી; પરંતુ જ્યારે તેણે **પૅટીને** જોઇ ત્યારે તેનાથી બોલી શકાયું નહિ, અને **પૅટી** પણ એવી તો ગાભરી પડી ગઇ હતી કે તે તેને કંઇ પૂછી શકી નહિ. તેણે ચાપચૂપ પોતાનો ઘોડો ધીમે ધીમે ચલાવ્યો, આ જોઇ **હાનાએ** હિંમત લાવી કહ્યું 'બેન ! જરાક ઉતાવળી જા, ઉતાવળી. તે તને મળવા બહુ અધીરો થઇ ગયો છે.' **પૅટી** બોલી 'ત્યારે હજુ એ જીવે છે, તરતજ તેણે પોતાનો ઘોડો મારી મૂકયો અને ક્ષણભરમાં પોતાના બાપની ઝુંપડીના બારણા પાસે જઇ પહોંચી. **જેમ્સ** અને **ફ્રેંક** તેની વાટ જોતા બારણે ઉભા રહ્યા હતા, તેમણે તેને **ઘોડાપરથી** ઉચકી લીધી. તેના શરીરમાં કંપારો છુટવાને લીધે તે ચાલવાને અશક્ત છે એમ ધારી તેઓ તેને ઉચકીને લેઇ જતા હતા; પરંતુ તે એકદમ પોતાના ભાઇની ઓરડીમાં ધસી ગઇ. આ વખતે **જયોર્જ** બેભાન હતો તેથી **પૅટીના** આવ્યાની તેને કાંઇ ખબર પડી નહિ, **ફ્રેનીએ** તેનું માથું ઝાલ્યું હતું અને તે ખાટલામાં લાંબો સૂતો હતો, **પૅટીએ** પૃછયું, 'ભાઇ ઊંઘી ગયો છે ?' **ફ્રેની**એ કહ્યું 'ના ઊંઘતો નથી, પણ—હમણાં શુદ્ધિમાં આવશે. તું આવી જાણીને એ ઘણો ખૂશી થશે અને આપણા પિતા પણ ખૂશી થશે' **પૅટીએ** પૂછયું આપણા પિતા ક્યાં છે? આટલામાં તો કંઇ જણાતા નથી,' તેમનો પિતા ઓરડીના એક ખૂણામાં ઘૂંટણીએ પડીને ઇશ્વરની પ્રાર્થના કરતો હતો. ઓરડીમાં બારી બારણા બંધ હતાં અને **પૅટી** બહારથી આવેલી હતી તેથી બરોબર દેખી શકતી નહોતી. તે પ્રાર્થના કરી રહી દિલગિરી ભરેલા ચહેરાથી **પૅટાની** પાસે આવ્યો, અને તેનો હાથ પોતાના બે હાથ વચ્ચે લેઇ, ઇશ્વરેચ્છાને આધીન થઇ તેણે કહ્યું કે 'મારી વ્હાલી **પૅટી** ! આપણે

એની સઘળી આશા છોડવીજ જોઇએ ! ઇશ્વરની ઇચ્છા એવીજ છે! **પૅટીએ** કહ્યું અરે હજુ આશા છે; હજુ પણ આશા છે. જુવો, એના હોઠ પરનો રંગ ફરીથી આવે છે:એ એની આંખો ઉઘડી; જુવો જુવો! અરે **જયોર્જ** ? વહાલાભાઇ ? હું તારી બેન **પૅટી** શું તું **પૅટીને** હવે નથી ઓળખતો ! પોતે શું બોલે છે તે જાણ્યા વિના દુઃખથી પીડાતા **જયોર્જે** લવરીમાં જવાબ દીધો, 'પૅટી ! હા તે મારી પાસે કેમ નથી આવતી? જો મારૂં ચાલે તો હું તેની પાસે જાઊં. શું તે હજુ સુધી નથી આવી? અરે **ફ્રૅંક** ! એક બાજે ઘોડો મોકલ. ફકત છજ માઇલ દૂર છે ત્રણ કલાકના છ માઇલ, એટલે એક કલાકના કેટલા માઇલ થયા? શું દસ માઇલ? તેને બહુ ઉતાવળ ના કરાવશો. એમ ન કહેશો કે હું બહુ માંદો છું, મારા પિતાને પણ તેમ ન કહેશો. મને તેને જોવા ન દેશો. તેમ **જેમ્સને**, **ફ્રૅંકને** કે **ફેનીને** પણ જોવા ન દેશો. તેઓ મને બહુ વહાલાં છે. પરંતુ હું મરી જાઊં તે પેહેલાં પૅટીને જોવાને માટે બહુ ઇચ્છુછું પણ જોજો તેને બીવડાવતા નહિ. એમ કહેજો કે તું ત્યાં આવીશ ત્યાં સુધીમાં તો એ સારો થઇ જશે.' કેટલીકવાર સૂધી એમ બબડયા પછી વળી તેની આંખ મીંચાઇ, અને ઝોકો આવ્યો હોય તેમ લેવાઇ ગયો. એટલામાં **ફ્રૅંક** અને **જેમ્સ** ધર્મગુરૂને લઇને આવ્યા. કારણકે આમ બેભાન થયા પહેલાં **જયોર્જે** ધર્મગુરૂને બોલાવવા કહ્યું હતું. તે ધર્મગુરૂ પોતાની સાથે એક માયાળુ ડાકટર લાવ્યો હતો. આ ડાકટર તે ધર્મગુરૂને ઘેર મળવા આવ્યો હતો, અને **જયોર્જનો** મંદવાડ સાંભળી તેને જોવા આવવાની ઇચ્છા જણાવી સાથે આવ્યો હતો. તેણે આવી **જયોર્જની** નાડી તથા તેનાં ચિન્હ જોઇને કહ્યું કે 'જે ગાંધીની પ્રથમ તમે દવા કરી તે ગાંધી અજ્ઞાન હોવાને લીધે આને શો રોગ છે તે તે બરોબર પારખી શકયો નહિ, અને તેથી દવાનું કાંઇ ઠેકાણું ન રહેવાને લીધે તે આવી જોખમ ભરેલી સ્થિતિમાં આવી પડયો છે. તેને ઝેરી તાવ આવેલો હતો તેવા ઔષધને બદલે ગાંધીએ વારે વારે તેની ફસ ખોલી લોહી વહેવડાવ્યું. જો મેં બે દિવસ પહેલાં એને જોયો હોત તો હુ એને ખચિત બચાવી શકત-પરંતુ હવે તો એના વિષે કાંઇ આશા રાખી શકાતી નથી.' તોપણ તેનાથી બને તેટલો પ્રયત્ન તેણે એને માટે કર્યો, અને સાંજરે **જયોર્જની** તબીયત સુધરતી હોય એમ માલૂમ પડયું. તે શુદ્ધિમાં **આવ્યો**

અને પોતાના પિતા, ભાઇઓ, અને **ફેનીને** ઓળખ્યાં તથા તે દરેકની સાથે પોતાની હમેશની મમતા સહિત વાતચિત કરવા લાગ્યો. પછી તેણે પૂછ્યું કે **પૅટી** આવીછે કે નહિ? જ્યારે તેણે તેને જોઇ ત્યારે તસ્દી લેઇ આવવાને માટે મોટો ઉપકાર માન્યો, પરંતુ ખાસતેને શું કહેવાનું હતું તે યાદ લાવી શકયો નહિ. તેણે કહ્યુ મારા મરતાં પહેલાં મારે તમને બધાંને એકઠાં જોવાની, તથા હું જન્મ્યો ત્યાર થી તે અત્યાર સૂધી તમે સઘળાંએ મારાપર જે મમતા રાખી છે તેનો ઉપકાર માનવાની ઇચ્છા હતી; કારણકે હું મરી જઇશ એવું મને લાગેછે. નહિ! અરે નહિ! આમ રડતા નહિ. મારા પિતાની મને બહુજ દયા આવે છે. પરંતુ **જેમ્સ** અને **ફ્રેંક** એ પાછળ છે તે બધુ સંભાળી લેશે! !' પોતાનો પિતા જે ખેદ દબાવી રાખવાની મિથ્યા મહેનત કરતો હતો તે **જયોર્જ**ની નજરે પડવાથી તેણે આગળ બોલવું બંધ કર્યું. અને જાણે એનું મગજ ફરીથી બે ભાન થતુંહોય તેમ તેણે પોતાના કપાળ ઉપર હાથ મૂકયો. થોડી વારે તેણે કહ્યું કે હવે હું આપણા ધર્મગુરૂને મળવા માટે શકિતવાન છું, માટે એમને મને મળવા દો. એટલું કહી તેણે પોતાના દરેક ભાઇ તથા દરેક બેનનો એકેકો હાથ લેઇ સઘળા એકઠા કર્યા અને ચુંબન કર્યુ. પછી મુઠ ફેરવી ઉભા રહેલા પોતાના પિતા તરફ જોઇ તેણે ભાઇઓ અને બેનોને કહ્યું " જ્યાં સૂધી તમે એમને દિલાસો આપવા જીવોછો ત્યાંસૂધી એમને કશાની ખોટ ન પડે તેની બરોબર સંભાળ રાખજો. આ દુનિયામાં હું તમને ફરીથી ન જોઇ શકુ તો હવે છેલ્લા પ્રણામ; પિતાને કહો કે મને આશીર્વાદ દે." તે દુઃખ દરિયામાં ઢળી પડેલા ડોસાએ પોતાના છોકરાના, મોતની હવાને લીધે ટાઢા હિમ સરખા થઇ ગયેલા માથા પર હાથ મૂકી કહ્યું કે " ઇશ્વર તારૂ ભલું કરો ! મારા વાહાલા અને ભલા દીકરા ! પ્રભુ તારૂં કલ્યાણ કરો ! ! **જયોર્જ** પોતાના ભાઇ બેન પ્રત્યે બોલ્યો " પિતાનો આશીર્વાદ લેવો એ કેટલું બધું સુખમય છે ! જ્યારે તમારામાંથી કોઇ પણ મારા જેવી સ્થિતિમાં આવી પડો ત્યારે તમને પણ એવો આશીર્વાદ મળે એવું હું ઇશ્વરપાસે માગું છું." તે ઘરડા ડોસાએ ઓરડામાંથી નીકળતે નીકળતે કહ્યું કે " હું આશા રાખુ છું કે એવો સમય આવે તેના ઘણા વખત પહેલાં હુ પરલોકવાસી થયો હઇશ. પરંતુ ઇશ્વરની ઇચ્છા હશે તેમ થશે. ધર્મગુરૂને મારા દીકરા પાસે

જવાદો.” ધર્મગુરૂ તે ઓરડામાં થોડીકજ વાર રહ્યો. જ્યારે તે બહાર આવ્યો ત્યારે તેની મુખમુદ્રા ઉપરથી સર્વેએ જાણ્યું કે સઘળી આ શ્વાસોનો અન્ત આવી રહ્યો !!! બધે ગંભીર ચુપકી પસરી ગઇ. થોડીવાર પછી ધર્મગુરૂએ કહ્યું “હિમત ધરો; કોઇપણ માણસે એના કરતાં વધારે શુદ્ધ અન્તઃકરણથી તથા આવતી દુનિયાની વધારે સારી આશાથી આ દુનિયાનો ત્યાગ કર્યો નથી, તેથી હિમ્મત ધરો અપશોચ ! આ વખતે મનુષ્ય જીભ જે કંઇ બોલશે તેથી લેશ માત્ર પણ તમને દિલાસો મળવાનો નથી!!”

પ્રકરણ ૬ ઠ્ઠું.

સંકટને સમયે મનની મોટાઈ માન પમાડે છે.

કુટુંબના સર્વ માણસ **જયોર્જ**ના પાયદસ્તમાં ગયાં હતાં. તે દિવસે રવિવાર હતો, અને સવારની પ્રાર્થના માટે મંદિરોમાં જવાનો સમય હતો. **જયોર્જને** દાટવાની ક્રિયા કરી રહ્યા કે તરતજ તેનો બાપ, ભાઇ, બહેનો વગેરે પ્રાર્થના કરવા આવતા જતા આનંદી પુરૂષો તેમને દેખી ન શકે માટે જલદીથી ઘર તરફ વળ્યા. ઘેર જતી વખતે જે ક્ષેત્રમાં જયોર્જ કામ કરતો હતો તે ક્ષેત્રમાં થઇને તેઓ ચાલવા લાગ્યા. ત્યાં જયોર્જે કઠણ ખડક જેવી જમીન ખોદીને એકઠી કરેલી માટીનો ઢગલો, તથા તેણે છેલી વખતે કામ કરીને ઉભો કરી મૂકેલો પાવડો એ તેમની નજરે પડયાં; અને તેથી તેઓ વધારે દીલગિર થયાં.

સઘળું કુટુંબ થોડા દિવસ સૂધી પોતાના અતિ દુઃખિત પિતા પાસે રહ્યું. એક દિવસે સાંયકાળે જ્યારે તેઓ સઘળાં ક્ષેત્રોમાં હવા ખાવાને ગયાં હતાં ત્યારે પુષ્કળ ઝાકળ પડવા લાગ્યું; તેથી **જેમ્સે** પોતાના પિતાને ત્વરાથી ઘેર ચાલવાનું કહ્યું; કારણ કે એને એવી દહેશત લાગી કે એની અસરથી પોતાના વૃદ્ધ પિતાને રખેને શરદી થઇને ફરીથી સંધિવા ઉબળે. આ વખતે તેઓ પોતાની ઓરડીથી દુર હતાં. ‘હું એક ટૂંકો રસ્તો જાણુંછું’ એમ કહીને ફ્રેંક તે સઘળાંઓને એક નવિન માર્ગે લેઇ ગયો. પરંતુ આ નવિન માર્ગને લીધે તો તેઓ ઉલટા પોતાના ઘરથી ઘણા વેગળા પડી ગયા, અને

અકસ્માત્ પોતાના પ્રથમના ક્ષેત્રપર આવી ચડયા. અહીંઆં મી. **બેટસ્વર્થસે** એક સુંદર નવું ઘર બાંધ્યું હતું. તે જોઇ **ફ્રેંક** એકદમ બોલી ઉઠયો કે 'અરે! બાપાજી! અરે! મારા વહાલા બાપાજી! હું તમને આ રસ્તે લાવ્યો તેથી બહુ પસ્તાઉંછું. ચાલો ઝટ આપણે પાછા ફરીએ. તે વૃદ્ધ પિતાએ શાન્તતાથી કહ્યું 'નહિ મારા છોકરા! આપણે શા માટે પાછા ફરવું જોઇએ? આપણા પાડોશીના માલ મિલકતની લેશમાત્ર પણ ઇર્ષ્યા કે લોભ કર્યા વગર ચાલો. આપણે આ ક્ષેત્ર તથા ઘર આગળ થઇને જઇએ'. જ્યારે તેઓ એ ઘર પાસે આવ્યા ત્યારે **ફ્રેંકલાંડ** તે ઘર જોવાને તેના દરવાજા પાસે ઉભો રહ્યો. તે બોલ્યો કે 'ઘર તો સારૂં છે; પરંતુ કોઇનું સાદું ઘર જોઇને મારે ઇર્ષ્યા કરવાની જરૂર નથી; કારણ કે મારી પાસે સુંદર ઘર કરતાં પણ શ્રેષ્ટ ખજાનો છે. તે ખજાનો તો મારે સારાં તથા આજ્ઞાંકિત છોકરાં છે!' આટલા શબ્દ મી. **ફ્રેંકલાંડ** બોલી રહ્યા નહિ હોય તેટલામાં મી. **બેટસ્વર્થસ**ના ઘરનાં બારણાં ઉઘડયાં અને પરસાળમાં ત્રણ ચાર માણસો ગાળાગાળી અને મારામારી કરતા નજરે પડયા. લડવાડીઆ **બોબ** તથા જંગલી **ઉવીલના** સાદ સ્પષ્ટ સંભળાતા હતા. વૃદ્ધ **ફ્રેંકલાંડે** પોતાનાં છોકરાંઓ તરફ ફરીને કહ્યું 'આપણું અત્રે કંઈ કામ નથી, માટે ચાલો આપણે આપણા રસ્તે પડીએ.' તે લડનારા એક બીજાની પાછળ ઝડપથી ઘરની આસપાસના વંડાના દરવાજા પાસે આવી પહોંચ્યા. **બોબ** સૌથી પાછળ હતો. તેણે ઘાંટો કાઢીને કહ્યું કે 'બહાર કોણ ઉભું છે?' જે હોય તે દરવાજો વાસો? નહિ વાસો તો હું બહાર નીકળી તમે જે હશો તેના માથાંજ ફોડી નાંખીશ. દરવાજો વાસો, દરવાજો.' **ઉવીલ** સૌથી આગળ હતો, તેણે દરવાજાને લાત મારી ઉઘાડી નાખ્યો; પરન્તુ બહાર નીકળતાં નીકળતાં તેનો પગ લપસવાથી લથડી પડયો. તેના ભાઇએ તેને પકડી પાડયો અને ગળચી ઝાલીને કહ્યુ કે "ગધેડા, પેલાં બેંક નોટ મને આપ, એ મારા છે; તું ગમે તેમ કર પણ તે હુંજ લેઇશ." **ઉવીલ** ઘણો ગુસ્સે થઇ ગયો અને બોલ્યો કે 'અરે એ તો હું લેઇશ, તું ગમે તે કરને' એટલામાં વૃદ્ધ **ફ્રેંકલાંડ** વચ્ચે બોલી ઉઠયો કે 'અરે! આશો ગજબ! ભાઇઓ ભાઇઓ લડી મરે! અરે એમને છૂટા કરો, છૂટા કરો! ભાઇઓ ઇશ્વરને માટે (ઇશ્વરથી ડરીને) તમે લડતા બંધ પડો. **ફ્રેંકે** અને **જેમ્સે** તે બન્નેને વિખૂટા

પાડયા, તોપણ તેઓ તો એક બીજાને કાનમાંથી કીડા ખરે તેવી ગાળો દેતાજ ગયા. એટલામાં તેનો બાપ ત્યાં આવી પહોંચ્યો; તે પોતાના હાથ ઘસવા લાગ્યો તથા બેસતમ રોવા લાગ્યો. તેણે કહ્યું શરમ! શરમ! શરમ છે મને આ ઘડપણના વખતમાં! ભોગ છે મારા! હવે થોડાં વર્ષ તો તમે મને સુખશાંતિમાં ગાળવા દો! અરે પડોશી ફ્રેંકલાંડ! તમે ઘણા ભાગ્યશાળી છો. મારૂં હૈયું હમણાં ફાટી જશે! આ મારાં છોકરાં મારા પાયમાલ તથા મરણનું કારણ થઇ પડશે!!' એટલામાં તો તે બન્ને છોકરા વચ્ચે બોલી ઉઠયા તથા તેણે જે વર્તણુક તેમની સાથે ચલાવી હતી તેનાં રોદડાં રડવા મંડયા. પૈસા માટે તેઓએ અન્યોઅન્ય તથા પોતાના પિતા સાથે કજીયો કર્યો હતો. તેમનો બાપ તેમને અવિચારી તથા ઉડાઉ કહેતો અને તેઓ તેને ખરેખરો મખ્ખીચૂસ કહેતા.

આ દેખાવ જોઇને મિ. ફ્રેંકલાંડને કંપારી છૂટી. તેમણે તેઓને પોતાના ઘરમાં જવાની આજીજી કરી કહ્યું કે 'સદ્‌ગૃહસ્થની પંક્તિમાં રહી આ પ્રમાણે લોકોમાં પોગળ દેખાડવું એ ઠીક નહિ.' પરંતુ તેઓના અત્યન્ત ગુસ્સાને લીધે આ શિખામણ તેઓના મગજમાં ઉતરી નહિ. ગૃહસ્થની પંક્તિએ ચડયાથી તેમનામાં વર્તન, નીતિ, કે રીતભાત કાંઇ આવી શકે તેમ નહોતું. તેતો ફક્ત કેળવણીથીજ મળવાનું હતું. પૈસો મનુષ્યને લોકમાં માન અપાવે તે વાર્તા જૂદી છે; ગમે તો પૈસાવાળો મોટા મોટાં મ્હલકાઓ મેળવે, ગમે તેવી વાડી, લાડી, ને ગાડી ભોગવે, મોટા બડેજાવ કહેવાય તથા પાણી માગતાં દૂધ આવીને ઉભું રહે, તથાપિ કેળવણી લીધેલા મનુષ્ય સાથે તેની કદી પણ તુલના થઇ શકવાની નથી. જે નમ્રતા દ્રઢતા, દયા, સુશીલતા, તથા રીતભાત સારી કેળવણી મળવાથી પ્રાપ્ત થશે તે પૈસા મળવાથી કોઇ પણ દિવસ પ્રાપ્ત થનાર નથી. કેળવણી વગરનો પૈસો મનુષ્યને ઉલટો જડ તથા ઉન્મત બનાવેછે, તથા કુમાર્ગે પણ દોડાવેછે, ધન ખર્ચવાનું ખરૂં સાર્થક શેમાં છે તે તે સમજી શકતો નથી. પરન્તુ મિથ્યા મોજશોખ તથા સેલસપાટામાંજ જાણે સર્વ કંઇ સમાયું હોય તેમ ધારેછે. બેટસ્વર્થ્સનાં બાળકોને સારી કેલવણી નહિ મળેલી અને અનાયાસે પૈસાની સારી રકમ હાથ લાગી તેથી સર્વ આછકલાં થઇ જાય એમાં કાંઇ નવાઇ જેવું નથી. 'અણદીઠાનું દીઠુંને માર મહુડાંને મીઠું' તે કહેવત પ્ર-

માણે **બેટસ્વર્થ્સ**ની બાબતમાં બનેજ; કારણકે અત્યાર સુધી તેમની સ્થિતિ કંઇ સારી નહોતી, ને અકસ્માત આટલા ધનની તેમને પ્રાપ્તિ થાય તેથી તેમને સારી કેળવણી નહીં મળવાને લીધે તેઓ તેવા શોખી તથા ઉડાઉ બનેજ. જ્યારે **ફ્રેંકલાંડ** કોઇપણ રીતે તેમને સમજાવવાને નાઉમેદ થયો ત્યારે તે તે સ્થળ છોડીને પોતાની સલાહ શાન્તિભરેલી ઓરડીએ જવાને છોકરાં સહિત ચાલી નિકળ્યો.

પોતાના મઠબાજરીના સૂકાપાકા રોટલાનું વાળુ કરવા જ્યારે તે આખું કુટુંબ બેઠું ત્યારે મિ. **ફ્રેંકલાંડ** બોલ્યો કે 'મારા પ્રાણાધિક છોકરાં! આપણે ગરીબ છીએ, પરંતુ એક બીજાને જોઇને ઘણાં સુખી છીએ. મી. **બેટસ્વર્થ્સ**ના સુંદર ઘરનાં આપણે ઇર્ષ્યા ન કરવી જોઇએ એવું મારૂં કહેલું શું ખોટું હતું?' મારાપર ગમે એવાં સંકટો આવી પડે તથાપિ સદ્‌ગુણી છોકરાંઓ મારી પાસે રહેશેજ. આવાં સદ્‌ગુણી છોકરાંઓ મને ગમે તો આખી દુનિયા મળે તથાપિ હું કોઇને આપું નહિ. ઇશ્વર તેમનું રક્ષણ કરો!' તેણે વિશ્વાસ મૂક્યો. અને તરતજ કહ્યું કે 'મરી ગયેલા સદ્‌ગુણી છોકરાનો વિચાર કરવો એ ઘણું દુઃખકારક છે; પરન્તુ જીવતા દુર્ગુણી છોકરાને સંભારવો એ એથી પણ અધિક દુઃખદાયક છે. એ તરફનું સંકટ મારે માથે કદાપિ પણ આવી પડવાનું નથી.' તરતજ તેણે પોતાનો સાદ બદલી નાંખ્યો અને કહ્યું 'મારાં વહાલાં દીકરા દીકરીઓ! આવી તરેહની આળસુ વાતો હમેશ થવી ન જોઇએ તમે સર્વ એટલા બધાં ગરીબ છો કે .આળસુ થઇ બેસી રહયે પરવડે તેમ નથી. આવતી કાલે તમારે સઘળાંઓએ પોત પોતાના અસલ કામપર દાખલ થવું.' તે સાંભળી સઘળાંએ એકે સાદે પૂછ્યું 'પણ પિતાજી! અમારામાંથી તમારી પાસે કોને રાખો 'છો? **ફ્રેંકલાંડે** કહ્યું, "તમારામાંથી એકેને હું રાખતો નથી. દુનિયામાં તમે સારી રીતે કામ કરો છો તથા નભો છો, તેથી હું તમને તમારા શેઠ કે શેઠાણી પાસેથી છીનવી લેવાને ઇચ્છતો નથી." **પૅટીએ** કહ્યું "પણ સર્વ કરતાં મારે રહેવાનું સબળ કારણ છે, કારણકે **મિસિસ ક્રમ્પનું** ઘર છોડતી વખતે તેણે જે કહ્યું હતું તે પરથી તે ફરીને મને પોતાને ત્યાં નોકરીમાં દાખલ કરશે નહિ" પરન્તુ **ફ્રેંકલાંડનું** મન કશાથી ડગ્યું નહિ. પોતાના કોઇ પણ છોકરા કે છોડીને પોતાની પાસે રાખવાની તેણે ચોખ્ખી ના પાડી. આખરે **ફ્રેંકે** કહ્યું "આ ક્ષેત્રની વ્યવસ્થા

તથા સંભાળ કોઇની મદદ વગર તમે શી રીતે કરશો. ગમે તો મને યા **જેમ્સને** તમારી પાસે રહેવા દો. ઇશ્વર ન કરેને કદાચ તમને સાંધવાનો સણકો આવે તો પછી શીવશે?" **ફ્રેંકલાંડે** થોડીવાર ચૂપ રહીને ઉત્તર વાળ્યો કે " જો હું માંદો પડીશ તો આપણી ગરીબ **હાના** મારી ચાકરી કરશે, એને હું યોગ્ય પગાર આપી શકું તેટલો હું હજી શક્તિવાન્ છું. મારાં છોકરાંઓને હું બોજારૂપ નહિ થઇ પડું. હાથમાં પાવડો લઇ સણકાથી પીડાતે પીડાતે કામ કરવાની હવે મારામાં શક્તિ નથી. મારો દેશાઇ **મિ. હેવિટ** બહુ સારો માણસ છે, અને મારાપ્રત્યે બહુ સ્નેહભાવ રાખે છે. મારી પાસે પૈસા આવશે ત્યારે તેની સાંથ ચુકવીશ. તે તેમ કરવા કબુલ છે; અને વળી એમ પણ કહે છે કે 'આ કોટડીમાં સુખેથી ભાડું ભર્યાં વગર રહો.' પણ તેમ કરવા મારી ખૂશી નથી. કારણ કે 'મીઠા ઝાડનાં મુળ કાપવાં' એ કાંઇ ઠીક ન કહેવાય." તેના છોકરાંઓએ પૂછ્યું 'પિતાજી! ત્યારે તમે શું કરશો?' તેનો એ વૃદ્ધ પિતાએ એવો જવાબ આપ્યો કે કાલે અહીંઆ જે ધર્મગુરૂ આવેલો હતો તેણે મારે માટે એક ઘર શોધી કાઢ્યું છે. એને માટે તેને તેમ મને એક પાઇ પણ ખર્ચ થાય તેમ નથી; અને વળી હમેશાં હું તમારી પાસેજ રહીશ'. **ફ્રેંક** વચ્ચે બોલી ઉઠયો 'પિતાજી! પણ તમારી બોલવાની ઢબ ઉપરથી મને એમ સમજાય છે કે એ ઘર તમને કંઇક કારણસર રૂચતું નથી,' વૃદ્ધ **ફ્રેંકલાંડે** કહ્યું 'તારૂં કહેવું ખરૂં છે, પરંતુ તે દોષ મારા સ્વાભિમાનનો છે; તેમજ મારી આટલી ઉમરે જીતી ન શકાય એવા કેટલાક મારા જુના વિચારોને લીધે પણ એમ થાય છે. ખરેખર, ધર્મશાળામાં જઇ રેહેવાનું મને પસંદ નથા.' તરતજ સઘળાં છોકરાંઓ ગભરાઇને એકદમ બોલી ઉઠયાં કે " ધર્મશાળા! અરે પિતાજી! તમારે ધર્મશાળામાં જઇને ન રહેવું. **ફ્રેંકલાંડનાં** છોકરાંને પોતાના પિતાનું ધર્મશાળામાં જઇ રહેવું સાંભળી એટલો બધો તો કંટાળો છૂટયો કે તેઓએ પોતાની કમાઇના પૈસા એકઠા કરી જે કોટડીમાં તેમનો પિતા રહેતો હતો તેનું ભાડુ ભરવાનું કહ્યું, પરન્તુ **ફ્રેંકલાંડ** જાણતો હતો કે 'જો હું એ પૈસા લઇશ તો તેઓ સઘળાં દુઃખમાં આવી પડશે.' તેથી પોતાની આંખમાં સ્નેહાશ્રુ લાવી તે બોલ્યો કે ' મારાં વહાલાં છોકરાં! તમને સઘળાંને હું તમારી ભલાઇ માટે સાબાશી આપું છું, પરન્તુ હું તમારી દરખાસ્ત કબૂલ કરી શકતો

નથી. હું મારૂં પોતાનું ભરણ પોષણ બરોબર કરી શકતો નથી તેથી ફક્ત એક મિથ્યાભિમાનને માટે મારે મારાં છોકરાંઓના નાશકર્ત્તા થવું ન જોઇએ, તેમ હું તમને બોજારૂપ થવા પણ ઇચ્છતો નથી. તવંગર માણસની ઠાલી ભભકાદાર સખાવત પર ગૂજરાન ચલાવવા કરતાં જનસમૂહથી સ્થાપાયેલી ધર્મશાળામાં રહેવું હું વધારે પસંદ કરૂં છું, આ બાબતનો દૃઢ ઠરાવ કર્યોજ છે અને કોઇ પણ તરેહથી હું તે ઠરાવ તોડવા લલચાવવાનો નથી. મેં **મન્મથની** ધર્મશાળામાં રહેવાનો નિશ્ચય કર્યો છે **એટલુંજ નહીં પરંતુ મારાં છોકરાં! ધીરજ ધરો હું એક વર્ષ તે ધર્મ**શાળામાં રહીશ અને તે દરમિયાન મારી માંદગીના પ્રસંગ સિવાય હું તમને એકેને કદી મળીશ નહિ. આજથી બરોબર બાર મહિના શિવાય મને મળવા આવવાને તમને સખ્ત મના કરૂં છું; અને તે વખતે જો તમે પોતાને કંઇપણ હરકત સિવાય મારૂં સારી રીતે ગુઝરાન ચલાવી શકો તેવાં હશો તો મારી બાકીની જીંદગી માટે તમારી દયાનો સ્વીકાર હું ઘણી ખુશીની સાથે કરીશ!!" સૌ છોકરાંએ ખાતરીથી કહ્યું કે 'અમને કાંઇ પણ હેલો હરકત થયા શિવાય તમારા ગુજરાન જોગ રકમ વર્ષ પૂરૂં થયાના ઘણા વખત પહેલાં અમે એકઠી કરી શકીશું, માટે જ્યારે અમારી પાસે તેટલી રકમ એકઠી થાય ત્યારે તમને મળવા આવવાની કૃપા કરી રજા આપો.' પરન્તુ વૃદ્ધ **ફ્રેંકલાંડે** પોતાના નિર્ણયમાં કાંઇપણ ફેરફાર ન કરતાં એક વર્ષની અંદર તેઓ એને કદી પણ મળવા ન આવે તે બાબતનું નક્કી વચન લીધું. બીજે દિવસે સવારમાં તે સઘળાની ઘણીજ મમતાથી રજા લેઇને એણે કહ્યું કે "મારાં પ્યારાં છોકરાં! ઉદ્યમ તથા સારી ચાલને માટે મેં તમને હવે મોટામાં મોટું સાધન આપેલું છે. અત્યાર સૂધીમાં તમે તમારી ચાલચલગત વગેરેને માટે જે સારી સાખ મેળવી છે તેથી પણ વધારે આવતા વર્ષમાં મેળવશો, તથા પ્રમાણિકપણે ને સન્માર્ગે વર્તીનેજ આ લોક તથા પરલોકનું હિત સાધી લેશો એમાં તમને ફરીફરીને કહેવું પડે તેમ નથી. બરોબર આજથી બારે મહીને આપણે ફરીથી મળીશું, મને આશાછે કે અત્યારે આપણું જૂદા પડવું જેટલું ખેદકર્ત્તા છે તેટલુંજ તે દિવસનું આપણું મળવું આનંદદાતા થઇ પડશે.' તે છોકરાંઓએ પોતાના પિતાના નવા મૂકામ સૂધી સાથે સાથે જવાની માગેલી આજ્ઞા તેને મહા મુશીબતે મળી.

ત્યાં પહોંચ્યા બાદ વૃદ્ધ **ફ્રેંકલાંડે** પોતાના રસોડાપરની છાજ

લીપર સ્વચ્છ રકાબીઓ વગેરે ગોઠવેલું હતું તેની ચળકતી હાર તરફ આંગળી કરી કહ્યું "મ્હારાં વહાલાં છોકરાં! જુઓ; અત્રે મારે કશાની જરૂર પડે તેમ નથી, માટે બહુ દયા ખાવા જેવું કાંઇ નથી." તેમનો પિતા આ પ્રમાણે બોલતો હતો ત્યારે છોકરાં નિરાશ થઇ ચાપચુપ ઉભાં રહ્યાં હતાં. તેઓ છૂટા પડયાં તે પહેલા બરોબર એક વર્ષે પોતાની વર્ષ દહાડાની કમાઇ સાથે ત્યાં મળવાનું નક્કી કર્યું. તેઓને આશા હતી કે આમ એકત્ર કરેલો પૈસો ફરીથી તેમના પિતાને આખી જીંદગીને માટે સ્વતંત્ર કરશેજ. આમ આશા ભર્યાં તેઓ છુટાં પડી પોતાના શેઠ તથા શેઠાણી પાસે આવ્યાં.

મન્મથ શહેરની ધર્મશાળા બીજા ગામની ધર્મશાળાઓ કરતાં ઘણી સારી હાલતમાં છે. તે ઘણી સ્વચ્છ અને સગવડ ભરેલી રહેછે. નાની નાની કોટડીઓ હારબંધ બાંધેલી છે; એ દરેક કોટડીની પાછળ એક નાનો બાગ હોય છે, તેની અંદર જુદી જુદી તરેહનાં શાકભાજી વગેરે વાવેલાં હોય છે, આ બાગ તેમાં રહેનારાં ઘરડાં માણસો પોતાને હાથે ખેડે છે. કોટડીઓની અંદર સગવડતાથી રાચરચીલું પૂરેલું હોય છે, તથા દરેક માણસને જોઇતી ચીજો ત્યાં પૂરી પાડેલી માલૂમ પડેછે. તેથી ધર્માદા ખાતામાં માલમિલકત માટે જે તકરારો ઉઠેછે તે તકરારોનો સંભવ, કે કામદારોની લાલચ, એમાંનું કાંઇ ત્યાં નહોતું.

પ્રકરણ ૭ મું.

એકલપેટા પણાનો ગુણ સુખભોગનો નાશકર્ત્તા છે.

મિસિસ ક્રમ્પને ત્યાં રહેલા પોતાનાં લૂગડાં તથા થોડાક મહિનાનો બાકી રહેલો પગાર લેવા **પૅટી** ગઇ. પોતાની તથા પોતાની શેઠાણીની વચ્ચે જે બનાવ બન્યો હતો તેને લીધે **પૅટીના** મનમાં એવું સ્વપ્નુ પણ નહોતું આવ્યું કે '**મિસિસ ક્રમ્પ** મને ફરીથી રાખવાની ખુશી બતાવશે.' તેથી **મન્મથ** શહેરમાં બીજી સાંભળેલી જગોને માટે તે આશા રાખતી હતી, અને તે જગો હરેક રીતે પોતાને સગવડ પડતી ધારતી હતી.

જ્યારે તે **મિસિસ ક્રમ્પને ઘેર** ગઇ ત્યારે ત્યાં પ્રથમ **મારથા** તેને મળી; તેણે કપટભાવથી ખોટું કહ્યું કે 'મિસ **પૅટી,** ઘણીજ

દિલગિરીની વાત! તારા એકદમ જવાથી શેઠાણીને એટલો બધો રંગેરંગ ક્રોધ વ્યાપી ગયો કે તે ગાંડા જેવી થઇ ગઇ છે. તું ગઇ તે રાત્રિએ તો એ બેભાન થઇ ગઇ હતી, અને ત્યાર પછી કાંઇ બોલતી પણ નથી.' **બેટી** કરીને એક કામ કરનારી **મિસિસ ક્રમ્પના** ઘરમાં હતી, તે **પૅટીના** પર મમતા રાખતી હતી. તેણે **મારથાનું** બોલવું સાંભળી **પૅટીને** ધીરજ આપી કે 'એથી તારે કાંઇ મનમાં લાવવું નહીં. એમાં તારો કાંઇ વાંક નથી. કારણ કે તારા ભાઇ પાસે ગયા વિના તારે ચાલે તેમ નહોતું. લે, આ પાણી પી; સઘળો દોષ તારે માથે મૂકીશ નહિ. આશરે **સવા** વર્ષપર શેઠાણીને એવી બેશુદ્ધિ આવી હતી. જો તું રહી હોત તોપણ એને આવી ફરીથી આવતજ; માટે એમાં તારે કાંઇ દિલગીર થવા જેવું નથી.' આટલી વાત થઇ તેટલામાં તો **મિસિસ ક્રમ્પે** ઉપરાઉપરી ઘંટ વગાડવા માંડયો. સઘળાં પાસેના ઓરડામાં જઇ પહોંચ્યા. હમેશના કરતાં તાણીને ઘાંટા પાડી વાત કરવામાં આવ્યાથી કંઇ નવિન જાણવાની ખાયેશ રાખી **મિસિસ ક્રમ્પે** ઘંટ વગાડયો હતો. **મારથા** પોતાની શેઠાણીના ઓરડાનું કમાડ ઉઘાડી નીચે પ્રમાણે તેને કહેવા લાગી કે 'એતો **પૅટી ફ્રૅંકલાંડ** છે. બીજું કોઇ નથી.તે પોતાનાં અત્રે રહેલાં કપડાં તથા પગાર લેવા આવી છે.' પછી **બેટીએ** બારણા સૂધી જઇને કહ્યું કે 'તમે આટલાં માંદાં છો તેને માટે એ ઘણી દિલગીરી બતાવેછે.' પોતાની માંદગીમાં કોઇ પણ દિવસ નહિ નીકળેલા એવા સ્પષ્ટ સાદથી શેઠાણી બોલ્યાં કે 'એને અંદર આવવા દો.' **પૅટી** બાજુએ ઉભી રહી બધું સાંભળતી હતી. તે તરતજ અંદર આવી તેના તરફ એકી ટશે જોઇને **મિસિસ ક્રમ્પે** પૂછ્યું કે 'છોકરી,તું સાચું કહેછે કે તું મારે માટે દિલગીર છે?' **પૅટીએ** કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ, પરંતુ તેની દશા જોઇ તેને કેટલો ત્રાસ છૂટયો હતો તે તેના ચહેરા પરથી સ્પષ્ટ દેખાઇ આવતું હતું. તેની શેઠાણી બોલી 'અરે! મને ખાત્રી થાય છે કે તું મારે માટે દિલગિર છેજ, અને તેમ હું પણ તારે માટે દિલગીર છું, આટલું બોલી તેણે પોતાનો હાથ લાંબો કરી **પૅટીનું** કાળુ ગવન ઝાલીને કહ્યું કે 'મારો શોક કરવાને માટે તારે સારૂ આના કરતાં ઘણું સારૂં ગવન આવશે. પરંતુ મને માલૂમ છે કે તું તે વિશે વિચાર કરતી નથી, અને તેટલાજ માટે સઘળાઓ કરતાં પણ હું તને વધારે કીમતી ગણું છું.

મારી ચાકરી કરવા તું મારી પાસે રહે. અરે ! હું ખુશ થઇ જાઉં તેવી રીતે તું મારી મરજી ઉઠાવે છે, માટે જરૂર મારી પાસે રહે. જ્યારે હું તને રહેવાનું કહું છું ત્યારે મને આવી સ્થિતિમાં મૂકીને તું ખસુસ નહીંજ જાય. **પૅટી** નિર્દય થઇ પોતાની શેઠાણીનો બોલ ઉથાપે તેમ નહોતું; તેથી તે ત્યાં રહી. રફતે રફતે **મિસિસ ક્રમ્પને પૅટી**પર એટલો તો પ્યાર વધતો ગયો કે એક પળ પણ તેને પોતાની નજર પાસેથી આઘી ખસવા દે નહીં. **પૅટી** સિવાય બીજા કોઇના હાથે તે અનાજ કે દવા કાંઇ ખાય પીયે નહીં, અને **પૅટી** જે સવાલ પૂછે તેનાજ ફક્ત જવાબ આપે. આથી ગરીબ **પૅટી** જે થાક તથા કેદખાનું સહન કરવું પડતું તે ઘણા મજબૂત બાંધા વગરના માણસને હાનિકર્ત્તા થઇ પડે તેવું હતું; પરંતુ **પૅટી** આ સઘળું ઘણીજ ધીરજથી તથા આનંદી સ્વભાવથી સહન કરતી. જે કામ તેની શક્તિની હદ ઉપરાંત હતાં તે કામ 'પોતે કાંઇ સારૂંજ કામ કરે છે' એમ વિચારી કર્યા કરતી હતી.

આટલું ખમવાથી તેને પતે તેમ નહોતું. પોતાની શેઠાણીનો **પૅટી**પર બેહદ પ્યાર જોઇને **મારથા** નખથી તે શિખા સુધી તેનાપર બળતી હતી; આટલા માટે કોઇવાર તે બોલતી કે 'કેટલાંક માણસો બીજા કરતાં વધારે ભાગ્યશાળી તથા વધારે પ્રપંચી હોય છે: પરંતુ તેમાંનાં કેટલાંક પોતાની ધારણાઓમાં અંતે નિષ્ફળ થાય છે.' પ્રથમ તો **પૅટી** આ સૂચના પર લેશમાત્ર પણ ધ્યાન આપ્યા વગર પોતાના સીધે રસ્તે ચાલી જતી હતી, પરંતુ આખરે તેના પર લક્ષ દેવાની તેને જરૂર પડી. **મિસિસ ક્રમ્પ**નાં સગાંસંબંધીઓને **મારથા**એ એવી ખબર આપી કે 'મારી શેઠાણીની તબીયત દિવસે દિવસે બગડી જાય છે, અને તે એક ચાકરડીના કહ્યા પ્રમાણેજ ચાલે છે; તેના શિવાય બીજા કોઇને તે પોતાની પાસે પણ આવવા દેતી નથી. આ ચાકરડીએ મારી શેઠાણીને એટલી બધી વશ કરી દીધી છે કે તેનું પરિણામ કેવું નિવડશે તે હું કહી શકતી નથી.' આ બીના જાણી **મિસિસ ક્રમ્પ**નાં સગાવહાલાંઓમાં ભારે ગભરાટ ઉત્પન્ન થયો. તેઓ જાણતાં હતાં કે થોડાંક વર્ષપર તેણીએ તેમના લાભનું એક વસિયતનામું કર્યું હતું; અને તેથી તેઓ એવી બીક રાખતાં હતાં કે રખેને **પૅટી** એ વસિયતનામું ફેરવાવે અને સઘળી દોલતની માલિક પોતેજ થઇ બેસે. આ વાત તેમના મગજમાં સજ્જડ ચોટી ગઇ હતી;

કારણ કે તે વખતે વર્તમાનપત્રોમાં એવો એક દાખલો બહાર પડયો હતો, અને પોતાની શેઠાણીના બેહદ પ્યારને લીધે પોતાની **સત્તાનો** ગેરઉપયોગ કરવામાં એક ચાકરડી કેવી ફાવી ગઇ હતી તેનો સર્વ વૃત્તાન્ત જાહેરમાં મૂકવામાં આવ્યો હતો. **મિસિસ ક્રમ્પ**નાં નિકટના સગાંઓમાં બે ભત્રિજા હતા. મોટાનું નામ **જોસ્યુઆ ક્રમ્પ** હતું તે વેપારી હતો અને **લીવરપૂલ**માં રહેતો હતો. નાનાનું નામ **કેપ્ટન બ્લુમિંગટન** હતું. આના વિષે આપણે પ્રથમથી કંઇક માહિતગાર થયા છીએ તેને પણ વેપારમાં નાંખવાનો વિચાર હતો; પરન્તુ કોઇ પણ ધંધે વળગવા તેનું દિલ ચોટતું નહીં. આખરે શરાફની દુકાનેથી નાશી જઇને લશ્કરમાં દાખલ થયો તે આળસુ તથા ઉડાઉ જુવાનીઓ હતો. તેની મોટી કાકી (**મિસિસ ક્રમ્પ**) કેટલીકવાર તેનાપર પ્યાર બતાવતી. કેટલીક વાર તેને આંખોના પાટા જેવો ગણતી, કેટલીકવાર તેને પૈસા આપતી, તથા કેટલીકવાર તેને પોતાની સમક્ષ ધણ આવવા દેતી નહીં, અને કહેતી કે 'મારી મિલકતમાંથી લાલ પાઇ પણ તને મળવાની નથી.' આ એનો છેલ્લો ઠરાવ હતો. પરંતુ **કેપ્ટન બ્લુમીંગટન**ના મનમાં એમ આવ્યું કે 'હું સહેલાઇથી એની કૃપા સંપાદન કરીશ' અને તેટલા માટે **મારથા**ની ખબરથી ત્યાં આવી બેજે બેજે ઘરમાં જવાની તેણે હિમ્મત કરી. **મિસિસ ક્રમ્પે** તેને મળવાની માથામાં વાગે તેવી ચોખ્ખી ના પાડી. બીજે દિવસે તે પોતાનાં માણસો સહિત ત્યાં આવ્યો. **પૅટી** તેમનો આદરસત્કાર કરવા તૈયાર નહોતી, કેપ્ટન સાહેબની સાથે **મિસ સેલી બેટસ્વર્થ** હતી. તેણે લશ્કરી પોશાક પહેરેલો હતો. આ માણસનો પ્રથમ **જેસીપર** પ્યાર હતો, પરન્તુ તેનો એક નવો અને વધારે તવંગર રમણ મળ્યો તેથી તેણે પોતાના રિવાજ પ્રમાણે આને તરછોડી દીધો. **સેલી**ને પરણવાની ઉતાવળ હતી, તેથી તેણે ધણો પ્રયત્ન કરી આ કેપ્ટનને પોતાનો કરી લીધો. તે એમ ધારતી કે 'આતો ખચિત મારોજ છે.' પરન્તુ આ બીના પડી મૂકી આપણે આપણા પ્રસ્તુત વિષયપર આવીએ:—

પૅટીને ખબર કરવામાં આવી કે 'એક ગૃહસ્થ અને એક સ્ત્રી દીવાનખાનામાં તને મળવા ઇચ્છેછે.' તેણે દીવાનખાનામાં પગ પણ મૂકયો નહોતો તેટલામાં તો **સોસી સેલી**એ જબરાના પણ હાંઝા ગગડાવી નાંખે તેવી રીતે તેને ધમકાવવા માંડી. 'વાહ! વાહ! બહુ સારી વાત! તમે તો એમ ધારતાં હશો કે બધી બાજી તમારાજ

હાથમાં હશે ! પણ શેઠાણી સાહેબ ! એમ મનમાં ફુલાઇ જશો નહીં ! હું કંઇ તારાથી દબાઇ જાઉં એવી નથી.' પૅટીએ નમ્રતાથી પણ દૃઢતાથી જવાબ દીધો કે 'હું પણ કંઇ તમારાથી દબાઇ જાઉં એમ મને લાગતું નથી. મહેરબાની કરીને શાન્તિથી મને કહો કે મારૂં અગર મારી શેઠાણીનું તમારે શું કામ છે ! સેલીએ કહ્યું 'આ ગૃહસ્થ તારી શેઠાણીને મળવા ઇચ્છેછે. આ છાની વાત છે છતાં મારે તને જણાવવું જોઇએ કે આ સદ્‌ગૃહસ્થ અને હું થોડા વખતમાં લગ્નરૂપી ગાંઠથી જોડાવાનાં છીએ. તેથી આ કામમાં હું ઘૂમુ તેમાં કંઇ તારે આશ્ચર્ય થવા જેવું નથી. હું કદી પણ નકામી ઘૂમતી નથી માટે ગુસ્સે થા કે ન થા પણ બંધુએ સાંભળવું પડશે. હવે વધારે રકઝક કર્યા વગર આ ગૃહસ્થને એની કાકીના ઓરડામાં લઇ જા: કારણ કે ત્યાં જવાનો એનો હક સર્વથી પહેલો છે. કોઇ પણ રીતે જો તું મના કરીશ તો હું કાયદેસર ઇલાજ લેઇશ, અને (મારથા હાથમાં રોટલી તથા દ્રાક્ષારસ લેઇને આવતી હતી તેનાં સામી આંગળી કરીને) જો તું મારા ધણીને તેની કાકી પાસે જવાની રજા નહિ આપે તો આ માનવંતી બાઇને સાક્ષી તરીકે લેઇ જઇશ. ફક્ત એટલુંજ કહેને કે "તમે જઇ શકશો નહી" અને પછી જુઓ શેઠાણી સાહેબ તમારી મજા ! એટલું આ સાક્ષીની અગાડી કહે એટલે બસ,' પૅટીએ કહ્યું 'મારે એવો ઉત્તર દેવાની કંઇ જરૂર નથી; કારણ કે મારી શેઠાણી પાસે આ ગૃહસ્થને જતાં અટકાવવાની મારી લેશમાત્ર પણ ઇચ્છા નથી, તેણે પોતેજ એને આવવાની ના પાડી છે. હું ધારૂં છું કે જો એ જબરજસ્તીથી ત્યાં જશે તો મિસિસ ક્રમ્પને ઘણુંજ માઠું લાગશે. પરંતુ જો એમને તે અજમાવી જોવાની ખુશી હશે તો મારે મના કરવાની કાંઇ જરૂર નથી. આ નીસરણી રહી અને જમણા હાથની પહેલી ઓરડીમાંજ મારી શેઠાણી છે. પણ સાહેબજી! તમારા જતા પહેલાં મારે તમને ચેતાવવાં જોઇએ; કારણ કે ભોગજોગે જો તમે એમને ચમકાવશો તો એમનું મૃત્યુ થઇ બેસશે. જરીક અચંબો કે ગભરાટ એમને બેશુદ્ધિમાં લાવી નાંખેછે હવે શું કરવું તે વિચારમાં કેપ્ટન બ્લુમિંગટન અને સેલી એક બીજાના સામુ જોવા મંડયા. એક બારી અગાડી તેઓ મસલત કરવાને ગયાં, અને તેઓ છાની છાની વાત કરતાં હતાં તેટલામાં એક ગાડી બારણા આગળ આવી ઉભી રહી. એ ગાડી મિસિસ

ક્રમ્પના સગાવહાલાંથી ભરેલી હતી. આ સઘળા **મારથાએ** લખેલા કાગળને લીધે ડાગની ગાડીમાં બેશીને આવ્યાં હતાં. **મીઠ જોસ્યુઆ ક્રમ્પ** એ ગાડીમાં હતો નહીં. તેને પણ લખવામાં આવ્યું હતું પરંતુ તે **લીવરપૂલથી** આવી પહોંચ્યો નહોતો.

અત્રે કહેવું જોઇએ કે આ ગાડીમાં આવેલાં સઘળાં **કેપ્ટન બ્લુમીંગટનનાં** કટ્ટાં દુશ્મન હતાં. તેથી જ્યારે તેઓ ગાડીમાંથી બહાર નીકળ્યાં અને દીવાનખાનાની બારીએ તેને ઉભેલો જોયો ત્યારે તેઓને અનહદ આશ્ચર્ય અને ધિક્કાર ઉત્પન્ન થયાં શકથી સાહસિક થઇને તેઓએ નિર્ણય કર્યો કે પૅટીને લાંચ આપી તે **મિસિસ ક્રમ્પ** પાસે જાય છે અને બીજાઓને આવવા દેતો નથી. આ વિચાર કરી તેઓ ગાડીમાંથી બહાર નીકળી **પૅટી** પાસે થઇને **મારથા** પાસે ચાલ્યાં ગયાં. **મારથા** એક બીજી કોટડીમાં તેમની સાથે ગઇ અને થોડીકવાર સૂધી તેમની સાથે ત્યાં રહી. દીવાનખાનામાંથી બહાર નીકળી **સોસીસેલીએ કેપ્ટન બ્લુમીંગટનને** મોટેથી કહ્યું "એતો આપણી સાથે પ્રપંચ રમેછે. 'એક પગ દૂધમાં ને એક પગ દહીંમાં' રાખે છે. મેં તમને પ્રથમથીજ કહ્યું હતુ કે એનો વિશ્વાસ રાખશો નહીં. મારા સિવાય કોઇનો વિશ્વાસ રાખશો નહીં. હું તમને છેક તમારી કાકીના ઓરડા સૂધી લઈ જઇશ, હું તમને ત્યાં સૂધી લાવો છું; હવે કેમ વર્તવું એ તમારૂં કામ છે. તમારા દેખતાં દેખતાં આ બીજા દાખલ થઇ જશે; પછી તમે શું કરશો ? અને ક્યાં જશો !"

આ વખતે **મિસિસ ક્રમ્પે** જોરથી પોતાનો ઘંટ વગાડયો અને **પૅટી** પોતાની શેઠાણીના ઓરડા તરફ દોડી ગઈ. તેણે પૂછયું કે 'અરે **પૅટી** હું અર્ધા કલાકથી આ ઘંટ વગાડું છું, તોપણ તું કેમ નથી આવતી ? નીચે આ બધો ગડબડાટ શેનો છે ?' **પૅટીએ** કહ્યું 'બાઇ સાહેબ, તમારા સગાં સર્વ આવેલાં છે, અને તેઓ તમને જોવાને બહુ ઉત્સુક છે, મને આશા છે કે તમે તેમને ના નહીં પાડો.' **મિસિસ ક્રમ્પે** જવાબ દીધો "ખરેખર ! મને મૂએલી અને દાટેલી જોવાને ઉત્સુક હશે; તેમાંનું એકે મારી તલભાર પણ દરકાર રાખતું નથી. તેમને કહે કે ' એમણે એમનું વસિયતનામું કરી મૂકયું છે થોડા વખતમાં તમને તે બતાવશે.' મારે કોઇનું પણ મોં જોવું નથી" આટલી વારમાં તો તેઓ સઘળા **મિસિસ ક્રમ્પના** સૂવાના

ઓરડા નઝદીક આવી પહોંચ્યાં. કોણ પહેલું પેસે તે બાબત સર્વે રકઝગ કરતાં હતાં. **કેપ્ટન બ્લુમિંગટનની** પસંદ કરેલી સ્ત્રી તરીકે પોતાને ત્યાં આવવાનો હક છે એમ **સોસીસેલી** મોટે અવાજે બૂમ મારતી હતી. **મિસિસ ક્રમ્પ** બોલી ' **પૅટી,** તેમને કહે કે જે મારા ઓરડામાં પહેલો પગ મૂકશે તે મારી પાસેથી લાલપાઇ પણ પામશે નહીં.' **પૅટીએ** બારણું ઉઘાડયું. તરતજ તેઓ સઘળા બોલતાં બંધ થઈ ગયા. તેમને **પૅટીએ** કહ્યું 'મારી શેઠાણી શું કહેછે તે જરીક લક્ષ દઇને સાંભળો.' પછી પોતાની શેઠાણી તરફ જોઇને તેણે કહ્યું 'શેઠાણી સાહેબ, તમારે જે કહેવું હોય તે કહો. કારણ કે સર્વના મનમાં એવો શક છે કે હું તમને જેટલા અક્ષર શીખવું છું તેટલાજ તમે બોલોછો, અને હું જાણી જોઇને તમારાં સગાંને તમારી પાસે આવવા દેતી નથી.' પોતાથી બોલાય તેટલા ઊંચે સાદે **મિસિસ ક્રમ્પ** બોલી 'પહેલો જે મારા ઓરડામાં પેસશે તેને એકે પાઇ પણ મળશે નહીં; બીજો પેસશે તેને પણ એમ, ત્રીજાને પણ તેમ તમારામાંથી કોઇનું પણ મોં જોવાને કે કોઇની સામે વાત કરવાને હું ખૂશી નથી.' અંદર પેસવાની કોઇની પણ હિમ્મત ચાલી નહીં. **મિસિસ ક્રમ્પની** આજે કેવી તબીયત છે તે જોવા આવવાનું તેમનું બાનું તેમના મનમાંને મનમાં રહ્યું. બંને પક્ષવાળાં જૂદા જૂદા ઓરડામાં ગયાં અને ત્યાં **પૅટીપર** ગાળોના વરસાદ સિવાય બીજુ કાંઇ પણ બોલાતું નહોતું. ત્યાં તેમણે કાગળ, કલમ અને શાહી મંગાવ્યાં, અને પોતાને જે લખવાનું હતું તે લખ્યું. **પૅટી** જાતેજ તે ચીઠીઓ લઇ ગઇ. અગર જો કે **મારથાને** સઘળાંઓએ લાંચ આપી હતી તથાપિ પોતાને **મિસિસ ક્રમ્પ** તરફથી જે કાંઇ મળવાનું હતું તે ગુમાવવાની બીકને લીધે તે ચીઠીઓ લઇ નહોતી ગઇ. મહા મુશીબતે **મિસિસ ક્રમ્પે** તે ચીઠીઓ જોવાની હા પાડી. આખરે તેણે કહ્યું તે સઘળાંને હમણાંજ અહિં બોલાવો.' તેઓ સઘળાં તરતજ અંદર આવ્યાં; ફકત **સોસીસેલી** બહાર રહી હતી; કારણ કે **બ્લુમિંગટને** એમ કહ્યું કે ' જો તું આપણું સારૂં ઇચ્છતી હોય તો અંદર આવીશ નહીં.' તેઓને અંદર લાવીને **પૅટી** બહાર જતી હતી, પરંતુ તેની શેઠાણીએ તેને પાછી બોલાવી અને કૂંચીઓના ઝુમખામાંથી એક કૂંચી કાઢી આપી એક ઇસકોતરો ઉઘાડવાને કહ્યું તેણે તે ઉઘાડયો. **મિસિસ ક્રમ્પે** કહ્યું કે ' લાલ દોરીથી બાંધેલી અને ત્રણ સિક્કા

કરેલા છે તે બીંદડી લાવ.' સઘળાંએ પોતાની આંખો તે તરફ ફેરવી કારણ કે એ તેનું વિસિયતનામું હતું. તેણે ધીમે રહીને સીલ ઉખાડી લાલદોરી કાઢી નાંખી, અંદરનો મોટો કાગળ હતો તે કાઢી ઉઘાડયો અને કંઇ પણ બોલ્યાચાલ્યા વગર તે વચમાંથી ફાડી નાંખ્યો. પછી તે કડકાના પણ એવા ઝીણા ઝીણા કડકા કરી નાંખ્યા કે તેની અંદર શું લખ્યું હતું તે વાંચી શકાય નહીં. આસપાસ ઉભેલાઓ ભયને લીધે એકબીજાની તરફ નિહાળવા લાગ્યા. તેમને તો બકરૂં કાઢતાં ઉંટ પેસી ગયું. પછી **મિસિસ ક્રમ્પે** કહ્યું 'જેમ તમારી મરજી પડે તેમ તમે જુવો હું હજી જીવતી છું, મારી શુદ્ધબુદ્ધિ હજુ ઠેકાણે છે. મારા પૈસા મારા પોતાનાજ છે, મારી મિલ્કત મારી પોતાનીજ છે. હું મારી મરજીમાં આવશે તેવો તેનો ઉપયોગ કરીશ. આ વસિયતનામાની અંદર તમારા સઘળાઓને માટે સારો બંદોબસ્ત કરેલો હતો. પરંતુ હું મરી જાઉં ત્યાં સૂધી રાહ જોવાની તમને ધીરજ નહોતી. તમેં સઘળાંઓએ ગીધની માફક મારાપર ભમવા માંડયું છે, પરંતુ હજુ તમારો વખત નથી. ખરેખર, તમારો વખત નથીજ. હજુ મારો જીવ આ ખોળીયું મૂકીને નાસી નથી ગયો, અને જ્યારે તેમ થશે ત્યારે હું તમને ખાતરીથી કહુંછું કે તમારૂં કંઇએ ભલું થવાનું નથી. મારા પૈસા મારા પોતાના છે. મારી મિલ્કત મારીજ છે. કાલે હું મારૂં નવું વસિયતનામું કરીશ. હવે પધારો. મારા મનમાં જે હતું તે મેં કહ્યું છે.'

ગમેતેવા માનભંગ વાકયો, વિનતિયુકત આજીજીઓ, કે સખ્ત ઠપકાઓનો તેઓ ઉચ્ચાર કરે તથાપિ **મિસિસ ક્રમ્પ**ના મોંમાંથી હવે એકે શબ્દ વધારે નિકળી શકે તેમ નહોતું. તેઓ સર્વને તો 'લેને ગઇ પૂત ઓર ખોઇઆઇ ખસમ' જેવું થયું. તે નિરાશ તથા ગુસ્સે થએલાં સગાંઓને આખરે તે ઓરડો છોડી ચાલી જવું પડયું. એ સઘળાઓ જતાં જતાં પણ આ સઘળાનું મૂળ **પૅટી**ને ધારી તેનાપર પોતાનો ગુસ્સો બતાવ્યા સિવાય રહી શક્યાં નહીં. તેઓ જ્યારે ગયા ત્યારે **પૅટી** તે ઘરની એક એકાન્ત ઓરડીમાં ગઇ, અને જુના ખાટલાપર બેસી ચોધાર આંસુએ રોવા મંડી. તુરત બનેલા બનાવથી તે બહુ ગભરાઇ ગઇ હતી. અને તેના હૃદયને રડયા વગર વિશ્રાન્તિ મળે તેમ નહોતું. તેણે ધાર્યું કે 'ખરેખર, આ પરથી સ્પષ્ટજ છે કે ફકત પૈસાથીજ માણસ સુખી થઇ શકતું નથી.

આ બિચારી સ્ત્રીની પાસે અસંખ્ય પૈસો તથા કપડાં છે; પરંતુ દુનિયામાં તેનું એકે એવું અન્તરનું સંબંધી નથી કે તેને સહાય અગર તેની સંભાળ રાખે. સર્વ તેને મરેલી જોવાને ઇચ્છેછે, તે મૃત્યુની શય્યાપર પડેલી છે છતાં તેનાં સંબંધીઓ તેનીજ સમક્ષ ગાળો દેછે, તેની આંતરડી કકળાવેછે! અરે મારા ગરીબ ભાઇ! તારે આથી કેવું ઉલટું હતું! **પૅટી**ના આવા વિચારોમાં **મારથા**ના અંદર આવવાને લીધે ભંગ પડયો. તે ત્યાં આવીને **પૅટી**ની પાસે ખાટલાપર બેઠી, તથા બેહદ પ્રપંચી મમતાથી તરત બનેલા બનાવને માટે **પૅટી** દયા ખાવા લાગી. તથા **મિસિસ ક્રમ્પ**ના આવા મંદવાડના વખતે તેનાં સગાંઓએ બીજી કોઇ પણ બાબતપર ધ્યાન ન આપ્યું તે તેમની નિર્દયતા તથા કઠણ હૈયાની નિશાની હતી એમ કહેવા લાગી. તેણે કહ્યું 'ખરેખર. હવે જે નવોજુનો ફેરફાર થશે તે ફેરફારમાં તેમને પોતા સિવાય કોઇનો પણ ઉપકાર માનવાનો નથી. મેં સાંભળ્યું છે કે શેઠાણીએ વિસયતનામાના ચુરેચુરા કરી નાંખ્યાછે અને કાલે બીજું નવું કરવાનાં છે. ખરેખર **પૅટી**! નવા વસિયતનામામાં તારે માટે ઘણી સારી ગોઠવણ કરવામાં આવશે; કારણકે તેમ કરવું યોગ્ય છે. હું આશા રાખુંછું કે તમને તક મળે તો—મને ખાતરી છે કે તમને તક મળશેજ—મારા માટે બે સારા બોલ કહેવા તસ્દી લેશો. **પૅટી**ને આ સ્વાર્થી અને પ્રપંચની વાત સાંભળી ઘણો કંટાળો ચડયો હતો. તેથી તેણે કહ્યું કે 'મારે અને મારી શેઠાણીના વસિયતનામાને કંઇ પણ સંબંધ નથી. શેઠાણીએ પોતાના પૈસાનું કેમ કરવું તે તે સારી રીતે જાણેછે. મારે એમના પૈસાનો લોભ નથી.

મિસિસ ક્રમ્પ પોતાના નવા વસિયતનામામાં **પૅટી** માટે ઘણો સારો બંદોબસ્ત કરશે એવું ધારવામાં **મારથા**એ ભૂલ ખાધી નહોતી. બીજે દિવસે **પૅટી** જ્યારે પોતાની શેઠાણીને ઓસડ આપતી હતી ત્યારે તેણે કહ્યું 'છોકરી આજનો દિવસ હું કાઢીશ તે ફકત તારેજ માટે; કારણ કે જો હું વધારે કલાક જીવીશ તો તને માલમ પડશે કે **મન્મથ** શહેરમાં તું તવંગરમાં તવંગર સ્ત્રી છે. મારાં સર્વ સગાંને બતાવી આપીશ કે મારી દોલત મારી પોતાનીજ છે, અને તેનો ઉપયોગ હું મારી મરજી પડે તેમ કરવાને શકિતવાન્ છું. મારી

રોપીને ઇચ્છા કરી રહે કે તુરત તું **મન્મથ** શહેરમાં જજે, **અને** જે વકિલને ત્યાં તારો ભાઇ રહેછે તે વકિલને મારૂં નવું વસિયત-નામું કરવા બોલાવી લાવજે. તારા અને મારા ભલાને માટે તું જે કામે જાયછે તે સંબંધી મારાં સગાંને એકે શબ્દ કહીશ નહીં એ ગીધો તારા ચુરેચુરા કરી નાંખશે, પરન્તુ હવે હું તેમને બતાવીશ કે મારી દોલતનો ઉપયોગ મારી મરજી પ્રમાણે હું કરીશ, અને મારા મરતાં પહેલાં મારી દોલત સંબંધી કંઇપણ સંતોષ મેળવી શકું તો તેજછે. ઇશ્વરને ખબર છે કે મારી આખી જીંદગીમાં તો એ પૈસો મારો વેરવી થઇ પડયોછે! પરન્તુ હવે મારા મરતાં પહેલાં"—**પૅટી** વચ્ચે બોલી ઉઠી 'અરે શેઠાણીબા! તમારા મરવાની વાત હજુ કરવાની નથી, કારણકે આટલા વખત સૂધીમાં મેં તમને કોઇ પણ દિવસ આવી દૃઢતાથી તથા સ્પષ્ટ રીતે બોલતાં સાંભળ્યા નહોતાં. મને આશા છે કે હજુ તો તમે ઘણા સારાદિવસ કાઢશો, અને ઇશ્વર ઇચ્છાથી તમારા સંબંધીઓસાથે હળીમળી જવાનો વખત આવશે. હું ખાતરીથી કહુંછું કે તેમ થવાથી તમારા જીવને પણ સુખ થશે. હમણાં તે લોકો તમને હેરાન કરી ગયાં છે તેને માટે તેઓ ઘણો પસ્તાવો કરેછે' **મિસિસ ક્રમ્પે** કહ્યું 'આ છોકરી ગાંડી દીસેછે! તું હજુ મારૂં કહેવું કેમ સમજતી નથી. જો હવે હું તને ખૂલ્લેખૂલ્લુ કહુછું કે મારી સઘળી દોલત હું તને આપવાની છું. તું કેમ આમ એકદમ નિસ્તેજ થઇ જાય છે?" **પૅટી**એ કહ્યું કે 'મારે કોઇ માણસની વચ્ચે પડવાનો બિલકુલે વિચાર નથી, અને તમે જરીક ગુસ્સેછો તેનો લાભ લેઇ સઘળા પૈસાની માલિક પોતે થઇ બેસવાનો અન્યાય ગમે તેમ થશે તો પણ હું કરવાને ખૂશી નથી. કારણ કે અત્યાર સૂધી જેમ મારે પૈસા વગર ચાલ્યું તેમ મારી આખી જીંદગી સૂધી ચાલશેજ; પરંતુ મારે મારા બાપ, ભાઇ તથા બેનના મારી પ્રત્યેના સારા વિચાર વગર તે ચાલે તેમ નથી. જો હું કાંઇ ખોટુ કામ કરૂં તો હું તેમના મનથી ઉતરી જાઉં. મારે જે કહેવાનું હતું તે મેં હિમ્મત રાખીને કહ્યું છે; માટે મારાપર ઉપકાર કરવાના માર્ગે મને દુઃખી કરશો નહીં. તમારી ભલાઇને માટે હું મારા અંતઃકરણથી તમારો ઉપકાર માનુંછું.' **પૅટી** ગળ-ગળી થઇ હતી તેથી આટલું પૂરૂં કરી રહી એટલે તેણે પોતાની પૂંઠ ફેરવી. **મિસિસ ક્રમ્પે** કહ્યું 'ખરેખર તું કોઇ વિચિત્ર છોકરી ભાસે છે! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જનાર તારા જેવું

તો કોઇ ભાગ્યેજ હશે. જો કોઇ મને સમ ખાઇને કહે તોપણ હું આ વાત માનું નહીં. જા વકીલને બોલાવી લાવ, હું તને હુકમ કરૂં છું કે હમણાંને હમણાં જા. મારી મરજીમાં આવશે તેમ હું કરીશ'

જ્યારે પૅટી મિ. બાર્લોને ત્યાં આવી ત્યારે પહેલી તેણે તેના ભાઇની ખબર પૂછી; કારણ કે તેની સલાહ તેને લેવી હતી: પરંતુ ફ્રૅંક બહાર ગયો હતો. પછી તેણે મી. બાર્લોને મળવાનું કહ્યું. નોકર તેને ઓફીસમાં લેઇ ગયો, અને ત્યાં તેણે કંઇપણ આડીદોડી વાત કર્યા સિવાય સરલ ભાષામાં અને સત્ય ધારણ કરી પોતે જે કામે આવી હતી તે કહ્યું. તેણે કહ્યું 'સાહેબ જો તમે હમણાંજ મારી શેઠાણી પાસે આવશો અને વાત કરશો તો હું ઘણી ખુશી થઇશ કારણ કે તમે જે કહેશો તેનાપર એ ધ્યાન આપશે. મને આશા છે કે તે એમના સંબંધીઓને ન્યાય આપશે, મારે એમની દોલત જોઇતી નથી. કંઇ ભાગ પણ તેમાંનો જોઇતો નથી. મારી ચાકરીનો યોગ્ય બદલો મને મળશે એટલે બસ. આટલુંજ મારા મનમાં ધારી મારી શેઠાણીનાં સગાંઓએ મારા પ્રત્યે જે દુશ્મનાઇ બતાવી છે તેને માટે હું તેમને ક્ષમા કરૂં છું. કારણ કે તેઓના સઘળા વિચાર ભૂલ કરેલા છે.'

જ્યારે પૅટી ઓફીસમાં પેઠી ત્યારે એક માણસ ટેબલ પાસે બેસી કાગળ લખતો હતો. પૅટીએ તેને એક કલાર્ક ધાર્યો હતો જ્યારે પૅટી ઉપર પ્રમાણે બોલતી હતી ત્યારે વારે વારે તે પોતાનું માથું ઊંચુ કરી આતુરતાથી તેની સામું જોતો હતો આખરે તે એક કલાર્ક પાસે ગયો અને તેને પૂછ્યું કે 'આ કોણ છે" જવાબ સાંભળીને તે એકે શબ્દ બોલ્યા વગર પોતાના ટેબલે જઇને પાછો બેઠો. આ ગૃહસ્થ લીવરપૂલનો વેપારી મિ. જોસ્યુઆક્રમ્પ હતો તે મિસિસ ક્રમ્પનો વડો ભત્રિજો હતો, અને પોતાની કાકીની સ્થિતિનો હેવાલ સાંભળીને મન્મથ શહેરમાં આવ્યો હતો, મિ. બાર્લોએ તેની અને તેના એક સગાની વચ્ચેની તકરારનો થોડીજ મુદતપર સારી રીતે સલાહસંપ રહે તેવો ચૂકાદો કરી આપ્યો હતો. અને તેજ બાબતનાં કાગળીઆંપર મિ. ક્રમ્પ સહીઓ કરતો હતો. પૅટીના નિઃસ્વાર્થપણાથી તે ઘણો વિસ્મય પામ્યો હતો; પરંતુ પોતે કોણ હતો તે નહીં જણાવવાને, તથા વખત મળે તેને એનો પૂરો બદલો આપ-

વાને તે કાંઇ પણ બોલ્યા વગર છાનોમાનો બેસી રહ્યો હતો. **મિસિસ ક્રમ્પ** પોતાના સગાંને ગીધનું જે ઉપનામ આપતી હતી તે આને લાગુ પડતું નહોતું. તે પોતાની હોંશીઆરી તથા મહેનતથી અનર્ગલ દોલત સંપાદન કરી હરેક રીતે સ્વતંત્ર થયો હતો. **પૅટી**ના બહાર ગયા પછી તેણે ઇંગ્રેજના ખરા અંતઃકરણથી વકીલને કહ્યું કે 'મારા વિચારો જેવા સ્વતંત્ર છે તેવોજ મારો પૈસો સ્વતંત્ર છે. મારે હવે કોઇ રાજા રાણા કે ઉમરાવને પગે પડવાની જરૂર નથી. ખરૂં પૂછાવો તો મારે મારી કાકીની પણ આજીજી કરવાની જરૂર નથી. મારી કાકી પોતાનો સરસામાન તથા પૈસાટકાનો ઉપભોગ કરવા હજુ જીવે એમ હું ઇચ્છુછું. જો તેમની મરજી તેમનો પૈસો મને આપવાની હોય તો ઠીકછે; એમનો મારા પર મોટો ઉપકાર થશે અને જો મને ના આપે તોયે ઠીકછે, કારણ કે એમનો ઉપકાર માનવાની મારે જરૂર નહીરહે અને તેમ થશે તોપણ તેમના પ્રત્યે મારૂ મન તો તેવુંને તેવુંજ રહેવાનું કારણ કે કાન ખજૂરાનો એક પગ ભાગ્યો તોયે શું ને સાજો તોયશું.

આ વિચારો પ્રથમ આવ્યા હતા તેથી મિ૦ **જોસ્યુઆ ક્રમ્પે** પોતાની કાકીને મળવાની ઉત્કંઠા મનમાં દબાવી રાખી હતી. તેણે મિ. **બાર્લો**ને ફરીથી કહ્યું કે 'તે બિચારી ડોશી માટે હું અમેરિકાની ઉત્તમ જાતની મિઠાઇ લાવ્યો છું. હું જ્યારે નિશાળે ભણતો હતો ત્યારે મને એમણે મિઠાઇ આપી હતી એ હું ભૂલી ગયો નથી. હજુ એના દાંત સઘળા સાબૂત છે. ગયે વર્ષે મિઠાઇ મોકલવા એણે મારાપર કાગળ લખ્યો હતો, પરંતુ મને તેના કાગળના લખાણની રીતિ પસંદ પડી નહીં. તેટલા માટે મેં તેની વાંછા પૂરી પાડી નહીં એમાં દોષ મારોજ હતો. તે એક નબળું ગરીબ પ્રાણી છે. હવે તેનો મિજાજ ખૂશ રાખવો જોઇએ. તે ચિડાઉ રહેતી હોય તેની કાંઇ મારે પંચાત નથી. લ્યો આ મિઠાઇ લેઇ જઇને તેને આપજો. પરંતુ યાદ રાખજો કે જ્યાંસૂધી એણે એનું વશિયતનામું ન કર્યું હોય ત્યાંસૂધી એ એને ચાખવા દેશોનહી એટલુંજ નહીં, પણ નજરે પણ પડવા દેશો નહીં, તેની મિલ્કત લેવાને લાંચ આપવા હું ઇચ્છતો નથી. પરમેશ્વરનો હું ઉપકાર માનું છું કે મારે તેની મિલ્કતની જરૂર પડે તેમ નથી !'

મિ૦ **બાર્લો** તરતજ **મિસિસ ક્રમ્પ**ને ત્યાંગયો. જમીન વગેરેની વ્યવસ્થા કરવાની હતી તેથી ત્રણ સાક્ષીની જરૂર પડે તેમ હતું.

પૅટીએ કહ્યું કે ઘરમાં બે ચાકરો લખી વાંચી શકે તેવા છે, તેથી ત્રીજા માણસ તરીકે પોતાના ગુમાસ્તામાંથી કોઇકને સાથે લેવાનું વકીલે દુરસ્ત ધાર્યું. **ફ્રેંક** બહાર ગયેલો હતો. તેથી તેને બદલે બીજો ગુમાસ્તો લીધો. આ ગુમાસ્તાનું નામ **મેસન** હતું. તે **ફ્રેન્ક**નો મુખ્ય સોબતી હતો, અને નિષ્કલંક ચાલચલગતવાળો યુવાન હતો. તેણે આજ દિવસ સૂધી પૅટીને જોઇ નહોતી. પરંતુ **ફ્રેંક** તેની સાથે **પૅટી** વિષે એટલી તો મમતાથી વાત કરતો હતો કે પૅટીને જોયા વગરજ **મેસન**ના મનમાં તેના વિષે ઘણો ઉત્તમ વિચાર બેઠો હતો. **મિસિસ ક્રમ્પની** દોલત વિષે એણે આવી મિ૦ **બાર્લો**ને જે કહ્યું હતું તેને લીધે **મેસન** તેનાપર તદન મોહિત થઇ ગયો હતો. તે ઉમદા સ્વભાવનો તથા ભોળા મનનો હતો. તેણે પોતાના મનમાં ધાર્યું કે જો મને આ કરતાં કોઇરૂપાળી સ્ત્રી મળી આવે તોપણ હું તેને મૂકી આ પૅટીને મારી સ્ત્રી કરવા વધારે પસંદ કરૂંછું. એની સાથે હું સ્નેહપાસમાં જોડાઉં તો કાંઇ હરકત જેવું નથી; માટે તેની સાથે વાતચિત કરતાં જવું એ ઠીક છે. વળી ઘોડો દોરીને તેની સાથે થોડેક રસ્તે ચાલવું એ પણ સારૂં છે કારણકે 'એક પંથ દો કાજ' થશે. **મેસન પૅટીની** સાથે **મિસિસ ક્રમ્પ**ને ત્યાં જવા નીકળ્યો. બન્ને જણ વાતોમાં એવાં તો ગરકાવ થઇ ગયાં કે વખત શી રીતે વહી ગયો તે તેમને માલૂમ પડયું નહીં. **મેસન** થોડેક ચાલવાને બદલે આખે રસ્તે ચાલ્યો, અને **મિસિસ ક્રમ્પ**નું ઘર તેઓની નજરે પડયું ત્યારે બંનેને વિસ્મય લાગ્યું. **મિસિસ ક્રમ્પ**નું બારણું ઉઘડવાની રાહ જોઇ તેઓ ઉભાં હતાં ત્યારે **મેસન** પૅટીના મુખપર નિહાળતો હતો. તેણે પોતાના મનમાં કહ્યું 'આટલું ચાલવાથી એના મોંપર કેવો સુંદર તંદુરસ્તી દાખવતો રંગ આવ્યોછે. અગર જો કે તેનું કોઇપણ અંગ અતી સુંદર નથી અને કોઇપણ પુરૂષ તેને લાવણ્યમયી કહે નહિ. તથાપિ તેની મુખમુદ્રાપર એટલી તો ભલમનસાઈ છવાઇ રહી છે કે બીજી ઘણી સુંદર સ્ત્રીઓ કરતાં એનો ચહેરો મને વધારે સારો લાગે છે.' એટલામાં બારણું ઉઘડયું અને મિ૦ **બાર્લો** થોડીકવારથી આવેલા હતા તેમણે **મેસનને** કામ કરવા ઉપર બોલાવ્યો. તેઓ **મિસિસક્રમ્પ**ની ઓરડીમાં, નવા વસિયતનામાની વ્યવસ્થા પૂછવાને ગયા. **પટીએ** ઓરડો બતાવ્યો. **મિસિસ ક્રમ્પે** કહ્યું 'છોડી તું અહીંથી જઇશ નહીં મારા પલંગને છેડે ઉભી રહે અને કંઇપણ ઢોંગ કર્યા વગર તારા મનમાં જે

કાંઇ હોય તે ખરેખરૂં કહી દે. આ ગૃહસ્થ કાયદાથી વાકેફછે; તે તને કહેશે કે મારા ગમે તેટલા સગાઓ છે તથાપિ મારી દોલત હું મારી મરજી પડે તેને આપી જાઉં; તું સુખી થાય છે, તારા આખા જન્મારાનું દળદર જતું રહે છે, માટે મારૂં કહેવું 'પથ્થરપર પાણી' થવા ન દે. મારાં સગાં સંબંધીની કાંઇ પણ બીક રાખતી નહીં,' **પૅટી** વચ્ચે બોલી ઉઠી 'નહીં શેઠાણી સાહેબ! આજ સવારે મેં તમને જે કાંઇ કહ્યું તે બીકને લીધે નહિજ. અને હાલ પણ હું નાપાડુંછું તે પણ બીકને લીધે નહિજ. અગર જો કે દુનિયામાં મારા વગર બીજું કોઇ જાણે નહીં તથાપિ જેને હું ગેરવાજબી ધારતી હોઉં તે હું મરણાંગતે પણ કરવાની નહીં. મારા મનમાં જે હોય તે કહેવાનું જ્યારે તમે કહોછો ત્યારે કહુંછું કે, મારા પિતા ઘણા દુઃખ માં છે. તમે તેને માટે રૂ ૫૦૦ મૂકી જશો તો મારાપર મોટો ઉપકાર થશે. મિ૦ **બાર્લોએ પૅટીને** કહ્યું કે 'આવા મનઃસંયમ અને લાગણીઓને લીધે, વર્ષ દિવસે લાખ રૂપૈઆની આવકથી મનુષ્ય મનને જેટલી શાન્તિ મળે તેના કરતાં પણ વધારે શાન્તિ તથા સુખ તને છે.' **મેસન** એકે શબ્દ બોલ્યો નહીં. પરંતુ તેના મનમાં આ વખતે શું ચાલતું હતું તે તેનાં ચક્ષુ ઉપરથી જણાઇ આવતું હતું. ભ્રમિત ચિત્તે લખેલા વસિયતનામામાં તેણે જે અસંખ્ય ભૂલો કરી તેને માટે **બાર્લોએ** તેને માફી આપી. અને આખરે ધામે રહીને કહ્યું કે લાવ **મેસન** કલમ લાવ, હું જાણુંછું કે હવે તું તારૂં મન સાધ્ય રાખી શકે એમ નથી. સારી અને ઉમદા ચાલને માટે તારા મનમાં જે અસર થઇ છે તેને માટે હું તારાપર વધારે રાજી છું. પરંતુ લાગણી વગેરે હવે બંધ કરો. મારે હવે અત્રે કાયદાનોજ માણસ થવું જોઇએ. તારૂં ચિત્ત ઠેકાણે લાવવાને માટે જા જરીક હવા ખા.'

મિસિસ ક્રમ્પના વસિયતનામાંની બીના તદન છાની રાખવામાં આવી હતી. તેણે પોતાની દોલતની શી ગોઠવણ કરી હતી તે **પૅટીના** જાણવામાં આવ્યું નહોતું, તેમ **મેસન** પણ કંઇ જાણતો નહોતો; કારણકે મિ. **બાર્લોએ** તેના હાથમાંથી દયાની ખાતર કલમ લઇ લીધી ત્યારે તે ફક્ત ઉપોદ્‌ઘાતજ લખી રહ્યો હતો. **મિસિસ ક્રમ્પે** ધાર્યા કરતાં વધારે મહિના કાઢવા માંડયા; અને એ સઘળો વખત **પૅટીએ** ધીરજ તથા દયાથી તેની મરજી ઉઠાવવા માંડી. અગરજો કે ડોશી તેના ચાકરોના સુખ પ્રત્યે લાંબા વખતના

એકલપેટાપણાને લીધે બેદરકાર હતી, તથાપિ પૅટીના સંબંધમાં તેમ નહોતું. તે ઘણીખરી વાર કહેતી કે 'છોડી! તારી ખરેખરી યુવાનીના વખતમાં આવા કેદખાનામાં તને ગોંધી રાખવી એ મને ઘણું સાલે છે. જ્યારે જ્યારે તારા ભાઇઓ તથા બહેનો તને બોલાવે ત્યારે ત્યારે તેઓની સાથે તું બેલાશક બહાર ફરવા જજે.' પોતાના ભાઇઓ તથા બહેનો સાથે ફરવા જવાથી પૅટીને ઘણો આરામ મળતો તથા રમુજ પડતી અને મુખ્યત્વે કરીને જ્યારે **મેસન** સાથે હોય ત્યારે તેને ઠીક પડતું. **મેસન** પણ બનતા સૂધી સાથે જવાને ચુકતો નહીં. દિવસે દિવસે તેનો પૅટીપર મોહ વધતો ગયો. કારણ કે રહેતે રહેતે તેને તેના સાલસ તથા મમતાળુ સ્વભાવની ખાત્રી થઇ ગઇ. તેના ભાઇઓ તથા બહેનો તેના તરફ જે પ્રીતિ તથા મમતા રાખતાં તે જોઇ **મેસનને પૅટી** વિષે ઘણી સારી અસર થતી હતી. તેણે ધાર્યું કે 'તેઓ સઘળાં બચપણથી સાથે ઉછર્યાં છે તેથી એની પ્રકૃતિ વિષે એ માંનું કોઇ છેતરાય એ અસંભવિત છે. જેઓ એને ઘણા વખતથી જાણે છે, તેઓ એને ઘણી સારી રીતે ચાહે છે એજ એક ઉત્તમ નીશાની છે, તે પોતાની રૂપાળી બેન ફ્રેનીને જે પ્રમાણમાં ચાહે છે તે પરથી સાબિત થાય છે કે તેનામાં ઇર્ષ્યા કે હરીફાઇનો બિલકુલ અંશ નથી.'

આવા વિચારોથી **મેસને પૅટીને** પરણીને સારી રીતે ગુજરાન ચલાવવાને યોગ્ય થવા સારૂ સખ્ત મહેનત કરવાનો નિશ્ચય કર્યો. **પૅટીએ મેસનને** આડકતરી રીતે કહ્યું હતું કે 'હું તમને જેટલું ચાહું છું તેટલું આજસૂધી કોઇને ચાહતી નહોતી. પરન્તુ મારો પ્રથમ પ્રયાસ તો એ છે કે પૈસા ભેગા કરી મારા પિતાને ધર્મશાળા માંથી મુક્ત કરવા; કારણ કે હું તેમને ત્યાં રહેલા જોઇ ખમી શકતી નથી. અમે સઘળાંઓ જ્યારે એમને ત્યાંથી મુક્ત કરવામાં જય પામીશું, ત્યારેજ પરણવાની વાત કરીશું, પ્રથમ ફરજ અને પછી પ્યાર'. **મેસને** જ્યારે તેને તેના બાપ પ્રત્યે આવા દૃઢ વિચારની જોઇ ત્યારે તે તેને વધારે ચાહવા લાગ્યો. કારણ કે તે વિચારશીળ હતો અને જાણતો હતો કે જે યુવતી પુત્રી અને બહેન તરીકે સારી છે તે પત્ની તરીકે નિઃસંશય સારીજ નીવડશે.

પ્રકરણ ૮ મું.

'ઈર્ષ્યાની ફતેહ તેના કર્તાના અપમાનનુંજ મૂળ નિવડે છે.

આટલો વખત સુધી **ફેની** શું કરતી હતી તેનો હેવાલ હવે કહીએ. તેના ભાઇના મૃત્યુ પછી જ્યારે તે **મિસિસ હંગરફોર્ડ**ને ત્યાં આવી ત્યારે તેણે તથા તેનાં છોકરાંઓએ બેહદ મમતાથી તેનો સત્કાર કર્યો હતો' અગર જોકે **ફેની** આ છોકરાંઓને ગમે તે, પરંતુ અયોગ્ય' કાંઇપણ કામ તેમની માની મરજીને અનુસરીને કરવા નહોતી દેતી, તથાપિ તેઓ તેનાપર ઇતરાજી ન રાખતાં ઉલટા બહુ વહાલ રાખતાં. **મિસિસ હંગરફોર્ડ** રામઢોલની વાત ભૂલી ગઇ નહોતી. એક દિવસે સવારમાં તેણે તેના નાના છોકરાને કહ્યું '**ગુસ્ટાવસ,** રામઢોલ તથા પડઘમ જોવાની તારી જીજ્ઞાસા પૂરી પડશે. તમારો પિતરાઇ ભાઈ **ફિલિપ** થોડાક દિવસમાં અત્રે આવશે. **મન્મથ**માં જે લશ્કરની ટૂકડી રહે છે તેના કર્નલ સાથે તેને ઘણું સારૂં પિછાન છે, તેથી થોડા દિવસમાં એનું વાજુ મોકલવા તે તેને કહેશે. આપણે તે વાજાને આપણા બાગને છેડે રાખીશું અને પેલા મંડપની નીચે તમે સઘળાં ભાઇઓ તથા બહેનો **ફેની**ની સાથે જમજો, કારણ કે એ ગમતમાં **ફેની**ને ખાસ ભાગ આપવો એ ઘટારત છે.' **મિસિસ હન્ગરફોર્ડ** :જે **ફિલિપ** માટે વાત કરતી હતી તે **ફિલિપ ફ્રેંકલાંડ**નો અસલ દેશાઈ મિ. **ફોલિંગ્સબી**-જ હતો. તે સુંદર ઘોડા તથા ગાડી ચાહતો હતો એટલુંજ નહીં, પરંતુ સુંદર લાડીઓનો પણ શોખીલો હતો.

પહેલે દિવસે જ્યારે તે **મિસિસ હન્ગરફોર્ડ**ને ત્યાં આવ્યો ત્યારે તે **ફેની**ની લાવણ્યતા જોઇને વિસ્મય થયો, અને દિવસે દિવસે તે તેને વધારે ખૂબસુરત દેખાવા લાગી. તે હમેશાં એના નાના ભાઇઓ સાથે વધારે આવજાવ કરવા લાગ્યો, જ્યારે **ફેની** તે છોકરાંઓની પાસે હોય ત્યારે કંઇને કંઇ બહાને તે પણ છોકરાંઓ પાસેજ રહેતો. તેના જેવી સ્થિતિની સુંદર છોડીને આવા ચેષ્ટાખોર ગૃહસ્થને દૂર રાખવાની જે મુશ્કેલી નડે છે, તે મુશીબતો વચમાં ન લાવતાં, ફક્ત પોતે પોતાની સવિનય ચાલચલગતથીજ **ફેની** તેને દૂર રાખી શકી. જ્યારે તે **મિસિસ હન્ગરફોર્ડ**ને ત્યાં આવ્યો ત્યારે

ફક્ત એક અઠવાડિયુંજ રહેવાનો તેનો વિચાર હતો; પરન્તુ જ્યારે તે અઠવાડિયું પૂરૂં થયું ત્યારે બીજું અઠવાડિયું રહેવાનો નિશ્ચય કર્યો. **મિસિસ હન્ગરફોર્ડનું** ઘર તેને ઘણુંજ મન પ્રસન્ન લાગ્યું. જ્યારે **મિસિસ હન્ગરફોર્ડે** બાગની અંદર વાજુ લાવવાનું તેને કહ્યું ત્યારે એ યોજના સાંભળી તે ખુશ ખુશ થઇ ગયો, અને મંડપની નીચે છોકરાંઓ સાથે ખાણું ખાવાને ઉત્સુક થયો. પરન્તુ આ બાબત તે વધારે તાણ કરી શકે તેમ નહોતું, કારણ કે તેઓને શક ઉપજશે એમ તેને ધાસ્તી હતી.

બાગમાં જમવાને જેઓ આવેલાં હતાં તેમાં **મિસિસ ચેવિયટ** કરીને એક આંધળી સ્ત્રી હતી; તેણે એક સોબતી તરીકે પોતાને ઘેર આવી રહેલી એક યુવાન છોડીને પોતાની સાથે લાવવાની છૂટ લીધી હતી. આ યુવાન છોડી **જેસી બેટસ્વર્થ્સ** હતી. જ્યારથી તેનો બાપ **કેપ્ટનબેટસ્વર્થ્સની** દોલતનો ધણી થયો હતો, ત્યારથી તેની મા **જેસીને** દુનિયામાં આગળ વધવા યત્ન કરવામાં કાંઇપણ મણા રાખતી નહોતી. તે નિઃસંશય માનતી કે જ્યારે સારી રીતે શણગાર સજવામાં આવ્યા હોય ત્યારે **જેસીની** ખુબસુરતી કોઇ ગૃહસ્થને કે કોઇ મોટા દેશાઇને નક્કી મોહપાશમાં નાંખશે ! તેટલા માટે તે **જેસીને** નવી નવી તરેહના પોશાક પહેરાવતી, **જેસીનો** મૂળ સ્વભાવજ કપડાં પહેરવાની જુદી જુદી તરેહ તથા લીલામાં તદન ગરક થઇ ગએલો હતો: તેમાં 'ભાવતું ને વળી વૈદ્યે કહ્યું', તેમ તેની માના કહેવાથી તેનું મગજ ફરી ગયું હતું. આ મૂર્ખાઇ દ્રઢ થતી જતી હતી તેવામાં **મન્મથના** એક બૉલ (નાચ) માં તે **કેપ્ટન બ્લુમિંગટનને** મળી. તે એમ ધારવા લાગી કે 'તે તદન મારા મોહપાશમાં પડેલો છે.' એની સાથે તે સ્ત્રીચરિત્ર લડાવવા લાગી. જેસી **મિ० બ્લુમિંગટનને** એટલું તો ઉત્તેજન આપવા લાગી કે 'થોડાક વખતમાં તેઓ પરણશે એમ દરેકજણ ધારવા લાગ્યું. વારંવાર તે અને તેની બહેન **સેલી મન્મથ** શહેરમાં આ માણસ સાથે ફરતાં દીસતાં હતાં, અને આખો દિવસ તથા રાત **મિ. બ્લુમિંગટને** બક્ષીસ કરેલા ઇયરીંગ (લોળિયાં) પહેરતી હતી. એકવાર એવું બન્યું કે આ કેપ્ટનના કોઇ અમલદારને તેણે એવું બોલતો સાંભળ્યો કે '**જેસી** તો વડા કેપ્ટનની સ્ત્રી થવા લાયક છે.' આ વખતથી તેણે આ કેપ્ટન સાથેનો સઘળો વ્યવહાર તોડી નાંખ્યો. એક ગામડાની છોડી તરફથી

પોતાને થયેલો તિરસ્કાર જોઇ **કેપ્ટન બ્લુમિંગટનને** ઘણો ગુસ્સો આવ્યો. તેણે વેર વાળવાનો નિશ્ચય કર્યો, અને **સેલી** તરફ પોતાનું લક્ષ લગાડયું. કારણ કે તે ધારતો હતો કે 'બન્ને બહેનો વચ્ચે અદેખાઇ છે; તેથી તેની બહેન સાથે પ્યાર બાંધવો, તે એ પ્રપંચી-છોડીને નાઉમેદ અને દુ:ખી કરવાનો સુલભ તથા શ્રેય રસ્તો છે' **જેસીએ સેલીને** કહ્યું કે 'મારા તજી દીધેલા પુરૂષના પાશમાં તું પડી તેથી હું તને અભિનંદન આપું છું.' ત્યારે **સેલીએ** કહ્યું કે' તું હવે મારી દાસી થવાને યોગ્ય થઇ છ તેથી હું પણ તને અભિનંદન આપું છું; કારણ કે તારી આટલી અક્કડાઇ તથા સુંદર મુખમુદ્રા છતાં તું પત્ની થવાને લાયક નથી. 'ધોબીનો કૂતરો નહીં ઘરનો ને નહીં ઘાટનો' એવો તારો ઘાટ છે,' **મિસિસ બેટસ્વર્થ્સ** હમેશાં કબૂલ કરતી હતી કે '**જેસી** મને સૌથી વધારે વહાલી છે' ડાહી અને માયાળુ માતાનો ડોળ કરી તે આવી દરેક તકરારોમાં ભાગ લેતી અને 'મારી **જેસી** મોટા માણસ સાથેજ લગ્ન કરશે' એમ કહી બળતામાં ઘી હોમી આ બન્ને બહેનોમાં વધારે ને વધારે અણબનાવ કરાવતી હતી.

જેસીને મોભાદાર માણસોના સહવાસમાં લાવવાને માટે **મિસિસ બેટસ્વર્થ્સે** તેને કોઇ સ્ત્રીની સોબતી તરીકે કોઇ ઉંચ કુટુંબમાં મૂકાવાનો નિશ્ચય કર્યો. **મિસિસ ચેવિયટના** ઘરની વ્યવસ્થા રાખનાર **મિસિસ બેટસ્વર્થ્સની** કંઇક સગી હતી; તેથી તેણે **જેસીને** સોંપવાને માટે કહ્યું. તે વ્યવસ્થાપકે કહ્યું કે 'મારી શેઠાણીના નિયમો સખ્તછે અને તારી **જેસી** કંઇક મોજીલી છે તેથી મારૂં મન હા પાડતું નથી. તમે તેમ અમે જાણીએ છીએ કે **મન્મથમાં** **જેસીની** એક લશ્કરી અમલદાર સંબંધી બહુ વાતો ચાલતી હતી, મેં જાતેજ તેને ભપકાબંધ કપડાં પહેરી તેની સાથે ફરતી જોઇછે' **મિસિસ બેટસ્વર્થ્સે** કહ્યું કે 'હવે તેમાંનું કાંઇએ નથી. તે માણસ **જેસીના** રૂપગુણને છાજે તેવો નહોતો. મોતીના ચરનારા તો હંસજ હોયછે. એ પુરૂષ **સેલીને** માટે કાંઇક ઠીક છે. મારી **જેસીએ** તો હવે પોતાની ટેવ સુધારવા માટે આ નિર્ણય કર્યોછે અને કોઇ સભ્ય ઘરમાં રહેવાને ઇચ્છે છે.' વ્યવસ્થાપકને અગર જોકે **જેસી** માટે ઊંચો મત નહોતો, તથાપિ તેણે પોતાની ટેવ સુધારવાનો નિશ્ચય કર્યો હતો તેથી આગળ જતાં સારો નિવડે એમ ધારી, તથા તે પોતાની સગી હતી

તેથી, મિસિસ **ચેવિયટને** મોઢે **મિસિસ બેટરવર્થ્સની** ભલામણ કરવાની તેણે હા પાડી. તેની ભલામણથી **મિસિસ ચેવિયટે જેસીને** પોતાના કુટુંબમાં રાખી. આંધળી સ્ત્રીની સોબતી તરીકે પોતે રહી તેને માટે **જેસી** ખાસ ખૂશીમાં હતી. પહેલેજ દિવસે જ્યારે તે **મિસિસ ચેવિયટની** સાથે બહાર ગઇ ત્યારે તેને માલૂમ પડ્યું કે તે અંધ છે એટલુંજ નહીં. પણ તેને ખૂશામત ઘણી વહાલી છે. **જેસીએ** તેની આ ખોડનો લાભ લીધો અને તેના મનમાં પોતા માટે એવો તો સરસ વિચાર બેસાડી દીધો કે તે તેને ઘણી ડાહી તથા વિચારશીળ છોડી માનવા લાગી.

જ્યારે આ પ્રમાણે સર્વ બીના હતી ત્યારે **જેસી મિસિસ ચેવિયટની** સાથે **મિસિસ હંગરફોર્ડને** ત્યાં પ્રથમજ આવી. કોઇ સભ્ય સ્ત્રીનો પોશાક કે રીતભાત પસંદ ન કરતાં તે હજુ પણ એવી તો ઠાઠમાઠ રાખનારી હતી કે બીજાઓનું લક્ષ તેની તરફ દોરાતું. જમતાં વખતે જ્યારે તે પોતાની ચેષ્ટાઓ લડાવતી હતી ત્યારે મિ. **ફોલિંગ્સબીની** તથા તેની નજર એકઠી થઇ; અને જ્યારે તેઓ બાગમાં ફરવા જતાં હતાં ત્યારે **ફોલિંગ્સબીએ** એક અમલદારને પૂછ્યું કે 'પેલી છોડી કોણ છે? તેની આંખો સુંદર છે, તથા તેની ડોક પણ લાંબી અને ઘણી ખૂબસુરત છે.' આ સાંભળીને **જેસીને** ઘણો સંતોષ થયો, તથા મિ. **ફોલિંગ્સબીને** પોતે વશ કરી લીધો છે એમ ધારવા લાગી. 'વાંદરાને વળી નિસરણી મળી' તેની માફક આ વિચારથી તે એટલી તો ઉન્મત્ત થઇ ગઇ કે તે પોતાની મગરૂરી સભ્યતાના ઘરમાં પણ રાખી શકી નહીં. તેણે જ્યારે **ફેનીને** છોકરાંઓ સાથે માંડવાની અંદર જમતાં જોઇ ત્યારે ઘણા આશ્ચર્યની સાથે તે બોલી કે 'અરે! **ફેની ફ્રેન્કલાંડ**, શું તુંજ છે કે! તનેઅહીં આવેલી જોવાનં અહીંઆ કોણેધાર્યું હતુ? આથી પણ વધારે વિસ્મય ઉત્પન્ન થવાનું કારણ એ હતું કે મિ. **ફોલિંગ્સબીનું** લક્ષ તદન **ફેનીપરજ** લાગેલું હતું અને તે એટલો તો એકાગ્રચિત થઇ ગયો હતો કે પોતે ફૂલના ક્યારાપર ચાલતો હતો તેનું પણ તેને ભાન નહોતું.

જ્યારે **જેસીને** માલૂમ પડયુ કે પોતાની હરીફ(**ફેની**) પોતાના પસંદ કરેલા પુરૂષપર બિલકુલે લક્ષ આપતી નથી, ત્યારે તેને ઘણું

માઠું લાગ્યું. તેણે ધાર્યું કે 'એ સદ્ગૃહસ્થ તેના મોહપાશમાં ફસાયો છે તેની જાણે પોતાને ખબર નથી એમ એ જણાવે છે. એ એની સ્વાભાવિક વર્ત્તણુક નથી પણ સ્ત્રીચરિત્ર છે. પરન્તુ થોડાજ વખતમાં હું એની સઘળી યુક્તીઓ શોધી કાઢીશ.' આ પ્રમાણે પોતાના મન સાથે વિચાર કરીને તે વિચાર પાર પાડવાનો પ્રયત્ન કરવા લાગી. **મિસિસ ચેવિયટ** આંધળી હોવાને લીધે બીજી ગમતોપર તેને પ્યાર નહોતો: પરંતુ ગાયનની તે બહુ શોખીન હતી. **મિસિસ હન્ગરફોર્ડની** એક પુત્રી વાજું ઘણું સરસ વગાડી જાણતી હતી. તેજ સાંજરે જ્યારે **મિસિસ ચેવિયટ** એ તરૂણીનું ગાયન સાંભળતી હતી ત્યારે **જેસીએ** તેને કહ્યું કે 'બાઇસાહેબ' આવું વાદિત્ર તથા ગાયન રોજ સાંભળીને તમે કેટલાં બધાં ખૂશ થાઓ?' ત્યારે **નાના ગુસ્ટાવસે** વચ્ચે બોલી કહ્યું કે 'ગાયન શિક્ષક મારી બેનને શીખવવા આવે છે તે વખતે જો એ હમેશાં આવે તો ઘણું એ ગાયન સાંભળે, હમણા હું મારી મા પાસે જઇને તેની રજા લઇ આવું છું; કારણ કે (તેણે ધીમે સાદે કહ્યું) જો હુંજ આંધળો હોઉં તો મને પણ ગાયન તથા વાદિત્ર બહુ ગમે.' **મિસિસ હન્ગરફોર્ડ** સ્વભાવે ઘણી સારી હતી તેમ વિવેકી પણ હતી. તેથી તેણે **મિસિસ ચેવિયટનાં** જ્યારે જ્યારે ગાયન સાંભળવાની ઇચ્છા થાય ત્યારે ત્યારે પોતાને ત્યાં ખુશીની સાથે તેને આવવાનું કહ્યું. આથી **મિસિસ ચેવિયટને** ઘણો આનંદ થયો, અને હમેશાં નિયમસર સવારમાં જ્યારે ગાયન શિક્ષક **મિસિસ હન્ગરફોર્ડને** ત્યાં આવતો ત્યારે પોતે ત્યાં જતી, અને સોબતની જરૂર તેથી **જેસીને** સાથેજ રાખતી.

પોતાની ઝેરી જીજ્ઞાસા પૂરી પાડવાની **જેસીને** ઘણી તકો મળી તેને એમ માલૂમ પડયું કે **ફેનીના** અતડા રહેવાથી મિ. **ફ્રોલિંગ્સબીએ** અધીરા થઇ તેને પોતાના પાશમાં નાંખવાની સઘળી યુક્તિઓ કામ લગાડી છે. એના મનમાં ઇર્ષ્યા ઉત્પન કરવાની આશાથી તે કોઇવાર **જેસી** સાથે હાસ્યવિનોદ કરતો પરંતુ તેને માલૂમ પડયું કે એ યુકતિ બીજી સ્ત્રીઓની બાબતમાં પાર પડે છે તથાપિ **ફેનીને** માટે તો તે તદન વ્યર્થજ છે. તેના કુદરતી વિનયથી તથા તેના સ્વભાવની માધુર્યતાથી **ફ્રોલિંગ્સબીને** એટલા બધી પ્રીતિ ઉત્પન્ન થઇ કે તે પોતાનું મન કબજે રાખી શક્યો નહિ. તેણે **ફેનીને** ખુલ્લે ખૂલ્લુ કહ્યું કે 'હું તારા વગર રહી શકતો નથી.' જાણે

તેણે ફક્ત મશ્કરીમાંજ કહ્યું હોય તેમ ગણી તેને ઉરાડી દેવા **ફેની** હસતાં હસતાં બોલી કે 'તમે મારા વગર રહી શકતા નથી એ ખરે ખરૂં દયા ભરેલું છે; કારણ કે તમને સારી પેઠે માલૂમ છે કે મારી શેઠાણીની નોકરી બજાવવી, ને તમારી સેવા ઉઠાવવી એ બે કંઇ સાથે બને નહિ.' **ફેની**નું માનવું ભુલ ભરેલું છે એવું સમજાવવા તથા ખાતરી કરવા **મિ. ફોલિંગ્સબી**એ પ્રયત્ન કર્યો, અને સોગન ખાધા કે 'જ્યાંસૂધી મારી પાસે પૈસો છે ત્યાં સૂધી તને સુખ આપવાને હું જરાએ પાછો નહિ પડું. **ફેની**એ કહ્યું 'સાહેબ ! જે બાબત હું ખરાબ ધારૂં છું, જે બાબત મારે માથે હમેશને માટે કલંક મૂકે, અને જે બાબત મારા ગરીબ પિતાનું અંતઃકરણ ભેદી નાંખે તે બાબત જો હું કરૂં તો અમારી અનર્ગળ દોલત હશે તો તે પણ મને લેશમાત્ર સુખ આપી શકશે નહિ.' **મિ. ફોલિંગ્સબી**એ કહ્યું 'પરંતુ તારો પિતા એ સંબંધી કશું પણ જાણશેજ નહિ, સર્વે છાનું રાખીશ મારી આબરૂપર ભરોંસો રાખ ' **ફેની**એ કહ્યું ' આબરૂ ! સાહેબ, આબરૂની વાત તમે મારે મોઢે શું કરો છો ? શું તમે એમ ધારોછો કે હું ગરીબ છું તેથી આબરૂ એ શું ચીજ છે તે જાણતી નથી ! અગર શું તમારા મનમાં એમ છે કે તમને તમારી આબરૂની કિંમત છે, અને મને મારી આબરૂની કિંમત નથી ? તમે 'કાળા એટલા ભૂતના સાળા' સમજોછો ? ! તમારી આબરૂ વિશે શક લાવનાર માણસ સાથે લડાઇ કરી તમે તેને મારી નહિ નાંખો ? તેમ છતાં તમે મારી આબરૂને ધોકો પહોંચાડવાની ઇચ્છા જણાવો છો, તેનીજ સાથે તમારાપર મારી પ્રીતિ ઉપજાવવાની કેવી ફોકટ આશા રાખો છો !!' આ સાંભળી **મિ. ફોલંગ્સબી** થોડીવાર ચૂપ રહ્યો. પરંતુ જ્યારે **ફેની** ત્યાંથી ઉઠીને જવા લાગી ત્યારે તેને ઉભી રાખી મોંઢે કહ્યું કે 'આબરૂ વિષે તેં મનોરંજક ભાષણ કર્યું છે, અને વળી જ્યારે તું બોલતી હતી ત્યારે ઘણી ખૂબસુરત દેખાતી હતી, મેં તને જે કહ્યું છે તે પર તું થોડીવાર વિચાર કરીને જવાબ દેજે. અને તને સોગન દઉં છું કે મને કાલે કંઇ પણ ઉત્તર દે તેના પહેલાં આ ચોપડીમાં જે છે તેનું બરાબર ધ્યાનથી મનન કરજે.'

મિ. ફોલિંગ્સબી ત્યાંથી ગયો, એટલે **ફેની**એ તે ચોપડી લીધી અને ઉઘાડયા સિવાય તરતજ પાછી આપવાનો નિશ્ચય કર્યો. તેજ વખતે તેણે **મિ. ફોલિંગ્સબી**પર એક ચીઠી લખી. એ ચીઠી

અને ચોપડી એક કાગળમાં તે વીંટતી હતી તેટલામાં **જેસી** ગાયન-શિક્ષક અને **મિસિસ ચેવિયટ** ત્યાં આવ્યાં. **જેસી** જ્યારે ઓરડામાં આવી ત્યારે **ફેનીનું** મોં ઊતરી ગયેલું હતું. જ્યારે તે **મિસિસ ચેવિયટને** માટે ખુરશી લાવવા ગઇ ત્યારે દુષ્ટ બુદ્ધિથી **જેસીએ** મેજપર પડેલી ચોપડી ઉઘાડી જોઇ, તો તેના દરેક પાનામાં રૂ. ૫૦)નું એક એવાં ૨૧ નોટ તેને માલૂમ પડ્યા. આ સઘળો વખત **ફેની** કંઇપણ શક આણ્યા વગર છોકરાંઓ માટે ગાયનની ચોપડીઓ ખોળતી હતી. **જેસીએ** કરડાકીથી તેને કહ્યું કે 'કેમ **ફેની**! **ફિલિપ ફોલિંગ્સબીએ** આ ચોપડી તને આપી છે કે? ખરેખર એ ચોપડી તો ઘણીજ અમૂલ્ય જણાય છે. બેશક એ તને આપવાનું કંઇ ખાસ કારણ હશેજ!' **ફેની** આ અણધારેલા ભાષણથી રાતીમાતી થઇ ગઇ અને **મિ. ફોલિંગ્સબીને** દોષમાંથી મુક્ત કરવા શું કહેવું તે વિશે તેના મનમાં હચુપચુ થવા લાગ્યું. આખરે તેણે કહ્યું કે 'તેણે એ ચોપડી મને આપી દીધી નથી; એતો મને ફક્ત મનન કરવા આપી છે અને હું તરતજ પાછી આપવાની છું.' **જેસીએ** મશ્કરીમાં કહ્યું કે 'ત્યારે પ્રથમ મનેજ વાંચવા આપ. **મિ. ફોલિંગ્સબીએ** જેવી રીતે તને આપી તેવી રીતે મને પણ તે ખૂશીની સાથે આપશેજ. (ચોપડી પોતાના હાથમાં મજબૂત ઝાલી રાખીને બોલી) બીજા માણસોની માફક મને પણ હવે વાંચવાનો શોખ લાગ્યો છે' **ફેની** વધારે ખીજવાઇને બોલી '**મિ. ફોલિંગ્સબી** તને તે વાંચવાને આપશે. હમણાં એમણે મને સોંપી છે તેથી મારે સહીસલામત તેમને તે પાછી આપવી જોઇએ. લાવો. ચોપડી છોડો.' **જેસીએ** કહ્યું 'ખરેખર! સહીસલામત તમારે પાછી આપવી છે! મને એ બાબત બિલકુલે શક નથી?' આટલું વારેવારે કહીને તે ચોપડી જમીનપર ખંખેરવા મંડી, તેથી અંદરનાં બધાં નોટ જમીનપર પડયાં અને આમતેમ ઉડવા માંડયાં. પછી તેણે પોતાની શેઠાણીને કહ્યું કે 'ઘણીજ દીલગીરીની વાત છે **મિસિસ ચેવિયટ**! કે તમે આવી સુંદર ચોપડી જોઈ શકતાં નથી! આખી ચોપડી નોટોથીજ ભરેલી છે, પરંતુ હું ધારૂં છું કે **મિસિસ હન્ગરફોર્ડ** કાંઇ આંધળાં નથી! આ વખતે **મિસિસ હન્ગરફોર્ડ** અંદર આવી. તે આ જોઇ સ્તબ્ધ થઇ ઉભી રહી. **જેસી** પોતાની વૈરબુદ્ધિની ફતેહ જોઇ ખૂશખુશીમાં ઉભી રહી, **ફેનીનું** મોં લેવાઇ ગયું હતું, તથાપિ નિરપ-

રાધી માણસ જેવી શાન્તિ રાખે છે તેવીજ શાન્તિ રાખી તે ઉભી રહી. છોકરાંઓ તેની આસપાસ વિંટલાઇ વળ્યાં. એટલામાં **મિસિસ ચેવિયટ** કહેવા લાગી કે 'આ શું ચાલે છે? જસી આ શી ગડબડ છે તે કોઇ મને નહિ કહો? તું શેની વાત કરે છે?' **જેસીએ** મલકાતે મોંઢે કહ્યું! 'શેઠાણી, હું એક ઘણીજ નોટોથી ભરેલી કીમતી ચોપડીની વાત કરૂં છું! **ફેની** કહે છે કે તે ચોપડી **મિ. ફેલિંગસબીએ** એને મનન કરવા આપી છે, અને તે તેને પાછી આપવાને એક કાગળમાં તે વીંટતી હતી, તેટલામાં ભોગજોગે તે ચોપડી મેં લઇને હલાવી.'

મિસિસ હન્ગરફોર્ડે પોતાના દીકરા **ગુસ્ટાવસને** કહ્યું કે એ સઘળાં નોટ તું ભેગાં કરીલે. **ફેની** વિશે જેટલું મેં જાણ્યું છે તેટલાથી મને ખાતરી છે કે તે જે જે કહે છે તે ખરૂં જ હોય છે. જ્યારથી તે મારી પાસે રહી છે ત્યારથી એક જુજ બાબતમાં પણ તે જુઠું બોલી નથી; તે પરથી મારે તે કહે તેનાપર પૂર્ણ આધાર રાખવાનો છે.' તરતજ સઘળાં છોકરાંઓએ એક સાથે કહ્યું 'હા બા! તમે એનાપર પૂર્ણ આધાર રાખજો.' **મિસિસ હન્ગરફોર્ડે ફેનીને** કહ્યું '**ફેની** તું મારી સાથે ચાલ અગર જો કે તું જે કહીશ તે સંતોષકારકજ હશે, તથાપિ તારે જે ખૂલાસો કરવાનો હોય તે આ સઘળાંની વચ્ચે કરવાની જરૂર નથી, **જેસીની** દ્વેષદૃષ્ટિથી દૂર જવાને **ફેની** ઘણી ખૂશી હતી તેથી પોતાપર મૂકેલા વિશ્વાસ તથા કૃપાને માટે **મિસિસ હન્ગરફોર્ડનો** ઘણો ઉપકાર માન્યો, પરંતુ જ્યારે ખૂલાસો કરવાનો વખત આવ્યો ત્યારે તે ઘણા ગભરાટમાં પડી. કારણ કે એથી **મિ. ફેલિંગસબી** અને તેની કાકી વચ્ચે કલહ ઉત્પન્ન થવાની તેને ધાસ્તી હતી. તેનો વાંક બતાવ્યા વગર પોતાને નિર્દોષ શી રીતે ઠરાવવી તેની તેને ગમ પડી નહિ. તેને આ વખતે 'સુડી વચ્ચે સોપારી' જેવું હતું. **ફેની** બોલવાનું શરૂ કરશે એવી આશા રાખી થોડીક મિનિટ સૂધી રાહ જોઇ **મિસિસ હન્ગરફોર્ડે** કહ્યું "**ફેની**! શરમાય છે કેમ? રડે છે શું કરવા? કેમ કંઇ બોલતી નથી? તને મારી તરફથી ન્યાય મળવાની શું ખાત્રી નથી? તેમ તું શું એમ ધારે છે કે તારે માથે કોઇપણ તરેહનું કલંક આવતું હોય તો હું તારૂં રક્ષણ નહિ કરૂં? મારા ભત્રિજાપર તહોમત છે એ વાત ખરી; પણ જ્યારથી મારાં છોકરાં તારાં હાથ નીચે

સોંપ્યા છે ત્યારથી તેં એમની જે સંભાળ લીધી છે તેને માટે હું તારી આભારી છું. તેથી જો તારે **મિ. ફેલિંગ્સબી** માટે કંઇપણ ફરીયાદ કરવાની હોય તો તે ખૂલાસાથી કહી દે." **ફ્રેની** બોલી 'શેઠાણી સાહેબ! તમારી મારા પ્રત્યેની મમતાને હું તમારી અને તમારા ભત્રિજાની વચ્ચે અણબનાવ ઉપત્ન કરનાર નથી. (ડસકાં ખાતે ખાતે કહેવા લાગી) તેમ કરવા કરતાં મારે તમારૂં કુંટુંબ તરતજ છોડવું એ મને સૌથી ઉત્તમ લાગે છે. ખરે મારે તેમજ કરવું જોઇએ.' શેઠાણીએ કહ્યું ' નહિ **ફ્રેની** ! આજે જે જે બન્યું છે તેનો ખૂલાસો કર્યા વગર તું મારે ત્યાંથી જાય એ ઠીક નહિ; કારણ કે જો તું એમ કરીશ તો તારૂં માન અપમાન **જેસી**ના હાથમાં રહેશે.' ખરેખરા ભયથી પાંદડાના માફક થરથરતાં **ફ્રેની** બોલી પ્રભુર એવું ન કરો! શેઠાણી! હું તમને વિનંતિ કરૂં છું કે મારાપર કૃપા કરીને આ ચોપડી તથા નોટો **મિ. ફેલિંગ્સબીને** પાછાં આપશો, તથા આ કાગળ પણ તેને પહોંચાડશો- હું આ કાગળ તે ચોપડી સાથે વીંટતી હતી તેટલામાં **જેસી** આવી અને મેં કદી નહિ જોયેલાં તે બેન્કનોટ તેણે ચોપડીમાં જોયાં. આ નોટ મારે જે કંઇ જવાબ દેવાનો છે તેમાં ફેરફાર કરાવી શકે તેમ નથી. તેથી જો તમે કહેતાં હો તો પ્રથમ લખેલોજ કાગળ હું તમને આપું.'

પછી તે કાગળ તથા નોટવાળી ચોપડી **મિસિસ હન્ગરફોર્ડે** પોતાના ભત્રિજા **મિ. ફેલિંગ્સબીને** મળીને તરતજ તેના હાથમાં મૂકી, ત્યારે તે ઘણો વિસ્મય પામ્યો. ચોપડી **જેસી**ની નજરે શી રીતે પડી તથા **ફ્રેની**પર તે કેવાં તહોમત મૂકવાની હતી તે સંબંધી સર્વ હકીકત તેની કાકીએ તેને કહી, અને વળી કહ્યું કે **ફ્રેની** મારી તથા તમારી વચ્ચે કલહ થવાની ધાસ્તી રાખે છે તેથી જે ખુલાસા જોઇએ તે ખુલાસો ઘણી સમજાવ્યા છતાં તેણે મને આપ્યો નથી; પણ હું ધારૂં છું કે તે નિર્દોષજ હશે.' **ફેલિંગ્સબી**એ કહ્યું 'ત્યારે તમે આ કાગળ જોયો નથી ? એણે પોતાના મનથીજ નિર્ણય કર્યો હોય એમ લાગે છે. વાહ ? ઘણીજ સારી છોડી છે ! તમે મારે માટે ગમે તે ધારો તોપણ એણે જે લખ્યું છે તે મારે તમને બતાવવું જોઇએ. તેપરથી હું કેટલો ઠપકાપાત્ર છું તથા તમે એનાપર જે વિશ્વાસ રાખો છો તે વિશ્વાસને તે કેટલી બધી લાયક છે તે તમને સહેજ માલૂમ પડશે.' આટલું કહી તેણે તે

કાગળ **મિસિસ હન્ગરફેર્ડના** હાથમાં મુક્યો, અને તે વાંચતાં તેમાં નીચે પ્રમાણે લખેલું હતું:—

"સાહેબજી—તમે જે ચોપડી મારા માટે મૂકી હતી તે હું આ સાથે પાછી મોકલું છું, કારણ કે એની અંદર ગમે તે હશે તે, થોડા વારપર મારે તમારે જે વાતચીત થઇ હતી. તે સંબંધીના મારા વિચાર ફેરવી શકવાનું નથી. હું આશા રાખુંછું કે હવે પછી તે પ્રમાણે તમે મારે મોંઢે એકે શબ્દ પણ નહિ બોલો. સાહેબ! વિચાર કરો કે હું એક ગરીબ અનાશ્રિત છોડી છું. થોડા વખતથી તમે મારી સાથે જેવી વર્તણુંકે વર્ત્તવા લાગ્યા છો તેજ પ્રમાણે હવે પછી વર્ત્તશો તો મારે દિલગીરીની સાથે મારા મિત્ર અને રક્ષક **મિસિસ હન્ગરફેર્ડનું** ઘર તજવાની જરૂર પડશે. એવાં સારાં મિત્ર મને ક્યાંથી મળશે! મારો વૃદ્ધ પિતા બિચારો ધર્મશાળામાં રહે છે, અને જ્યાં સૂધી તેનાં છોકરાં એના ગૂજરાન યોગ્ય રળીને પેદા ન કરે ત્યાં સૂધી એ ત્યાંજ રહેશે. સાહેબજી! એમ નહિ ધારતા કે આ વાત હું તમારા મનમાં દયા ઉપજાવવાને અને મદદ માગવાને માટે જણાવું છું. જ્યાં સૂધી તમારા આવાજ વિચાર તથા રીતભાત રહેશે ત્યાં સૂધી હું અગર મારા પિતા તમે ગમે તે આપવાનું કહેશો તેમાંથી એક લાલ પાઇ પણ લેવાનું કબૂલ નહિ કરીએ. મહેરબાન સાહેબ! મારાપર દયા રાખો, અને જેમને તમે કાંઇ ગુણ કરી શકવાના નથી તેમને નાહક દુઃખ ઉત્પન્ન ના કરો.

હું છું,
તમારી આજ્ઞાંકિત સેવક,
"ફેની ફ્રેંકલાંડ."

મિસિસ હન્ગરફેર્ડ આ કાગળ વાંચી રહી કે તરતજ **મિ. ફેલિંગ્સબીએ** પોતાનો ઘંટ વગાડયો, અને પોતાના ઘોડા તૈયાર કરવાનો ચાકરને હુકમ આપ્યો. તે બોલ્યો હું હમણાંજ અત્રેથી જાઊં છું, તેથી ફેનીને તમારૂં ઘર છોડવાની જરૂર નહિ પડે. આ નોટ તમે તમારી પાસેજ રાખો. તેણે લખ્યું છે કે 'મારો બાપ ઘણા દુઃખમાં છે.' હવે હું કંઈ સારા વિચારપર ચડવા લાગ્યો હોઊં એમ મને માલૂમ પડે છે; તેથી તે મારી મદદ ધિક્કારી કાઢશે નહિ. આ પૈસા જ્યારે અને જેવી રીતે તમને ઠીક લાગે

ત્યારે અને તેવી રીતે એને આપજો, મને ખાતરી છે કે આ રૂ. ૧૦૫૦ નો ઉપયોગ હું આથી સારો કરી શકત નહિ. હું પરમેશ્વર પાસે માગું છું કે હવેથી તે મારા પૈસાનો કંઈપણ ખોટો ઉપયોગ કરાવે નહિ. આટલું કહી **મિ. ફેલિંગ્સબી** શહેર તરફ ચાલી નીકળ્યો. તેની કાકીએ ધાર્યું કે તેણે નિષ્કપટપણું તથા ઉદારતા બતાવી પોતાના ગુન્હાને માટે કેટલોક પશ્ચાતાપ કર્યો એ ઠીક થયું છે.

મિસિસ હુન્ગરફોર્ડને **ફેની** શો ખૂલાસો આપે છે તે સાંભળવાની રાહ જોતી **જેસી** દુષ્ટબુદ્ધિથી અધીરાઇ રાખી ઉભી હતી, પરન્તુ જ્યારે તેણે આવીને **ફેની**નાં હદપાર વખાણ કર્યાં ત્યારે તેને કેટલો બધો આશ્ચર્ય પેદા થયો હશે? તથા તે કેટલી નાઉમેદ થઇ હશે? તેનો વાંચનારેજ ખ્યાલ કરવો. **નાના ગુસ્ટવસે** પોતાના હાથ જોડીને કહ્યું 'માજી તમે એને માટે એવું ધારો છો તે સાંભળી હું ઘણોજ ખુશી થઇ ગયો છું. કારણ કે અમે સઘળાં એને એવીજ ધારીએ છીએ. જો એ દોષિત થઇને ઘરમાંથી ગઇ હોત તો હું ઘણોજ દીલગીર થાત.' **મિસિસ હુન્ગરફોર્ડે** કહ્યું 'એ બાબતની તારે કંઇપણ ચિન્તા રાખવી નહિ. જ્યાં સૂધી આ ઘરમાં રહેવાની એની મરજી હશે ત્યાંસુધી હું એને કાઢવાની નથી. ખરૂં કારણ જાણ્યા સિવાય હું કોઇને મારા રક્ષણ નીચે લેતી નથી, તેમ તેને કાઢતી પણ નથી.' આ સાંભળી **જેસી** પોતાની જીભ કરડવા મંડી તથા મનની વાત મનમાં રહી ગઇ તેને માટે બેહદ દીલગીર થઇ. સ્વાભાવિક રીતે તેનો ચહેરો ખૂબસુરત હતો તે અત્યારે કાળો શાહી સરખો થઇ ગયો. ઇર્ષ્યા અને પાપાશયે તેને કદરૂપી કરી નાંખી, જે વખતે તે ઓરડામાં પેઠી હતી તે વખતે તેની મુખમુદ્રા જેટલી ફતેહથી ભરેલી હતી તેટલીજ બલ્કે તેથી પણ વધારે, તે જ્યારે **મિસિસ ચેવિયટ**ની સાથે પાછી ગઈ ત્યારે, કાળી શાહી સરખી થઇ ગઇ હતી.

પ્રકરણ ૯ મું.

સીધી વર્તણુકનો ગમેતેટલી મમતાથી ઉપયોગ કર્યો હોયતો પણ ઘણીવારપ્રથમ તેખોટું લગાડેછે, પરંતુપાછળથીયશદાયકથાયછે.

જેસી અને **મિસિસ ચેવિયટ** ત્યાંથી ગયાં કે તરતજ એક નાની છોડીએ કહ્યું "મને પેલી **મિસ બેટસ્વર્થ્સ** (**જેસી**) ગમતી નથી; કારણ કે તે મને પૂછતી હતી કે 'બરોબર ,પાકયા વિનાનું ફળ માગ્યુ તે છતાં **ફેનીએ** તને ના આપ્યું તેટલા માટે તે અહિથી જાય તો તું ખૂશી થાય કે નહિ ?' પણ મા! **ફેની** હમેશાં આપણા ઘરમાં રહે તો સારૂં." આ વાતચિત વખતે એક પુરૂષ ત્યાં હતો. તેણે એ છોડીની ઇચ્છાને બહુ પસંદ કરી. આ પુરૂષ **મિસસ હંગરફોર્ડ**નાં છોકરાંનો શિક્ષક **મિ. રેનોલ્ડસ** હતો, કેટલાક વખતથી એના વિચારો **ફેની**ની તરફ વળ્યા હતા. પ્રથમ તે એ તરૂણીની લાવણ્યતાથી મોહિત થયો હતો; પરંતુ જ્યારે તેને માલૂમ પડયું કે **મિ. ફોલિંગસબી** એને બહુ ચહાય છે, ત્યારથી તે એની વર્ત્તણુક બરોબર લક્ષમાં રાખતો. એણે એમ નિશ્ચય કર્યો હતો કે આ વાતમાં ખરૂં ખોટું શું છે તે જ્યાંસુધી માલૂમ ન પડે ત્યાંસૂધી મારે કંઇ પણ બોલવું નહિ. પણ હવે **ફેની**ની મર્યાદા અને ડહાપણ તેના જાણવામાં આવ્યાથી તે પોતાનો પ્યાર એને દેખાડવાને આતુર થયો. આ પુરૂષ ઘણા સારા સ્વભાવનો તથા રૂડી ચાલચલગતનો હતો. એની ચંચળાઇ અને બુદ્ધિ, એની સ્ત્રીને તથા કુટુંબને સ્વતંત્રતાનું સાચુ સુખ ભોગવાવે એવાં હતાં.

મિસિસ હંગરફોર્ડ જોકે મગરૂર હતી તથાપિ તે સ્વાર્થી નહોતી. **ફેની**ની પ્રીતિ સંપાદન કરવાની **મિ. રેનોલ્ડસ**ની આકાંક્ષા જોઇ તે બહુ ખૂશી થઇ; અને **ફેની** જેવુ ઉપયોગી માણસ પોતાના ઘરમાંથી જાય તે વાત મનમાં લાવતી નહોતી. **ફેની** એ શેઠાણી પાસે બે વર્ષ રહી. તેટલા વખતમાં તે એની હદપાર માનીતી થઇ પડી હતી, આ વખત **મિસિસ હંગરફોર્ડ**નો એક સગો મરણ પામ્યો. એ બાઇના પાંચ છોકરાં હતાં તે દરેકને માટે તે રૂ. ૧૦૫) મૂકી ગયો હતો. નાના **ગુસ્ટાવસ**ને પોતાના ભાગના રૂપિઆનું ઘડીઆળ લેવાની બહુ ઇચ્છા હતી; તથાપિ તેણે પોતાનો ભાગ **ફેની**ને આપવાની મરજી જણાવી, તેનાં ભાઇ બેનોએ એની ઇચ્છા પસંદ

કરી અને તે દરેક જણે પોતપોતાનો ભાગ **ફૅની**ને આપવા કહ્યું. એ પાંચ ભાંડુના ભાગના રૂ. ૫૨૫ માં તેમની માએ પોતાના ખાનગી રૂ. ૫૨૫ ઉમેરી **ફૅની**ને આપતી વખતે કહ્યું કે મારા ઓરડામાં મૂકવાને એક સુંદર આરસો લાવવા આ રૂપિયા મેં રાખી મૂક્યા હતા; પરંતું જે માણસ મારા કુટુંબને બહુજ ઉપયોગી થઇ પડયું છે તેને બદલા તરીકે આપવાથી એ ઘણા સારા કામમાં આવશે. **મિ. ફ્રેલિંગ્સબી** એ રૂ ૧૦૫૦ પોતાની કાકી **મિસિસ હગરફૉર્ડ**ની મારફતે તેને અપાવ્યા હતા તે, અને હાલના રૂ ૧૦૫૦ મળી **ફૅની** પાસે રૂ ૨૧૦૦ ની રકમ એકઠી થઇ; તેથી તેના આનંદ તથા ઉપકારનો પાર રહ્યો નહિ. કારણ કે તે ધારતી હતી કે ' આ પૈસાથી હું મારા પિતાને ધર્મશાળામાંથી મુક્ત કરીશ ' તેના મનની મોટી ઇચ્છા આજ હતી. તેની આ ઇચ્છા જાણીને **મિ. રેનોલ્ડસ** એટલો બધો ખૂશી થયો કે **ફૅની** તેના સામું જોઇ હસી અને બોલી કે 'હવે મને ખાત્રી થઇ કે તમે ખરા અંતઃકરણથી મને ચાહોછો' **મિ. રેનોલ્ડસે** કહ્યું ચાલ, આપણે હમણાંજ તારા પિતા પાસે જઇએ. જયારે તું આ પૈસા એમને આપે ત્યારે મને પણ ત્યાં હાજર રહેવા દેજે. **ફૅની**એ કહ્યુ ખચિત હું તમને સાથે તેડી જઈશ, પરંતુ પ્રથમ મારે મારાં ભાઇ બેનોની સલાહ લેવી જોઇએ. કારણ કે અમારે સર્વને સાથેજ ત્યાં જવાનું છે, અમારો કરારજ એવો છે. આવતા માસની પહેલી તારીખે મારા પિતાની જન્મગાંઠ છે. તે દિવસે અમે સઘળાં એમના મુકામ ઉપર મળવાનાં છીએ. અહા ! એ દિવસ કેવો રળિયામણો થઇ પડશે ! !

હવે **જેમ્સ** આટલા વખતસૂધી શું કરેછે ને જોઇએ. તેના શેઠ **મિ. કલેગહોર્ન** સાથે તે કેવી રીતે વર્તેછે તેનું હવે આપણે અવલોકન કરીએ.

અઢાર મહિના **જેમ્સ** પોતાના શેઠ પાસે રહ્યો તેટલા વખતમાં એના વિષે કંઇપણ ફરિયાદ કરવાને શેઠને કારણ મળ્યું નહોતું. એ યુવાનીઓ શેઠનું કામ તે પોતાનુંજ ગણતો; તેથી તે તેના સંપૂર્ણ ભરોંસાને પાત્ર થયો હતો. **મિ. કલેગહોર્ન** સાથે સલાહ સંપથી વર્તવું એ કાંઇ નાનીસૂની વાત નહોતી; કારણ કે કોઇપણ બાબતમાં એનાથી વિરૂદ્ધ પડે તે એને ગમતું નહિ. પરંતુ ભોગજોગે નીચેના બાબતને લીધે તેને **જેમ્સ** ઉપરથી કેટલાક વખત માટે તદન **વિશ્વાસ** ઉઠી ગયો.

એક સાંજે લગભગ અંધારૂં થવા આવ્યું હતું અને જેમ્સ દુકાન બંધ કરવાની તૈયારીમાં હતો; તેટલામાં વિચિત્ર દેખાવનો અને મોટા મોટા ગજવાંવાળો ડગલો પહેરેલો એવો એક ઘણો જાડો માણસ દુકાનમાં આવ્યો. તે જેમ્સની સામેના પૈસા ગણી લેવાના પાટિયાપર ટેકો દઇ ઉભો રહીને બોલ્યા ચાલ્યાવિના ટગર ટગર એના સામું જોવા લાગ્યો. પાટિઆપર પડેલા પૈસા જેમ્સે ઉપાડી લેઇ ગલ્લામાં નાંખ્યાતે જોઇ પેલા માણસે હસીને બતાવ્યું કે 'એ વાત મારી અજાણમાં નથી.' ચહેરા ઉપરથી એ દગાખોર તથા કંઇક રમુજી જણાતો હતો તેમાં પણ રમુજ કૃત્રિમ અને દગલબાજી સ્વાભાવિક દેખાતી હતી. જેમ્સે તેને પૂછ્યું કે તમારે શું જોઇએ છીએ? તે બોલ્યો કે એક પ્યાલો બ્રાન્ડી મને પાઓ અને તમારા શેઠને બોલાવો. જેમ્સે ઉત્તર દીધો 'મારા શેઠ ઘેર નથી અને અમે બ્રાન્ડી વેચતા નથી; રસ્તે જતાં પણે એક દુકાન આવેછે ત્યાં તમને સારો બ્રાન્ડી મળશે.' આ ઉત્તરથી જાણે પોતાને ગુસ્સો ચઢયો હોય અને તેથી જેમ્સને ધમકાવનો હોય તે પ્રમાણે પેલો માણસ બોલ્યો કે 'તેં તારા આખા જન્મારામાં ચાખ્યો પણ નહિ હોય એવો સારો બ્રાન્ડી ક્યાંથી ખોળી કાઢયો એ તારા કરતાં હું બહુ સારી રીતે સમજું છું. મારે તારો બ્રાન્ડી જોઇતો નથી. પણ તું કેવો છોકરો છું, તે જોવા માટેજ મેં એ તારી પાસે માગ્યો હતો. હું કોણ છું તે તને ખબર નથી કેમ ?' જેમ્સે કહ્યું. 'ના સાહેબ' મને બિલકુલે ખબર નથી.' પેલો માણસ બોલ્યો, શું એડમિરલ ટીપ્સીનું નામ તેં કોઇ દિવસ સાંભળ્યુંજ નથી ! જેનું પેટ એક લાપલાંડરના કરતાં પણ મોટું છે તેના વિષે તું કાંઇ જાણતોજ નથી એ શું ! વાઝ; ઠીક, મને આ પાછળના ઓરડામાં જવા દે; તારા શેઠ આવશે ત્યાં સુધી ત્યાં બેશીને હું એમની રાહ જોઇશ. જેમ્સે ઓરડાનું બારણું સજ્જડ ઝાલીને કહ્યું કે સાહેબ ! એ ઓરડામાં તમારાથી જઇ શકાય તેમ નથી, કેમકે મારા શેઠની એક યુવાન દીકરી ત્યાં ચાહ પીએ છે. તેને હરકત કરવી એ સારૂં નથી. એમ કહીને તે બારણું રોકીને ઉભો રહ્યો; કારણકે તેને એમ લાગ્યું કે આ ખંધા માણસે કાંઇ નિશો કર્યો છે અથવા એવું ડોળ કરે છે. આ રકઝક ચાલતી હતી તેટલામાં મિ. ક્લેગહોર્ન ત્યાં આવી પહોંચ્યો અને જેમ્સને અચંબો પમાડે તેમ ધરવટથી બોલ્યો કે અરે એડમિરલ ? તમેજ છો કે ! ! જેમ્સ !

અમને બંનેને જવાદે. તું આ **એડમિરલ**ને ઓળખતો નથી ? !

આ **એડમિરલ ટીપ્સી** દાણચોરી કરનાર હતો, તેના કબજામાં દાણચોરીનાં બે ત્રણ નાનાં વહાણુ હતાં તે પરથી પોતાને **એડમિરલ** કહેવડાવતો. જ્યારે એની લાકડી એના હાથમાં હોય ત્યારે કાઇપણુ માણુસ એના એ હોદ્દાનો ઇનકાર કરતું નહોતું. એને **'ટીપ્સી'** નામ આપવામાં કાંઇ અન્યાય થતો નહોતો કારણુ કે રાત દિવસ તે નિશામાં ચકચૂર રહેતો.

એ **એડમિરલે** અંદર જઇ ચાહ પીધા પછી પોતાનો ડગલો કાઢી નાંખ્યો, અને કૃત્રિમ જાડાપણું ધીમે ધીમે ખોલવા માંડયું તે જોઇ **જેમ્સ**ને ઘણું આશ્ચર્ય લાગ્યું. તેણે (**એડમિરલ**) પોતાના શરીર ઉપર શણુનાં ઝીણાં કપડાં વીંટી લીધાં હતાં, તે સઘળાં જ્યારે છોડી નાંખ્યા ત્યારે તે એવો તો પાતળો થઇ ગયો કે ઓળખી શકાય પણુ નહિ. પછી તેણે કેટલુંક ઘાસ મંગાવ્યું, અને પ્રથમના જેવો જાડો દેખાવા માટે તે ઘાસ શરીરે વીંટાળીને બાંધી લીધું. તેણે કહ્યું કે મેં તમને પ્રથમથીજ કહ્યું હતું કે મારા ડગલાની અંદર 'એવી એવી ચીજો છે કે મૂર્ખ માણસને તે આશ્ચર્ય પમાડયા સિવાય રહે નહિ. જુઓ આ કોર છે તે તમને બજારમાં જે કીમતે મળે તેનાથી અર્ધી કીમતે પડશે. આ શણુના કપડાની તો વાતજ કરતો નથી. હવે હું જાઉં છું; આપણો હિસાબ નકી કરવાને આવતી કાલે હું પાછો આવીશ પણુ તમારા મુનીમે આજ જેવી રીતે બારણું વાસી મને અંદર આવવા દીધો નહિ તેમ કાલે ના કરે એવું કહેજો. પછી **જેમ્સ**ના સામું જોઇને બોલ્યો કે લે, આ કપડું હું તારા માટે લાવ્યો છું, મારી સાથેની તારી આજની વર્તણુંક હું મનમાં લાવતો નથી, તને પણુ હવે હું મારો માણુસ ગણું છું. ઘણીવાર તેણે **જેમ્સ**ને કહ્યું કે આ કપડું તું તારે પહેરવા રાખજે અથવા વેચી મારજે. પણુ **જેમ્સે** તે જરાએ નહિ ગણુકારતાં બારણુા સૂધી જઇને તેનું કપડું તેને પાછું આપ્યું. જ્યારે તે ત્યાંથી ગયા ત્યારે **મિ. કલેગહોર્ને** કહ્યું કે કેમ **જેમ્સ**, તને એ **એડમિરલ** ગમતો નથી? **જેમ્સે** જવાબ દીધો ,સાહેબ ! એ એક દાણુચોર છે એ :સિવાય એના વિષે બીજું કાંઇ પણુ મારા જાણુવામાં નથી અને તેટલા માટેજ તેની સાથે કંઇ પણુ સંબંધ રાખવાને હું ખૂશી નથી. ' લજ્જાયુક્ત ગુસ્સાવાળો ચહેરો કરી **મિ. કલેગહોર્ન** બોલ્યો કે 'હું

ઘણો દિલગીર છું કે તું ખૂશી નથી; મારૂં અંતઃકરણ પણ બીજા માણસોના જેવુંજ છે. તથાપિ એ દાણચોરની સાથે કામ પાડવાને મારૂ મન ઘણું લલચાય છે; અને જો હું ભૂલતો ના હોઊં તો એના સંબંધથી હું અનર્ગળ દોલત પેદા કરીશ. અત્યાર સૂધી મેં કોઇપણ દાણચોર સાથે કામ પાડયું નથી, પણ મન્મથ શહેરમાં તેમની મદદથી ઘણાને પૈસાદાર થયેલા મેં જોયા છે. જોને, આપણો આડોશી મિ. રેકસ એમ કરવાથી કેટલો બધો પૈસાદાર થઇ ગયો છે!! જ્યારે આમ છે ત્યારે મારે અગર તારે બીજાઓ કરતાં વધારે ડાહ્યા શા માટે થવું જોઇએ? ઘણા ગૃહસ્થોનો એની સાથે સંબંધ છે ત્યારે એક દુકાનદારે તેમના કરતાં દોઢ ડાહ્યો થવાનું શું પ્રયોજન? બોલ, તારો શો વિચાર છે તે મારે સાંભળવો છે.' જેમ્સે જેટલા માનસહિત બોલાય તેટલા માનથી કહ્યું, એડમિરલ ટીપ્સી અગર કોઇપણ દાણચોર સાથે કંઇપણ કામ ન પાડવું એમાંજ લાભ છે. જેઓ ગેરકાયદે વેપાર ચલાવે છે, અને જેઓ હમેશાં ઠગવાનો ધંધો કરે છે, અગર જેઓ જૂઠા સોગન ખાય છે, તેઓને ભાગીદાર કરવા એ જરાએ સલામત નથી. નીતી ભરેલું છે કે નહિ તે વાત એક કોરે મૂકીએ તોપણ દાણચોરીનો વેપાર એ એક જુગાર બરોબર છે. એ ધંધામાં એક વર્ષ માણસ તવંગર થઇ પડે છે અને બીજે વર્ષે ભીખારી થઇ જાય છે. આ સાંભળી મિ. કલેગહોર્ને મશ્કરી કરી કહ્યું ઠીક, તું ઘણી ડાહી ડાહી વાતો કરે છે! આટલી નાની ઉમરમાં આટલું બધું ડહાપણ તને કોણે શીખવ્યું! જેમ્સે દઢતાથી કહ્યું "સાહેબજી! મારા પિતાએ એ શીખવ્યું છે. જે જે સારૂં છે, અને જે જે હું જાણું છું તે સઘળું મને તેમણેજ શીખવ્યું છે. મારો એક કાકો હતો તે દાણચોરની સાથે કામ પાડવાથી ખરાબખસ્ત થઇ ગયો; અને જો મારા પિતા વચ્ચે પડયા ન હોત તો તે બંધીખાનામાંજ સડયા કરત. જ્યારે આ વાત બની ત્યારે હું બાળક હતો. જ્યારે મારા કાકાને પકડયા, અને તેથીમારી કાકી તથા તેમનાં છોકરાં રડતાં હતાં, ત્યારે મારા પિતાએ મને કહ્યુ હતું કે જેમ્સ આ પરથા તારે શીખામણ લેવાની છે. કોઇ દીવસ તારે પણ વેપારમાં પડવાનું છે; માટે 'પ્રમાણિકપણું એજ ઉત્તમ માર્ગ છે' તે તું કદી ભૂલી જતો નહિ. લાંબી મુદ્દતે પ્રમાણિકપણે વર્તનારજ ફતેહ પામે છે." મિ. કલેગહોર્ન વચ્ચે બોલી ઉઠયો કે, 'હવે આ સંબંધી

વધારે બોલવાની જરૂર નથી; બહુ થયું માટે બસ કર, દાણચોર સંબંધી ઉપદેશ હવે જે બાકી રહ્યો હોય તે મારી છોડીને કરજે; કારણ કે એવો ઉપદેશ મને નહિ પણ તેને વધારે પસંદ પડે છે'

બીજે દિવસે જ્યારે **મિ. કલેગહોર્ન** દૂકાન ઉપર આવ્યો ત્યારે **જેમ્સનો** વાંક કાઢયા સિવાય બીજું કંઇ પણ તે બોલ્યો નહિ. પરંતુ એનું સઘળું કહેવું **જેમ્સ** ધીરજ રાખી ખમી રહ્યો; કારણ કે તેને ખાત્રી હતી કે હું કરૂં છું તે ખરૂંજ છે અને વખત આવ્યે મારા શેઠ પણ ઠેકાણે આવશે. અંત્યે સત્યનોજ જય થશે, **મિ. કલેગહોર્ને** તેને કહ્યું, 'મારા કહ્યા પ્રમાણે સઘળી બીંદડીઓ તેં મોકલી છે અને તેનાં ભરતિયાં તૈયાર કર્યા છે તેમાં કાંઇ ભૂલતો તો નથી? તું શું શું કરે છે તે તને માલૂમ તો હશેજ. 'પ્રમાણિકપણું એજ ઉત્તમ માર્ગ છે' એ તારા પિતાની કહેવત પ્રમાણે શા માટે તું મારી સાથે ખૂલ્લા દિલથી વર્તતો નથી? **એડમિરલ ટીર્પ્લી** અને બીજા દાણ-ચોરની સામેની જે સલાહ કાલે તેં મને આપી તેમાં તારો ગુહ્ય ઉદ્દેશ શો છે તે તું મને કેમ ખુલ્લો કહી દેતો નથી: ?' **જેમ્સે** જવાબ દીધો કે "સાહેબજી! મારો કંઇ પણ ગુહ્ય ઉદ્દેશ નથી. તેમ **ગુહ્યઉદ્દેશથી** તમે શું કહેવા માગો છો તે પણ હું સમજી શકતો નથી. જો હું તમારા લાભ કરતાં મારાજ લાભ ઉપર નજર રાખું તો મારામાં જેટલી શક્તિ હોય તેટલી શક્તિ દાણચોરનો તમારી સાથે સંબંધ વધારે ગાઢ કરાવવામાં વાપરૂં. આજ સવારે **એડમિરલે** એક કાગળ મને મોકલ્યો હતો, તેમાં મારી દોસ્તી બાંધવાનું તેણે લખ્યું હતું તથા તે સાથે રૂ૧૦૦)ની નોટ મોકલી હતી. પરંતુ મેં તે કાગળ તથા નોટ બંને પાછાં મોકલ્યાં છે.' **જેમ્સે** આ હકીકત એવા તો શુદ્ધ અંતઃકરણથી કહી કે તેના શેઠને તે માનવી પડી.

ખૂલ્લા દીલથી તથા નિખાલસપણાથી **જેમ્સે** જે કહ્યું તે સાંભળી **મિ. કલેગહોર્ન** સંતોષ પામ્યો; અને શાંત થઇ બોલ્યો કે '**જેમ્સ** હું તારી ક્ષમા માગું છું. તારૂં કહેવું મેં ઊંધું માની લીધું. કાલ રાત્રે તેં મને જે સલાહ આપી તેમાં તું પ્રપંચ નહોતો રમતો એ વિશેની મારી ખાત્રી થઇ. મારી દીકરીની મુખામુદ્રા જોઇને હું એમ આડે માર્ગે દોરાયો હતો. મેં એમજ ધાર્યું કે સલાહ આપવામાં મારા કરતાં તે છોડી તરફ તારી નજર વધારે હતી. પરન્તુ જો તેમ હોય તો તેં મને ખુલ્લે ખુલ્લું આરતું એ કહ્યું હોત' પોતે

એડમીરલ ટીપ્સી અને દાણચોરના સંબંધી જે સલાહ આપી હતી તે સલાહ મિ. કલેગહોર્નને લાગુ ન પડતાં મિસિસ કલેગહોર્નને શી રીતે લાગુ પડી તે ખોળી કાઢવાને જેમ્સ ગૂંચવણમાં પડયો, તેથી વધારે ખુલાસો સાંભળવાની આકાંક્ષાથી તે છાનોમાનો બેશી રહ્યો. મિ. કલેગહોર્ને કહ્યું કે ' ત્યારે તને માલૂમ નથી કે જેટલી દોલત હું મારી દીકરીને માટે મૂકી જાઉં તેના કરતાં ઘણી વધારે દોલત એડમિરલ ટીપ્સી તેના ભત્રિજા મિ. રેઇકસ માટે મૂકી જાય એમ છે ! કાલ રાત્રે એને તેં જે પોશાક પેહેરેલો જોયો તે પ્રમાણે પહેરી ફરવાનો એને એક તુરંગ છે. તથા જે દાણચોરીથી એણે આટલો પૈસો પેદા કર્યોછે તે દાણચોરી કરવાનો એને શોખ છે. ખરી રીતે જોતાં તે ઘણો પૈસાદાર વૃદ્ધ માણસ છે. તેણે મારી દીકરી તેના ભત્રિજા વેરે પરણાવવાનું માગું કર્યુંછે. તે છોકરો ઘણો ચાલાક છે; અને આજ સાંજરે અત્રે આવવાનોછે. હું ધારૂંછું કે તું હવે મારૂં કહેવું સમજવા લાગ્યોછું. માટે એના વિષે મારી દીકરીના મનમાં કાંઇ ખોટો વિચાર બેસારીશ નહિ. હું આજીજી કરી કહુંછુ કે દાણચોરી સંબંધી એક શબ્દ પણ તેને કહીશ નહિ.' જેમ્સે કહ્યું 'તમારા કહેવા પ્રમાણેજ હું વર્તિશ' પણ આટલું કહેતાં કહેતાં તો તેનો અવાજ બદલાઇ ગયો અને ચહેરો ફીકકો પડી ગયો, આ ફેરફાર તેના શેઠે પણ જોયો.

જ્યારે યુવાન રેઇકસ અને તેનો તવંગર દાણચોર કાકો બંને મળવાને આવ્યા ત્યારે મિસ કલેગહોર્ને તેમને માટે ઘણો તિરસ્કાર બતાવ્યો. આથી તેનો પિતા મિ. કલેગહોર્ન ઘણો ચિડાઇ ગયો અને ગુસ્સામાં ને ગુસ્સામાં બોલ્યો કે 'તું જેમ્સ ફેંકલાંડ સાથે પ્યારમાં પડીછુ; પણ એ છોકરો દગાખોર તથા દુષ્ટ છે; અને જો ત્રણ દિવસની અંદર તું મારા પસંદ કરેલા માણસ સાથે લગ્ન નહિ કરે તો હું તેને મારા ઘરમાંથી કાઢી મૂકીશ.' આના ઉત્તરમાં છોડીએ કહ્યું કે 'જેમ્સ આ બાબતમાં નિર્દોષ છે. તેણે કોઇપણ દિવસ પરોક્ષ યા પ્રત્યક્ષ રીતે મારી પ્રીતિ સંપાદન કરવા કંઇ પણ કહ્યું નથી; તેમ મિ. રેઇકસ માટે મારા મનમાં ખોટો વિચાર ઠસાવવા એકે શબ્દ પણ કહ્યો નથી.' પરંતુ આ સઘળું કહેવું આંઠા લુણે ગયું. આ પ્રસંગે મિ. કલેગહોર્નનો નીચા ઊંચા દરજ્જાનો વિચાર પોતાની છોડી તથા પોતાના મુનીમની બાબતમાં સતેજ થયો.

તેણે એ બંનેને કૃતઘ્ન તથા બેઅદબ ધાર્યા.

ગુસ્સાથી તે ઓરડામાં આમ તેમ ફરતો હતો ત્યારે એમ બડબડતો હતો કે 'વાહ! ખરેખર! મારો મુનીમ મનેજ ઉપદેશ કરે! તે શા વિચારમાં હતો તે બધું હું જાણતો હતો; પરન્તુ તેમ થવા દેવાનો નથી. નકી એમ નજ થવા દઊં! મારી છોડીએ મારૂ કહ્યું કરવુંજ જોઇએ. હવે જોઉછું કે એ કેવી નથી કરતી? શું મેં મારી આખી જીંદગી એનેજ માટે પૈસો ભેગો કરવામાં નથી ગાળી? અને હવે એ મારા કહેવા પ્રમાણે કરવા ના પાડે! જો આ માણસ (જેમ્સ) મારા ઘરમાંથી જાય તો ખચિત તે મારૂં કહ્યું કરશેજ. ત્રણ દિવસમાં જો એ છોડી ઠેકાણે નહિ આવે તો તેને કાઢી પણ મૂકવો એમાં કાંઇએ વાંધો નહિ, એના પહેલાંનો મુનિમ મને છેતરી મારા પૈસા લઇ ગયો; પરન્તુ આતો મને છેતરીને મારી છોડી લેઈ જવા ચહાય છે! પણ તેમ હું છેતરાવાનો નથી? બસ, એતો અહીંથી જવોજ જોઇએ! આતો દૂધ પાઇને સાપ ઉછેર્યા જેવું થાયછે. એક ગુમાસ્તો પોતાના શેઠની છોડીને પરણવાની ઇચ્છા કરે? અને તે પણ તેની (શેઠની) મરજીવગર! વાહ? શું ઉદ્ધતપણું. શો વખત બારીક આવ્યો છે! મારા જન્મારામાં આવી બીના કદી બની હોય એમ મને યાદ નથી, હું સોગન ખાઇને કહી શકુ કે મેં મારા શેઠની છોડી પરણવાને બિલકુલે વિચાર કર્યો નહોતો! આ દગાખોર માણસ સઘળી રમત કેવી છાનીછપની રમેછે! આ સિવાય બીજું ગમે તે હોય તે હું એને માફ કરી શકુ. જો ત્રણ દિવસમાં આ છોડી એ છોકરા સંબંધી સઘળા વિચાર છોડી નહિ દે તો તેટલા વખત પછી એને ઘેરજ બેસારવો.'

અગરજોકે જેમ્સે ઘણે પ્રકારે તેને સમજાવીને કહ્યુ કે 'મેં તમારી દીકરીને પરણવાનું કદી સ્વપ્ને પણ ધાર્યું નથી.' તથાપિ મિ. કલેગહોર્ન એટલો બધો ગુસ્સે થઇ ગયો હતો કે તેણે કાંઇપણ સાંભળ્યું નહિ. તેણે કહ્યું કે 'તું એને ચાહેછે તે શું ના કહી શકેછે? કાલે તેં મને હુકમ માન્ય કરવા હા પાડી, ત્યારે તું ફીકકો પડી ગયોહતો તે પણ તું શું ના કહેવા માગેછે?' જેમ્સ આ બેમાંથી કશાની ના કહી શકે તેમ નહોતું. પરન્તુ પોતે દગાખોર નથી તે વાત સમજાવવાને વારે વારે કહેવા મંડયો. તેણે કહ્યુ કે 'મેં તમારી દીકરીને છાનીમાની મારી કરી લેવા કદી પણ પ્રયત્ન કર્યો નથી, તે ગરીબછોડી

જાણુતી પણ નથી કે હું તેને ચાહુ છું.' મિ. કલેગહોર્ને કહ્યું આ બધી બાબત સાબિત કરવાનો એક સહેલો રસ્તો છે; તે એ કે ગમેતેમ કરીને મારી છોડીને મારી આજ્ઞાને તાબે થઇ મિ. રેઇઇકસને પરણુવાનું સમજાવ. અને તેમ થાય તો પછી સઘળાં સારા વાનાં થશે. જેમ્સે નમ્રતાથી પરંતુ દઢતાથી કહ્યું 'સાહેબજી ! તે મારી શક્તિની બહાર છે. કોઇની બાબતમાં મારે વચ્ચે પડવાની જરૂર નથી, અને તેમ કરવા હું ઇચ્છતો પણ નથી. બીજા કોઇ માણસ માટે મિસ કલેગહોર્નને હું કાંઇ સારૂં કહેવા જાઉં તો તેમાં હું પોતાને ફસાવી પાડું એમ છે. આ કામ એવું છે કે જો મને મિ. રેઇકસનો ઘણો સારો વિચાર હોત તોપણ હું માથે લઇ શક્ત નહિ. એ યુવાન વિષે હું કંઇપણ જાણુતો નથી. અને તેટલા માટે ફક્ત તમનેજ સારૂં મનાવવા તેના માટે સારૂં બોલું તો હું દોષિત ઠરૂં. બકરા જીજીતો કે જીજી કરવાનું મને શીખવવામાં આવ્યું નથી, સાહેબ જી ? મને ઘણી દિલગિરી થાય છે. જે વિશ્વાસને હું પાત્ર હતો તે વિશ્વાસ આપે મારામાં રાખ્યો નથી. પરંતુ વખત આવશે ત્યારે તમને તમારી ભૂલ માલૂમ પડશે ને તમે મને ન્યાય આપશો. હવે તો હું તમને જેમ વહેલા છોડું તેમ તમે વધારે સંતોષ થશો. તમારી મરજી વિરૂદ્ધ ત્રણ દિવસ તો શું પણ ત્રણ મિનિટે તમારા ઘરમાં રહેવાને હું ખૂશી નથી.' જેમ્સ જે લાગણી અને યોગ્ય આત્માભિમાનથી બોલ્યો તે જોઇ મિ. કલેગહોર્નપર કંઇક અસર થઇ. તેણે કહ્યું 'તું જેમ કહું તેમ કર; કંઇ વત્તુંઓછું કરવાની જરૂર નથી, તું ત્રણ દિવસ આ ઘરમાંથી બહાર રહે, અને ઇશ્વર કરશે તો તેટલા વખતમાં આ હઠીલી છોડી ઠેકાણે આવશે. તું એને ચાહેછે એ વાત એ જાણતી નથી ત્યારે આ બાબતમાં તારો એટલો બધો વાંક કાઢવા જેવું નથી.

મહેતલના ત્રણ દિવસ વહી ગયા; અને જે દિવસે જેમ્સને તેના શેઠનુ ઘર છોડવાનું હતું તેની સવાર થઇ, મિસ કલેગહોર્ન પોતાના વિચારમાં દઢજ રહી હતી. મિ. રેઇકસને પરણુવાની તેણે માથામાં વાગે તેવી ના પાડી; તથા પોતાને સારૂ ગરીબ જેમ્સપર જે અન્યાય ગૂજારવામાં આવ્યો હતો તેને માટે એણે બહુ દિલગીરી બતાવી. તેણે બાપનું ઘર છોડીને ઉત્તર ઇગ્લાંડમાં પોતાની માસી રહેતી હતી તેને ત્યાં થોડા દીવસ ગાળવા જણાવ્યું. જેમ્સ તેને ઘણોજ મનગમતો માલૂમ પડયો હતો તે વાત તેનાથી ના કહેવાઇ

નહિ: પરંતુ તેની સાથે આ પણ જાહેર કર્યું કે 'એ છોકરા સાથે પરણવાનું મારા મનમાં કંઇ આવ્યું નહોતું; કારણ તે (**જેમ્સ**) મને ચહાય છે એવું એકે ચિન્હ અત્યાર સુધી તેણે બતાવ્યું નથી, **મિ. ક્લેગહોર્ન**નું મન આકુળવ્યાકુળ થઇ ગયું હતું, પરન્તુ **જેમ્સને** કાઢવાનો વિચાર ફેરવી શકાય તેમ નહોતું. જ્યારે **જેમ્સ** તેની ઓરડીમાં રજા લેવા ગયો ત્યારે તે બોલ્યો કે 'શું તુ ખરેખાત જાય છેજ! તેં તારી પેલી ગાંસડી એક મૂર્ખ માણસની માફક બાંધી છે. લાવ હું ઠીક કરી બાંધી આપું. વેગળે ઉભો રહે. ત્યારે તું ખચિત જાય છે! વાહ! આ બહુ દિલગીરી ભરેલી વાત છે? પરંતુ તારી બુદ્ધિ તને કહેતીજ હશે કે આ વાત આ વાત (આ દરેક વખતે અટકીને **મિ. ક્લેગહોર્ન** તમાકુની ચપટી ભરતો, પરન્તુ તેમ કરવાથી તે પોતાનો ડૂમો ડાબી શક્યો નહિ. આ વાત બનવીજ જોઇએ.) આટલું કહેતાં તેની આંખમાંથી ડળક ડળક આંસુ ટપકવા માંડયાં. ખરેખર આમ કરવું એતો હસવા સરખું છે. મારા વખતમાં—મારી યુવાનીના વખતમાં—ગમે તે માણસ પોતાના મુનિમથી, જેમ પોતાનું જૂનું મોજું કાઢી નાખે તેમ, જૂદો પડે. મને ખાતરી છે કે મારા શેઠે મારાથી જૂદા પડતી વખતે જો આંસુ ઢાળ્યાં હોત તો તે પોતાને દેવાળીઓ થયેલો સમજત. હું બીજા ગુમારતા જેવોજ સારો હતો. તોપણ તું જેટલો સારો છે તેટલો તો નહિજ. પરન્તુ હવે તારા સારાપણાનો વિચાર કરવાનો વખત નથી. હવે આપણે અહિંઆં કેમ ઉભા રહ્યા છીએ? જો કંઈ પણ કામ કરવાનું છે તો તે જેમ વહેલું થાય તેમ ઠીક. લાવ આપણે હાથ મેળવીએ.' **મિ. ક્લેગહોર્ને** **જેમ્સ**ના હાથમાં રૂ. ૫૦૦) નું નોટ તથા **લીવરપૂલ**ના એક પ્રખ્યાત વેપારીપર ભલામણનો કાગળ મૂકયો. **જેમ્સ** **મિસ ક્લેગહોર્ન**ની રજા લીધા સિવાય ચાલ્યો ગયો. સ્ત્રીસન્માનની એ ખોડને માટે એ છોડીએ તેને માટે હલકો વિચાર બાંધ્યો નહિ. **જેમ્સ**ના શેઠે **લીવરપૂલ**ની એક એઇ પેઢીપર તેને ભલામણ પત્ર આપ્યો હતો. ત્યાં તેને બમણો પગાર મળવાનો હતો. તેમ છતાં તે **મન્મથ** શહેર છોડી જવાને ઘણો દિલગીર હતો; કારણ કે અહીં તેના ભાઇ, બેન, બાપ વગેરે હતાં. **મિ. ક્લેગહોર્ન** સંબંધી તો આપણે કંઇ બોલતાજ નથી.

મોડી રાત્રે **જેમ્સ**, **લીવરપુલ** જતી ગાડીઓ જે વીશીમાં

ઉભી રહે છે તે વીશીએ જવા નીકળ્યો; કારણકે આખી રાત તેને ત્યાં સૂવાનું હતું. વેન નદીમાં પડતી એક નેળ અગાડી થઇને તે જતો હતો ત્યારે કેટલાક માણસોને તેણે લડતાં સાંભળ્યા. પાસેની દારૂની દુકાનમાંથી એક માણસ નીકળ્યો, તેને જેમ્સે પૂછયું કે 'આ શી ગરબડ છે?" ટંટાખોરની પાસેથી નાશી જવાની ઉત્સુકતા ધરાવતો તે માણસ બોલ્યો કે 'એતો દાણ ચોરનારા કંઈ માલ ચોરી લાવ્યા છે તેના ભાગ પાડવામાં માંહોમાંહી લડે છે.' તરતજ જેમ્સે પણ પોતાનાં પગલાં ઝડપથી ઉપાડવા માંડયા. પરન્તુ તે થોડે દૂર નહિ ગયો હોય તેટલામાં 'ખુન! ખુન! મદદ!' એવા પોકાર તેણે સાંભળ્યા. તરતજ સઘળું શાન્ત થઇ ગયું. થોડીવાર પછી જાણે કોઇ અરે! અરે! ના પોકાર કરતું હોય એમ માલૂમ પડયું. એવા દયામણા પોકાર કરનારને કંઇ પણ ખપમાં આવી પડવાની આશાથી જેમ્સથી તે જગા તરફ ગયા વગર રહેવાયું નહિ. પરન્તુ તે ત્યાં પહોંચ્યો ત્યારે સઘળું ચુપચાપ થઇ ગયું હતું. તેણે આસપાસ જોયું, પરંતુ નદીમાં હોડીમાં બેશી જોરથી હલેશાં મારતાં માણસ સિવાય કોઇ બીજું તેની નજરે પડયું નહિ. કંઇ પણ વધારે સાંભળવાની આશા રાખી જેમ્સ કિનારે ઉભો હતો, ત્યાં થોડી વાર તો હલેશાં સિવાય કંઇએ અવાજ તેને કાને પડયો નહિ. પરંતુ તે પછી હોડીમાં બેઠેલામાંનો એક માણસ સોગન ખાઇને બોલી ઉઠયો કે 'જુઓ પેલો તો આ રહ્યો! આ રહ્યો! એતો જીવતોજ છે. આપણે કામ બરોબર કર્યું નથી! જો આપણે એનું કાટલું બરોબર નહિ કરીએ તો એ આપણું કાટલું કરશે!' તરતજ હોડીવાળાએ જોરથી હલેસાં મારવા માંડયાં, અને જેમ્સને ફરીથી 'અરે અરે' ના પોકાર સંભળાવા લાગ્યા. પરન્તુ તે ઘણા ધીમા હતા. તેણે ખોળ કરી ત્યારે એક ઘાયલ થયેલો આદમી મળી આવ્યો. તેને હોડીમાંથી નાંખી દીધો હતો, અને કંઇ સામર્થ્ય લાવી તરીને કિનારે આવ્યો કે તરતજ તે બેશુદ્ધ થઇ ગયો હતો.

થોડીક વારમાં જ્યારે તે શુદ્ધિમાં આવ્યો ત્યારે તેણે જેમ્સને વિનતિ કરી કહ્યું કે દયાની ખાતર મને અહિંથી કોઇ પાસેની ધર્મશાળામાં લઇ જાઓ, અને મારા ઘાપર મલમપટા કરવા કોઇ શસ્ત્રવૈદ્યને તેડાવો. જેમ્સે તેના કહેવા મુજબ એક વૈદ્યને બોલાવ્યો. તેણે તે માણસને જોઇને કહ્યું કે 'ભાગ્યે એ ચોવીશ કલાક જીવી

શકશે.' તે માણુસ કંઇક સમજાય તેવું બોલી શકે તેવી સ્થિતિમાં આવ્યો ત્યારે તેણે કહ્યું કે 'હું દાણચોરની એક ટોળી સાથે બેસી દારૂ પીતો હતો. તેઓ નવી તરેહના બ્રાન્ડીનું એક નાનું પીપ લાવેલા હતા. એવો બ્રાન્ડી આ દેશમાં લાવવાની મનાઇ છે તેથી તે લોકો સાથે મારે સખ્ત લડાઇ થઇ. તેમાં તેમણે મને આવા પ્રાણઘાતક ઘા માર્યાછે. હું તમને સારી રીતે ઓળખું છું.'

આ હકીકત જાણી કે તરતજ તે દાણચોરોની પાછળ હોડીઓ છુટી, અને થોડીવારમાં તેમને પકડી આણ્યા. જ્યારે તેઓને પેલા ઘાયલ માણુસની ઓરડીમાં આણ્યા, ત્યારે જેમ્સે જે માણુસોને ત્યાં મળવાનું સ્વપ્નામાં પણ નહોતું ધાર્યું તે ત્રણ માણુસો તેને માલૂમ પડયા. તે ત્રણ જણ **આળસુઇસાક, જંગલીઉવીલ,** તથા **ધાંધળીયોબોબ** હતા. પેલા ઘાયલ માણુસે સોગન ખાઇને કહ્યું કે આજ ત્રણ માણુસે મને ઘાયલ કર્યો છે. **ધાંધળીયાબોબે** મને આ મૃત્યુજનક ઘા કર્યો; પરંતુ પ્રથમ મારાપર ધસારો કરનાર **જંગલીઉવીલ** હતો; અને **આળસુઇસાકે** તો મને હોડીમાંથી નાંખી દીધો હતો. ત્રણે જણા આ અપરાધની અંદર સામેલ હતા. તેઓ પોતાના પાપનો પશ્ચાતાપ કરવાને બદલે ઉલટા કોનો વાંક વધારે છે તેની ભાંજગડ કરવા મંડયા. જેમ્સને સાક્ષી તરીકે બોલાવવામાં આવશે એમ ધારી દરેક જણે તેને પોતાની તરફેણમાં લેવા તેની ખૂશામત કરવા માંડી. **આળસુઇસાકે** તેને વેગળો લઇ જઇ આ પ્રમાણે કહ્યું કે "મારા ભાઇઓના લાભમાં ઉતરવાનું તમારે કંઇ કારણ નથી; કારણ કે હું તમને એક છાની વાત કહુંછું તે સાંભળો. તે તમારા કુટુંબના કટ્ટામાં કટ્ટા શત્રુ છે, તમારા બાપની ઘાસની ગંજીને આગ લગાડનાર તેઓજ હતા. **ફેનીએ ઉવીલને** પરણવાની ના પાડી તેથી તે ઘણો ગુસ્સે થઇ ગયો, અને તેને ખેંચી લેઇ જવાનો તેણે નિશ્ચય કર્યો. તમારી ગંજીને આગ લગાડી તેના ગભરાટમાં તમે સઘળાં પડયાં હતાં તે વખતે તેઓ એને લઈ જવાની તૈયારીમાં હતાં; પણ તેવામાં **બોબ** અને **ઉવીલ** બંને લડી પડયા, તેથી તેમના મનની ધારણા મનમાંજ રહી. મેં આ બાબતમાં બિલકુલે ભાગ લીધો નહોતો; કારણ કે તે વખતે તો હું મારી પથારીમાં ઘસઘસાટ ઊંઘતો હતો. માટે તમારે મારા ભાઇઓનો પક્ષ ન ખેંચતાં મારો પક્ષ ખેંચવો એ વધારે સારૂં છે. જ્યારે અમારી

તપાસ ચાલે ત્યારે તમે મારી ચાલચલગત માટે સારૂં બોલજો." **ઈન્સાફની** વાત પૂરી થયા પછી **જંગલીઉવીલે** પોતાની ઉક્તત્વ શક્તિ અજમાવી. જ્યારે તેને માલૂમ પડયું કે **ઇસાકે** સઘળી વાત **જેમ્સને** કહી દીધી, ત્યારે તે **જેમ્સ** પાસે ગયો અને કહ્યું કે 'તમને જે નુકસાન થયું તે ફક્ત અકસ્માતથીજ થયું હતું. એ વાત ખરી કે ગમતની ખાતર તથા **ફેનીને** બહાર લાવવા માટે મેં આગ લગાડી હતી, પરંતુ એ મશ્કરીનું પરિણામ જે નિપજ્યું તે જોઇ મને ખરેખરો થરથરાટ વછૂટયો હતો,' **ધાંધળીઆઓએ** છાતી કાઢીને કહ્યું કે '**ફેંકલાંડના** કુટુંબે મારૂં અપમાન કર્યું હતું તેથી તેમનાપર એવું વેર લેવાની મને તક મળી તેથી હું ઘણો ખૂશી થયો હતો. જો હજુ ફરીથી તેવું કામ કરવાનું હોય તો હું તે ખુશીની સાથે કરીશ. તારી મરજીમાં પડે તેવો મત તું અમારે વિશે માજીસ્ત્રેટ પાસે આપજે. તેની મને દરકાર નથી; કારણ કે માણસને દુનિયામાં એકજવાર મરવું છે.' આ પ્રમાણેના બોલ તે પોતાની બહાદૂરી જણાવવા બોલવા લાગ્યો, અને કેટલાક એકઠા થયેલા દારૂડીઆ તેનો આવો જુસ્સો જોઇ તેનાં વખાણ કરવા લાગ્યા. થોડા કલાક પછી તેના ભાઇઓ સહિત તેને એક માજીસ્ત્રેટ પાસે લઇ જવામાં આવ્યો. કેસ તૈયાર કર્યો તે પહેલાં તેમના મનમાં એમ હતું કે અમને જામીનપર છોડશે. તેઓ એમ કહેતા હતા કે 'અમે **એડમિરલ ટીપ્સીના** માણસ છીએ,' અને એ **એડમીરલને** બોલાવવા એક માણસ પણ તેમણે મોકલ્યું હતું. તેઓને એવો ભરોંસો હતો કે માજીસ્ત્રેટ માગશે તેટલા રૂપિઆની જામીનગીરી આપવા **એડમિરલ** કબૂલ થશે, પરન્તુ **એડમિરલ ટીપ્સીની** જામીનગીરી માજીસ્ત્રેટને યોગ્ય લાગી નહિ, તેણે કહ્યું કે 'પ્રથમ તો આ માણસોને જામીનગીરીપર છોડી શકાય નહિ; અને કદાચ હું છોડી શકું એમ હોય તો પણ શું આવા માણસની જામીનગીરી કબુલ કરૂં? **જેમ્સે** ધીમે સાદે કહ્યું 'મને એવી ખબર મળી હતી કે એ માણસ બહુ પૈસાદાર છે.' માજીસ્ત્રેટે કહ્યું 'એ બાબતમાં તમારી ભૂલ છે, ખરી રીતે જોતાં એ ભાગી ગયેલો માણસ છે, આ બાતમી મને પાયાદાર મળેલી છે. **મિ. રેઈકસ** કરીને એને એક ભત્રિજો છે, તે બડો જુગારી છે. કાકો પોતાની જીંદગીને જોખમે દાણચોરીનો ધંધો ચલાવે છે, ત્યારે એક સદ્દગૃહસ્થ નિવડવા **ઓકસફર્ડ** મોકલેલો તેનો ભત્રિજો વીશ વર્ષ

સુધી આવી ચોરી કરીને કાકાનો એકઠો કરેલો પૈસો જુગારમાં ઉ-ડાવી દે છે. અંત્યે આવા માણસનું કાંઇ ઉંચુ આવતું નથી. **ટીપ્સી**ની પાસે હવે લાલ પાઇ પણ નથી.'

જેમ્સ આ સાંભળીને ઘણો વિસ્મય પામ્યો અને પોતે જે સાંભળ્યું હતું, તે જાહેર કરી **મિ. કલેગહોર્ન**ને સાવચેત કરવા તેણે નિશ્ચય કર્યો. ત્યાંથી તરતજ તે તેને ઘેર ગયો, તેણે **મિ. કલે-ગહોર્ન**ને કહ્યું કે 'મને જોઇને જાણે નાખૂશ થયા હો એમ જણાય છે, અને હું જે કહીશ તેમાં મારો કાંઇ ખરાબ હેતુ હશે એમ કદાપિ તમે ધારશો; પરંતુ આપના પ્રત્યેની મારી ફરજ, મેં જે સાંભળ્યું છે તે સર્વથી તમને વાકેફ કરવાની જરૂર પાડે છે, હું જે ખબર આપને આપું છું તેના ઉપયોગ કરવો કે ના કરવો તે આ-પની મરજી ઉપર છે.' આટલું કહીને માજીસ્ત્રેટ આગળ બનેલી હકીકત સવિસ્તર તેને કહી સંભળાવી. **જેમ્સ** સઘળું કહી રહ્યો ત્યારે મિ. **કલેગહોર્ને** પોતાના તરફ તેની આટલી બધી દરકારને માટે ઘણી મમતાથી તેનો ઉપકાર માન્યો, તથા થોડાક વધારે દિવસ **મન્મથ** શહેરમાં રહેવાની તેને વિનતિ કરી, **જેમ્સ** પાસેથી પોતે જે હકીકત સાંભળી હતી તેનાથી દિલગિર થયેલા **મિ. કલેગહોર્ને મિ. રેઇકસ** અને તેના કાકા સંબંધી કેટલીક છાની તપાસ ચલાવી, યુવાન રેઇ-કસે જુગટું રમી પોતાને જે દુ:ખના ધરામાં ઝોકાવી દીધો હતો તે વાત તેણે પોતાના સગાઓથી તદ્દન ગુપ્ત રાખી હતી, પોતાની ચાલચલગત વિશે તેઓને છેતરવા એ સહેલું હતું; કારણ કે તેણે પોતાનો સઘળો વખત તેમનાથી ઘણેજ દુર ગાળેલો હતો, **પોતે સંપૂર્ણ કેળવાયેલો થઇને** આજ વર્ષે તે ઘેર આવ્યો હતો, જે માજીસ્ત્રેટ પાસેથી **મિ. રેઇકસના** ઉડાઉપણા વિષે **જેમ્સે** ખબર સાંભળી હતી તે માજીસ્ત્રેટનો છોકરો **ઓક્સફર્ડ**માં હતો; અને તેણે આ બીના પોતાના પિતાને કહી હતી, માજીસ્ત્રેટે **જેમ્સ**ને જે જે કહ્યું હતું તે સઘળું તેણે **મિ. કલેગહોર્ન**ને દાખલાદલીલ સહિત કહી સંભળાવ્યું, તે સર્વ સાંભળ્યું ત્યારે તેને કંપારો છૂટયો અને એમ લાગ્યું કે અરેરે ! હું મારી દીકરીને દુ:ખના દરિઆમાં હોમવાનો હતો ! જે પુત્રીને હું પ્રાણાધિક ગણુંછું તથા જેના સુખપર મારા સુખનો આધાર છે તે છોડીને આવા ઉડાઉ, જુગારી, વ્યસની તથા દુષ્ટ વર્તનવાળા પુરૂષ સાથે લગ્ન કરવાથી ખરેખર સાપના રાફડામાં

ચેતાવ્યા છતાં હાથ ઘાલવા જેવું થાત!! અને તેમ થયે મારા પણ મનખાના કાંકરા થાત!! તરતજ તેણે **મિ. રેઈકસ** સાથેનો પોતાની પુત્રીનો વિવાહ ફોક કર્યો, અને **એડમિલર ટીપ્સી** તથા બીજા દાણચોર સાથેના સંબંધનો ત્યારથી અંત આણ્યો.

તેણે (**મિ. કલેગહોર્ને**) સ્વાભાવિક ઉમળકાથી **જેમ્સનો** ઉપકાર માન્યો અને કહ્યું કે 'તું પાછો આવ અને મારી પાસે રહે, તેં મને તથા મારી પુત્રીને નાશના પંજામાંથી બચાવ્યાં છે, હવેથી હું તને મુનિમ નહિ ગણું પણ મારો ભાગીઓ કરીશ, અને જ્યારે તું મારો ભાગીઓ થાય ત્યારે પછી મારી દીકરી સંબંધી વિચાર કરવાની તને કોઈ મના કરી શકે એમ નથી, તું મારો મુનિમ રહ્યો હોત, અને જો તે છોડીએ તારી સાથે લગ્ન કર્યું હોત તો હું કદીપણ તેનું મોં જોત નહિ; પરંતુ ભાગીઆ સાથે લગ્ન કરવું એ એક જૂદી વાત છે. તેં તારા ગુણથી પોતાને માટે દુનિયામાં સારો રસ્તો શોધી લીધો છે, અને તેને માટે હું તને અભિવંદન આપું છું, હવે આપણે કંઇ પંચાત નથી, તારાથી હું છૂટો પડયો હોત તો ખરેખર મારૂં અંતઃકરણ ભેદાઇ જાત, મારા કુટુંબમાં હું મારી સત્તા બજાવવાને લાયકજ હતો તે તો તારા મગજમાં બરોબર ઠસ્યુંજ હશે, પરંતુ હવે તે સઘળું ફરી ગયું છે. હું ખુશીથી હા પાડુછું અને તેની વચ્ચે પડવાનો કોઇ બીજાને અખ્તિયાર નથી, મારી છોડી જેને પસંદ કરે તે મને પસંદ પડે એટલે બસ. ફક્ત એક બાબતજ એવી છે કે તેથી મારે નીચું જોવા જેવું થાય છે; તે એ કે, તારો બાપ **જેમ્સ** એકદમ વચ્ચે બોલી ઉઠયો 'અરે સારેબ! જો આપ મારા પિતા સંબંધી કંઇ અપમાનના શબ્દો કહેતા હો તો મહેરબાની કરી બંધ રાખો, હું તેવું કથન સાંભળી કે સહન કરી શકતો નથી; ખરેખર હું ખમી શકવા ઇચ્છતો પણ નથી, તે સૌથી ઉત્તમ પિતા છે,' **મિ. કલેગહોર્ને** કહ્યું 'અને ખાતરી છે કે તેને સૌથી ઉત્તમ છોકરાં છે એથી વધારે માંગલ્યકારી દુનિયામાં બીજું કશુંએ નથી. હું તેમને માટે કંઇ પણ અપમાન ભરેલું કહેવા નહોતો જતો, તે એક ધર્મશાળામાં રહેલા છે તેને માટે ફક્ત શોક બતાવવાનો મારો ઇરાદો હતો.' **જેમ્સે** કહ્યું 'મારા પિતાએ નિશ્ચય કર્યો છે કે અમને (તેમનાં છોકરાંને) કાંઇપણ હરકત પડે નહિ એવી રીતે અમે તેમનું ગૂજરાન ચલાવવાને શક્તિવાન્ થઇએ ત્યાં સુધી તેમણે ધર્મશાળામાંજ રહેવું,

હું મારો ભાઇ અને મારી બન્ને બેનો, એ સઘળાં આવતા મહિનાની પહેલી તારીખે મારા પિતાની જન્મગાંઠ છે તે દિવસે તેમને રહેવાની ધર્મશાળામાં મળવાનાં છીએ, તે વખતે અમારા બધાની કમાઇ ભેગી કરીશું અને જોઇશું કે તેથી શું થઇ શકે છે.' **મિ. કલેગહોર્ને** કહ્યું 'તારે યાદ રાખવું જોઇએ કે હવે તું મારો ભાગીઓ થયો છે, માટે તે દિવસે તારે મને સાથે લઇ જવો, તારાપરની મારી મહેરબાની એ એક તારી કમાઇ છે અને એ મહેરબાની કંઇ નકામા શબ્દોમાંજ બતાવવાની નથી.

પ્રકરણ ૧૦ મું.

વારસો મેળવવાની અયોગ્ય ઇચ્છા કરતાં સ્વાર્થીપણું વધારે નિંદ્ય નથી.

હવે **બેટસ્વર્થ્સ**ના કુટુંબનો સહેજ ચિતાર આપવો જરૂરનો છે, તેઓનાં આળસ, ઉડાઉપણું, બદચાલ અને નાશ એ સર્વનું વર્ણન જેમ બનશે તેમ ટૂંકામાંજ પતાવી દઇશું.

કપ્તાન **બેટસ્વર્થ્સ** જે વારસો મુકી ગયો હતો તે લગભગ રૂ. ૨૦૦૦૦૦)નો હતો, જ્યારે તેઓને આ દોલત મળી ત્યારે તેઓના મનમાં એમ હતું કે તે કદીપણ ખૂટવાની નથી, દરેક જણને તે પૈસા ખર્ચવાની જૂદી જૂદી યોજના લાગી, અને તેથી તેમને દરેકને જૂદા જૂદા પૈસા આપવા પડતા. બુઢ્ઢા **બેટસ્વર્થે** કોઇ એક દેશાઇનું ઘર પોતાની યુવાનિમાં જોયું હશે, તે તેને ઘણું ગમી ગયું હતું, તેથી તેવુંજ ઘર પોતે બાંધવાનો તેણે વિચાર કર્યો હતો અને તે વિચાર હવે અમલમાં આવશે એમ ધારી તે બેહદ ખુશી થયો, તેની સ્ત્રી તથા છોકરા આ વિચારની સામે થયા, 'જીંદગીમાં એકવાર પણ હું મારૂં ધાર્યું કરીશ" એમ કહી તે પોતાની ધારણામાં વધારેને વધારે દૃઢ થતો ગયો. ઘર બંધાવવાના કામમાં તે તદ્દન અજાણ્યો હતો; અને તેના હમેશના આળસુ સ્વભાવને લીધે મજુરોની દેખરેખ રાખવામાં બીલકુલ નાલાયક હતો. બરોબર કાળજી રાખી હોત તો રૂ, ૧૫૦૦૦)માં એ ઘર તૈયાર થયું હોત, પરંતુ તેને બદલે રૂ. ૨૦૦૦૦] ખર્ચ થયા, જ્યારે તે તૈયાર થયું ત્યારે છાપ-

રામાંથી ઘણીખરી જગોએ વર્ષાદનું પાણી ચૂવા લાગ્યું! નવી છત તથા કાંગરાને નુકશાન થયું; તેથી છાપરાપર શિસાની પરનાળ મુકવામાં તથા દુરસ્ત કરવામાં વળી બીજા કેટલાક વધારે રૂપિઆનું ખર્ચ કરવું પડયું. ઘરમાં રાચરચીલુ લાવવાનું કામ **મિસિસ બેટસ્વર્થ્સે** માથે રાખ્યું: અને પોતાની મા જે જે ચીજ લાવે તે તે ચીજને વખોડવાનું કામ **સોસીસેલીએ** ઉપાડી લીધું !? આ વઢવાડો ઘણી મોટી સખ્ત તથા આખરે મન ઉચા કરીદે તેવી હતી, એક તખતો હતો તે માને ઓરડામાં મુકવો હતો, અને છોડીએ બીજા ઓરડામાં મુકવાની હઠ લીધી. લડતાં લડતાં તે તખતો ભાગી ગયો. તખતો ભાગ્યાનો વાંક **સેલી**પર મુકવામાં આવ્યો; તેથી તેણે ગુસ્સામાં નેં ગુસ્સામાં કહ્યું કે' હું આ ઘરમાં રહી શકતી નથી અને રહેવાને ખૂશી પણ નથી.' તેની મા તેને ઘરમાંથી નીકળેલી જોવાને ઘણી ખૂશી હતી, વીશેક દિવસથી એક પાડોશી લેફટેનન્ટની સ્ત્રીસાથે તેને ઓળખાણ થયું હતું. તેને ઘેર તે રહેવા ગઇ અને પોતાના પિતાને કંઇક ધમકાવીને, અને કંઇક આજીજી કરીને રૂ. ૨૦૦૦૦) પોતાના વારસા તરીકે લીધા, પરન્તુ તે એવી સરતથી કે 'હવેથી કોઇ પણ વખત પૈસા માટે હું તમને સતાવીશ નહિ'

સેલી ઘરમાંથી ગઇકે તરતજ **મિસિસ બેટસ્વર્થ્સે** નવા ઘરમાં રહ્યાની ખૂશાલીને બહાને પોતાના ઓળખીતાઓને જમવા તેડ્યા; અને નાચ પણ કરાવ્યો. ઘરમાંની છો બરાબર સૂકાઇ ગઇ નહોતી; તેથી સઘળાં માણસને શરદી થઇ તેમાં **મિસિસ બેટસ્વર્થ્સ**ને ઘણી સખ્ત થઇ હતી. તે વખતે એવો રીવાજ હતો કે સેજસાજ કપડાં અનેતે પણ ઝીણાં પહેરીને બહાર ફરવામાં મોટાઇ ગણાતી, અને આ સ્ત્રી તો ઘણી મગરૂર તથા ટાપટીપને ચાહનારી હતી, તેથી ઠાઠ કરવામાં બાકી રાખતી નહિ. તેણે નાચ કરાવ્યો તે પછીના રવિવારે સખ્ત શરદીથી પીડાતી હતી તે છતાં, પોતાની નાની છોડી **જેસી**ના જેટલી તરૂણ જણાવા માટે ઘણા આનંદથી ફક્ત એકજ બદન અને પાતળું ગવન પહેરીને દેવળમાં ગઇ. તેનો આવો વેશ જોઇને સર્વે હસવા લાગ્યાં, અને મુખ્યત્વે કરીને **જેસીને** તો ઘણુંજ હસવું આવ્યું. પરન્તુ પરિણામે એ હસવાનું ખસવું થઇ ગયું. **મિસિસ બેટસ્વર્થ્સ**ને ઘાતક શરદી થઇ. બીજા દિવસથી એટલે સોમવારથી તે ખાટલે પડી અને શનિવારે સ્વધામ પહોંચી !!!

જેસીને કોઇ મોટા ઉમરાવ સાથે પરણવાનું ઘણું મન હતું: તેથી તેવાની સોબત મળે એવી આશાથી અગાઉ જણાવ્યા પ્રમાણે તે આંધળી **મિસિસ ચેવિયટ**ની પાસે રહેવા ગઇ હતી. ત્યાં તેણે તેની માની શિખામણ પ્રમાણે પોતાના મોટમપણાથી રહેવા માંડયું હતું. તેણે પણ પોતાની સાથે રૂ ૨૦૦૦૦) એવી સરતથી લીધાહતા કે હવે પછી પોતાના બાપને સતાવવો નહિ. તેના ભાઇઓને માલૂમ પડયું કે જે પીતા હેતને લીધે કે ન્યાય પ્રમાણે ન આપતાં ફક્ત પોતાની નબળાઇને લીધેજ મેં માગ્યા પૈસા આપેછે, તેને રીબાવી રીબાવીને પૈસા કઢાવ્યા સિવાય બીજો રસ્તો નથી. થોડા વખતમાં તેઓ ઘણા દુઃખકર્ત્તા થઇ પડયા. **આળસુઇશાક** શિકારી થયો. શિકારી કૂતરાની એક જોડ તેને જોઇએજ. દરવર્ષે આ કૂતરાને માટે રૂ ૨૦૦૦) ખર્ચ થતા. પછીથી તેણે સરતના ઘોડા લેવા માંડયા, અને તેમાં પણ થોડાક હજાર ખોયા. પૈસા માટે તેને કેદ પકડવામાં આવ્યો અને તેના બાપને તેનું દેવું ભરવાની જરૂર પડી. **ધાંધળી-ચોબોબ** અને **જંગલીઉવીલ** ધારવા લાગ્યા કે **ઇસાક** માટેઘણાપૈસા ખરચાયછે, અને આપણે માટે બિલકુલે ખર્ચ થતું નથી એ ઠીક નહિ; તેથી **જંગલી ઉવીલ** લાલાજી થયો અને **ધાંધળીઆબોબે** કૂકડા લડાવવાનો ધંધો માંડયો. પૈસા સંબંધી તેઓની માગણી વારંવારની અને વગર વિચારની હતી. તેઓ હમેશ એજ બહાનું કાઢતા કે **ઇસાકે** ઘોડાની સરતોમાં તથા ઘોડા કૂતરામાં પુષ્કળ પૈસા ખરાબ કીધા તે તમે આપ્યા, અને અમને અમારો ભાગ કેમ આપતા નથી! આથી તેમનાં કર્મમાં પણ ઘણા પૈસા ઉડયા. આખરે વૃદ્ધ ડોસા પાસે ફક્ત દશહજાર રૂપિયા બાકી રહ્યા, તેણે પોતાની આંખમાં આંસું આણી પોતાના છોકરાઓને કહ્યું કે 'છેવટે મારે કેદખાનામાંજ મરવું પડશે!!' આ તેનું કહેવું કોઇએ ગણકાર્યું નહિ; કારણ કે સઘળાઓનું મન ટેબલપર સામે મુકેલાં આ છેલ્લાં રહેલાં રૂપિઆ દશ હજારનાં નોટપર હતું. **જંગલી ઉવીલે** કંઇક મશ્કરીમાં અને કંઇક ગંભીરાઇથી તે નોટમાંની એક બીંદડી ખેંચી લીધી, અને **બોબે** તેમાંથી અર્ધોઅર્ધ ભાગ વહેંચી લેવા જણાવ્યું. **ઉવીલ** ઘરમાંથી નાશી ગયો એટલે **બોબ** તેની પાછળ પડયો, અને તેઓ પોતાના વંડા આગળ ઘેટીમલની પેઠે ખૂબ લડયા.

જે દિવસે વૃદ્ધ **ફ્રેન્કલાંડ** પોતાના છોકરાઓ સાથે બહાર ફરવા

નિકળ્યો હતો, અને ભૂલા પડવાથી **બેટસ્વર્થ્સ**ના ઘર આગળ આવી ચઢયો હતો, તેજ દિવસે આ બનાવ બન્યો હતો. તેમણે આ ભાઇઓ વચ્ચેની લડાઇ તે દિવસે જોઇ હતી. તે ભાઇઓએ શરમને લીધે એક ક્ષણ માટે એક બીજા સાથે સલાહ બતાવી, પણ પછી તરતજ તેઓ એકઠા થઇ પોતાના બાપ ઉપર ઉતરી પડયા. સઘળા આડોશી પાડોશીઓને એમ કહી બતાવ્યું કે 'અમારો બાપ ઘણોજ ઘાતકી અને લોભી છે.' આમ કહેવાનું કારણ ફક્ત એટલુંજ કે તેઓના ઉડાઉપણામાં મદદ કરવાને પોતાનું ગુજરાન ચલાવવાને બચાવી રાખેલા પૈસા તે આપી દેતો નહોતો.

જ્યારે તેઓનાં મન આમ એક બીજા સાથે ઊંચાં હતાં ત્યારે **ઉવીલને** દાણચોરી કરનાર લોકની એક ટોળી સાથે ઓળખાણ થઇ. તે લોકોનું અવ્યવસ્થિત જીવનચરિત્ર જોઇ તેનું મન પણ તેઓ સાથે ભળવાને લલચાયું. તેણે પોતાના ભાઇઓને પોતાની સાથે ઘર છોડીને **એડમિરલ ટીપ્સીની** ચાકરીમાં રહેવા સમજાવ્યું. ત્યાં ગયા પછી તેઓની વર્તણુક વધારે ઘાતકી થઈ. તેઓનાં વિચાર, વર્તન તથા જીવન, અવિચારી સાહસિક માણસોનાં જેવાં થઇ પડયાં. પરિણામ શું થયું તે આપણે આગળ જોઇ ગયા છીએ. બેન્ડીના એક નાના પીપ માટે પીઠામાં તેઓએ લડાઇ કરી. તેઓનો મિજાજ ત્યાં જતો રહ્યો, અને હોડીમાં બેસતાં તેમણે જે ગુન્હો કર્યો હતો તેને માટે હમણાં તેમને કેદ કરવામાં આવ્યા હતા. તેઓએ મિ. **બાર્લોને** વકિલ થવા માટે તથા તેઓની તપાસ વખતે સઘળી ગોઠવણ કરવા માટે વિનતી કરી; પરન્તુ **મિ. બાર્લો**એ માથામાં વાગે તેવી ના પાડી. **જંગલી ઉવીલ** તથા **ધાંધળિયો બોબ** એ બે જણ **ફ્રેન્કલાંડ**ની ગંજી સળગાવી ઘર બાળી મૂકનાર હતા એવું તેણે **જેમ્સ**ના મોંથી સાંભળ્યું કે તરતજ તેણે તેઓના ગુન્હા માટે તેઓપર ફરિયાદ માંડવા **ફ્રેન્કને** સમજાવવા માંડયું. તેણે કહ્યું 'પ્યારા **ફ્રેન્ક**! જ્યારે તને તેમનાપર ફક્ત વહેમજ આવતો હતો ત્યારે તેઓનાપર ફરિયાદ માંડવાની મેં તને સાફ ના પાડી હતી, અને તારૂં મન ભાગી પાડયું હતું; પરન્તુ હવે તો તું ખચિત ફતેહમંદ નિવડીશ, અને થયેલા નુકસાનનો સર્વ બદલો ભરીપૂરી પામીશ.' **ફ્રેન્કે** ઉદાર મનથી જવાબ દીધો કે 'સાહેબ! એ બનવું અશક્ય છે; કારણ કે મારા ધારવા પ્રમાણે **બેટસ્વર્થ્સ**નું કુટુંબ

પાયમાલ થઇ ગયું છે.' મિ. બાર્લોએ કહ્યું 'એ બીનાને લીધે હું તારે માટે ઘણો દિલગીર છું, પરન્તુ હું ધારૂં છું કે સાર્વજનિક ન્યાયને માટે તારે તેઓપર ફરિયાદ માંડવીજ જોઇએ. એવા લોકોને વગર શિક્ષાએ બચી જવા દેવા ઘટારત નથી.' ફ્રેંકે ઉત્તર વાળ્યો કે "જે ગુન્હાને માટે હાલ તેઓને કોર્ટમાં ઉભા કરવામાં આવ્યા છે તેને માટે તેઓને પૂરતી શિક્ષા થશેજ. તેઓના દુઃખની વખતે હું તેઓપર મારૂં અગર મારા પિતાનું વેર વાળી શકતો નથી, અગર તેમ કરવા ખૂશી પણ નથી. કદાચ હું તે વેર વાળું તો મારા પિતા ઘણાજ દિલગીર થાય. કારણ કે મેં તેમને ઘણીવાર એમ કહેતાં સાંભળ્યા છે કે પડ્યાપર કોઇ દિવસ પાટુ મારતા નહિ." મિ. બાર્લો બોલી ઉઠ્યા 'તું ઘણો સારો અને દયાળુ માણસ છે. જે પિતાએ તમારા મનમાં આવા વિચારો ઠસાવ્યા, તથા નીતિના નિયમો શિખવ્યા, તે પિતાને તમે આટલા બધા ચાહો તેમાં કંઇપણ આશ્ચર્ય નથી. પરંતુ આવો પિતા એક સાર્વજનિક ધર્માદાપર ધર્મ શાળામાં રહે એ કેટલીબધી દયાની વાત છે! તેં મને કહ્યું હતું કે તે પોતાના છોકરા સિવાય કોઇનો આશ્રિત રહેવાને ખુશી નથી. આ એક તરેહનું અભિમાન છે; પરન્તુ તે અભિમાન પ્રસંશનીયછે; અને એક ઇંગ્રેજ ખેડુતને યોગ્ય છે. આ બાબત હું તેમને માથે દોષ મૂકી શકતો નથી. મારા પ્યારા ફ્રેંક ! તારા પિતાને કહે કે જેવી રીતે એ તારા પૈસા સ્વીકારે તેવીજ રીતે તારા મિત્રના પૈસા પણ તેમણે સ્વીકારવા જોઇએ. તારી શાખ મારી સાથે એવી તો સારી પડી ગઇછે કે ગમે તે વખતે તારી મરજીમાં આવે ત્યારે તું મારી પાસેથી રૂ ૫૦૦૦) લઇ જજે. ઉપકાર માનવાની જરૂર નથી. અત્યાર સૂધી એક કલાર્ક તરીકે તેં જે પ્રમાણિકપણે તથા નિમકહલાલીથી નોકરી ઉઠાવીછે તેથી અર્ધા પૈસા તો વસૂલ થઇ ચૂક્યા છે, અને હવે પછી પણ તું તેવીજ રીતે ઉદ્યોગથી અને ફતેહમંદીથી તારૂં કામ કર્યે જઇશ એવી મને ખાતરી છે તેથી બીજા અર્ધા પણ વસૂલ થઇ ચૂક્યા ગણુંછું. એક યા બે વર્ષમાં તું તે વાળી શકીશ. તને તથા તારા પિતાને ખૂશી કરવા માટે ફક્ત અર્ધા પૈસાનું ખત હું તારી પાસેથી લખાવી લઇશ.'

આ મમતાળુ અનુગ્રહથી ફ્રેંકનું હૃદય ભરાઇ આવ્યું. તેનું અંતઃકરણ એવું હતું કે મમતા કે દયાથી અત્યંત નમ્ર થઇ જતું.

તે ઉપકાર માનવાનું શરૂ કરતો હતો તેટલામાં મિ. **બાર્લો** વચ્ચે બોલી ઉઠયો 'ચાલ ચાલ? આપણે કાયદા સંબંધી કામ કરવામાં જે વખત કાઢવો જોઇએ તે વખત શું કરવા પોતાની લાગણીઓ બતાવવામાંજ કાઢી નાંખવો. જો આ એક કામ છે તે ઘણી ઉતાવળથી કરવાનું છે. લગ્ન કરાર તૈયાર કરવાનો છે. કોને માટે હશે તે તારી ધ્યાનમાં આવ્યું!'' **મન્મથ** શહેરમાં **ફ્રેંક**ને જેટલાં ઓળખાણ હતાં તે સર્વ સબંધી વિચાર કરી તે કહેવા લાગ્યો; પરન્તુ જ્યારે તેણે સાંભળ્યું કે બે મહિનાપર **ફ્રેનીફ્રેંકલાંડ**પર જે તરૂણ દેશાઇ મોહિત થઇ પડયો હતો તે **ફ્રેલિંગ્સબી** આ લગનકરારમાં વર છે ત્યારે તે કંઇક વિસ્મય પામ્યો. **ફ્રેંકે** તે કરારનો મુસદ્દો ઘડવા માંડયો, જ્યારે તે અને **મિ. બાર્લો** લખતા હતા ત્યારે મિ. **જોસ્યુઆ ક્રમ્પ** ત્યાં આવી પહોંચ્યો. તેણે ત્યાં આવીને કહ્યું કે **મિસિસ ક્રમ્પ** ગુજરી ગઇ છે અને તેનું વસિયત નામું ઉઘાડવું છે માટે તમે ત્યાં ચાલો.' આ બિચારી સ્ત્રી ધારવા કરતાં વધારે દિવસ મંદવાડ ભોગવી મરણ પામી હતી. તેના સઘળા મંદવાડ વખતે માંદગીમાં ઉત્પન્ન થતા દરેક તરેહના તુરંગ અને ચિડાઉપણાને **પૅટી** ઘણીજ દઢતા અને ઉદાર સ્વભાવથી સાંખી રહી હતી. જેઓ એમ ધારતા હતા કે **પૅટી** સ્વાર્થને લીધે આવી નોકરી ઉઠાવે છે તેઓના મનમાં એવી ખાતરી થઇ હતી કે તે **મિસિસ ક્રમ્પ**ને તદ્દન પોતાને વશ કરી લેશે, અને તેથી એ ડોશી પોતાનીમિલકતનો ઘણો ભાગ તેનેજ આપી જશે. જ્યારે તેના મુવા પછી તેનું વસિયતનામું સંભાળવા સઘળા હકદારો એકઠા થયા ત્યારે તેઓ અંદર અંદર એમ બોલવા લાગ્યા કે 'આપણે વસિયનામું રદ ગણીશું; તેનાપર ફરિયાદ માંડીશું; જ્યારે વસિયતનામું કર્યું ત્યારે **મિસિસ ક્રમ્પ**નું કાળજું ઠેકાણે નહોતું; બે વાર તો તે બેશુદ્ધિમાં પડી હતી આપણે તે સાબિત કરી આપીશું ને વસિયતનામું ખોટું ઠરાવીશું.

આવી રીતનો બડબડાટ **મિ. જોસ્યુઆક્રમ્પ** કરતો નહોતો.તે એકલો પોતાની લાકડી પર ટેકો દઇને વેગળો છાનોમાનો બેસીરહ્યો હતો. **મિ૦ બાર્લો**એ વસિયતનામાનો સિક્કો તોડયો, તે ઉઘાડયું અને શું લખ્યું છે તે સાંભળવા આતુર થઇ રહેલાઓને તે વાંચી સંભળાવ્યું. જ્યારે તેઓને માલુમ પડયું કે સઘળો વારસો **જોસ્યુઆ ક્રમ્પ**ને આપવામાં આવ્યોછે ત્યારે તેઓને ઘણો અચબો લાગ્યો.

આવી રીતે પોતાની મિલ્કતની વ્યવસ્થા કરવાનું કારણ **મિસિસ ક્રમ્પે** એમ જણાવ્યું કે "હું મરવા પડી હતી તે વખતે મને કોઇ પણ રીતે નહિ સતાવનાર સગો ફક્ત **જોસ્યુઆ ક્રમ્પજ** હતો. મને ખાતરી છે કે તે મારી નિમકહલાલ સદ્‌ગુણી દાસી **મિસ પૅટી ફેંકલાંડ** માટે એક ગૃહસ્થને છાજે તેવો બંદોબસ્ત કરશે, આ બાબત તે મારી સઘળી ઇચ્છા જાણેછે તેજ પ્રમાણે વર્તશે. **પૅટી**ની મરજીથીજ મેં તેને કંઇ પણ વારસો આપ્યો નથી. માત્ર તેના પિતાના ઉપયોગને માટે રૂ ૫૨૫) મેં જૂદા કાઢયા છે."

કોઇપણ તરેહની લાગણી અથવા તર્કવિતર્ક કર્યા વગર વિલ સાંભળવામાં ફક્ત **જોસ્યુઆ ક્રમ્પ** એકલોજ હતો. બાકીમાંનાં કેટલાંક મરનાર બાપને ઠપકો દેવા લાગ્યાં, તથા કેટલાંક ઠાવકાં મોં રાખી સભ્યતાની ખાતર, પરન્તુ બળતે પેટે, **મિ. જોસ્યુઆ ક્રમ્પને** અભિનંદન આપવા લાગ્યાં. વસિયતનામું કાયદેસર ઘડવામાં આવ્યું હતું, અને સઘળી ખાંખખૂચોનો એવો તો સારો નિકાલ કરેલો હતો કે તે રદ કરાવવાના વિચાર કરનારાંની સઘળી આશાઓપર પાણી ફરી વળ્યું. નિરાશાને લીધે ઉત્પન્ન થયેલો સોરબકોર બંધ પડયો એટલે **મિ. જોસ્યુઆ ક્રમ્પ** ઉભો થયો, અને ત્યાં કેટલાં માણસ હાજર છે તે પોતાની લાકડીથી ગણી જોયું. પછી તે બોલ્યો કે 'અહીંઆં તમે દશ જણછો. ઠીક, તમે દરેક જણ મને ધિક્કારો છો; પરન્તુ તે સંબંધી મારે હમણાં કંઇ બોલવાનું પ્રયોજન નથી.તમારી ખાતર નહિ પરન્તુ મારા પોતાના ભલાને માટે એક ખરા ઇંગ્રેજ વેપારીની રીતભાતને હું અત્યારે પણ વળગી રહીશ. મરનાર બાઇના પૈસાની મારે બિલકુલ જરૂર નથી. વારસો મેળવવાની હાયપીટ કર્યા વગર પ્રમાણિકપણાથી સંપાદન કરેલા મારી પાસે પુષ્કળ પૈસાછે. તે ગરીબ બિચારી મરતી ડોસીને તમે શું કરવા સતાવી! જો તમે તેની સાથે સારી રીતે વર્ત્યાં હોત તો તમને સારો ફાયદો થાત, પરન્તુ તેવું હવે કાંઇ નથી. તમને દરેક જણને હું રૂ. ૧૦૦૦૦) આપીશ. તે એવી સરતથી કે તમારે દરેક જણે તેમાંથી પાંચસે રૂપિયા **પૅટી ફેંકલાંડ**ને આપવા. મને ખાતરી છે કે તમે એ છોડીને જે અન્યાય આપ્યોછે તે તમને બરોબર સાંભરતો હશેજ.' **મિ. ક્રમ્પ** ઉપર હવે ઉપકાર કરવો' એ અગત્યનું છે એમ ધારી પૅટીને ન્યાય આપવામાં તેઓ એક બીજા સાથે હરિફાઇ કરવા મંડયા. કેટલાંકે કહ્યું-

એને માટે તો અમને લેશમાત્ર પણ શક નહોતો, કેટલાંકે એમ કહ્યું કે એમાં અમારો દોષ નહોતો, કારણ કે અમે પેલી ખટપટિયણ મારથાના જૂઠા કહેવાપર ભરોંસો રાખ્યો હતો. આખરે દરેક જણે દસ દસ હજાર રૂપિઆ કબૂલ રાખ્યા, અને પૅટીના સદ્‌ગુણ માટે જાણે પાંચસેં પાંચસેં રૂપિઆનો કર ભરતાં હોય તેમ તેને ગણી આપ્યા.

પાંચ હજાર રૂપિઆ મળવાથી પૅટી બોલી કે 'અરે મારા વહાલા પિતા ! હવે તમારે કોઇપણ દિવસ ધર્મશાળામાં રહેવું પડશે નહિ. આવતી કાલે મારી જીંદગીમાં મારે અત્યાનંદનો દિવસ થઇ પડશે.' પોતાનાપર ઉપકાર કરનાર મિ. ક્રમ્પ તરફ જોઇને કહ્યું. કે 'મારે તમારો ઉપકાર શી રીતે માનવો તેની મને સૂઝ પડતી નથી.' તે નિખાલસ મનના માણસે કહ્યું કે 'મને મનગમતો અને યોગ્ય ઉપકાર તો તું માની ચૂકીછું. હવે એ સંબંધી વાતચિત આપણે બંધ કરો.'

પ્રકરણ ૧૧ મું.

જે વખાણ ડાહ્યા અને સદ્‌ગુણી મનુષ્યો તરફથી મળે છે તે વખાણથી થતો આનંદ સર્વોત્તમ છે.

મિ. ક્રમ્પની આજ્ઞાને અનુસરીને પૅટીએ તેને એકે શબ્દ કહ્યો નહિ. પોતાના સુભાગ્યની ખૂશખબર પોતાના ભાઇ ફ્રેંકને તથા પોતાના આશક મિ. મેસનને કહેવાને ઘણી ઇંતેજાર હતી. તેઓને તરતજ મળવાની આશાથી તે મિ. બાર્લો સાથે મન્મથ શહેરમાં આવી ઓફિસમાં ગઇ. ત્યાં મિ. બાર્લોએ તેને કહ્યું કે 'એક લગ્ન સંબંધી કરારનો મુસદ્દો ઘડી કહાડવા માટે તારો બાપ કેટલાંક કાગળીઆં તપાસવામાં ગૂંથાયો છે તે પોતાનું કામ કરી રહે ત્યાંસુધી તું તારી ખૂશખબર તારી પાસેજ રાખજે, નહિતો એક દિવસે જેમ અમારા મિત્ર મિ. મેસને મિસિસ ક્રમ્પનું વસિયતનામું લખવામાં ભૂલો કરી હતી તેમ તે પણ ભૂલો કરશે. (પછી જરી મોં મલકાવીને કહ્યું) પૅટી ફ્રેંકલાંડ? મારા ગુમાસ્તાઓ પાસે જવાની મારે તને નાજ પાડવી જોઇએ. કારણ કે તેઓ તને દૂરથી જુવે છે એટલેજ પોતાના કામમાં ભૂલો કરવા માંડેછે.'

મિ. બાર્લોએ પેટીને આ પ્રમાણે કહ્યું, પરન્તુ **મિ. બાર્લો** વિલ વાંચવા ગયા પછી તરતજ **ફ્રેંકને** તો **બેટરવર્થના** છોકરાઓના કેસ વખતે હાજર રહેવાને ન્યાયાધિશે બોલાવી મંગાવ્યો હતો.

આ ભાગ્યહિન યુવાનોને માલૂમ પડયું હતું કે તેમણે **ફ્રેંકના** પિતાની ઘાસની ગંજી બાળી નાંખી હતી તે તેના જાણવામાં આવ્યા છતાં તેણે કામ ચલાવ્યું નહોતું. આથી તેઓએ **ફ્રેન્કની** ભલમનસાઇપર આધાર રાખી તેમની વર્તણુક સંબંધી સારો વિચાર કોર્ટમાં જણાવવાની તેને ભલામણ કરી. **ઉવીલે** કહ્યું 'ભાઇ **ફ્રેન્ક**! વિચાર કરો કે તમારા જેવાનો ફક્ત એકજ સારો શબ્દ અમારા જેવાના હકમાં કેટલો બધો લાભકર્ત્તા થઇ પડશે? તમે કેટલા બધા વર્ષસૂધી અમારા પાડોશી હતા! જો તમે માત્ર એટલુંજ કહો કે 'આ છોકરાઓને મેં કદી જંગલી, આળસુ, અને ધાંધળીઆ જોયા નહોતા' તો કેવું સારૂં થાય? કેમ એમ કહેશોજ કની! **ફ્રેંકે** કહ્યુ 'મારાથી એમ કેમ કહેવાય? તેમ છતાં કદાચ હું એમ કહું તો તે કોઇ માને નહીં; કારણ કે તમારા ગુણદોષ સર્વત્ર પ્રસિદ્ધ છે; માટે મને માફ કરો. આવી વખતે હું તમને ઠપકો આપવા ઇચ્છતો નથી, પરંતુ સઘળા લોકો જાણેછે કે તમને **જંગલીઉવીલ, ધાંધળીચોબોબ** અને **આળસુઇસાક** એમજ સૌ કહેતા. **બેટરવર્થનો** જે વકિલ હતો તે બોલી ઉઠયો કે 'અહિયાંજ પંચાત છે ખુલ્લી કોર્ટમાં આ વાત બહાર પડશેજ અને ન્યાયાધિશ વગેરે એનાપર ઘણું વજન રાખશેજ.' વૃદ્ધ **બેટરવર્થે** કહ્યું 'અરે મિ. **ફ્રેન્ક**! મિ. **ફ્રેન્ક**? અમારાપર રહેમ નજર રાખ. આ મારાં છોકરાની તરફેણમાં બોલજે, ઘડપણના વખતે મારે મારા છોકરાઓને આવા કેસની અંદર કોર્ટમાં અપરાધી તરીકે ઉભા કરેલા જોવા એ કેટલુ લજ્જાસ્પદ છે? અને જો કદાચ તેઓને દેશનિકાલ કરવામાં આવે તો પછી બાકીજ શું રહ્યું! અરે **ફ્રેન્ક**? તું એમને માટે જેમ સારૂં કરી શકે તેમ કરજે. તારો સ્વભાવ જન્મથીજ ભલમનસાઇનો છે. તું ઘણો ડાહ્યો છોકરો છે.'

આ દુઃખી પિતાની આજીજી અને આંસુથી **ફ્રેન્કના** મનમાં ઘણું લાગ્યું; પરંતુ તેનો સારો સ્વભાવ એવો નહોતો કે તેને જૂઠું બોલવા માટે હા પડાવે. તેણે કહ્યું કે 'આ કેસની વખતે તેઓના

લાભમાં બોલવાનું મહેરબાની કરીને મને કહેશો નહિ. તેઓને લાભકર્ત્તા થઇ પડે તેવું મારાથી કશું કહેવાવાનું નથી. મારાથી તેમને લાભ કરતાં હાનિ વધારે થશે.' ફ્રેન્કે આમ કહ્યું તેમ છતાં પણ તેઓના મનમાં એમ હતું કે અણીના વખતે તેનો સારો સ્વભાવ તેના પ્રમાણિકપણાને દબાવી દેશે, અને તે લાભમાંજ બોલશે, આથી તેને કોર્ટની રૂબરૂ બોલાવવામાં આવ્યો.

સાક્ષિદાર તરીકે ખડો કર્યા પછી **એટસ્વર્થ્સ**ના વકિલે તેને પૂછ્યું કે કેમ સાહેબ ! તમે આ બંધવાઓના લાભના સાક્ષી છો ? હું ધારૂં છું કે તમે તેમને તમારા બચપણથી ઓળખો છો. તમારી ચાલચલગત એવી છે કે તમે જે કંઇ આ બંધવાઓના લાભમાં કહેશો તેથી ન્યાયાધિશ અને પંચ (જ્યુરી) ને ઘણી સારી અસર થશે. ફ્રેંક શું કહે છે તે સાંભળવાની આશાથી સઘળા ચૂપ રહી ગયા. પોતાના પાડોસી તથા બાળસ્નેહીઓના લાભકર્ત્તા થઇ પડવાની આશા, અને પોતે જે ખરેખરૂં જૂઠું જાણે છે તે કહેવાની બીક, એ બેની વચ્ચે એનું મન એવું તો હીલોળે ચડયું કે તેનાથી એકે શબ્દ બોલાયો નહિં; પરંતુ તેની આંખમાંથી દડ દડ આંસુ વહેવાં માંડયાં, જ્યુરીમાંથી એક જણે બીજાઓને કહ્યું કે આ પૂરાવો બંધવાઓની તદન વિરૂદ્ધ છે ! !

ન્યાયાધીશે આખરે તેઓને અપરાધી ઠરાવી દેશનિકાલની શિક્ષા ફરમાવી.

જ્યારે ન્યાયાધિશ ઉપરની શિક્ષા ફરમાવતો હતો ત્યારે વૃદ્ધ **એટસ્વર્થ્સ**ને કોર્ટમાંથી ઉચકી જવામાં આવ્યો. કારણ કે તે બેશુદ્ધ થઇ ગયો હતો, અગરજોકે તેના છોકરાઓ તેની સાથે ઘણીજ ખરાબ રીતે વર્ત્યા હતા તથાપિ તેઓનાં અપમાન અને નાશની સ્થિતિ તેનાથી જોઇ શકાઇ નહિ. માતપિતાનું હેત એવું હોય છે. તેઓ છોકરાં માટે ગાંડાઘેલાં થઇ જાય છે. પિતા પોતાની જીંદગી પર્યંત વૈતરૂં કરી' ગમે તેવાં સંકટ સહન કરી અને પેટે પાટા બાંધી લૂખું પાકું ખાઇ પૈસા એકઠા કરે છે તે પોતાના છોકરાં માટેજ. છોકરાં નાનાં હોય છે ત્યારે માબાપ લાડકોડથી તેમને ઉછેરે છે, તેમને માટે પૈસા ખરચે છે, તેમના સુખને માટે પોતે અસહ્ય દુઃખ વેઠે છે, તેઓ માંદાં થાય છે ત્યારે તેમનો જીવ બહુ બળે છે અને

તેમને સાજાં કરવા માટે ઘણી ઘણી વિપત્તિઓ વેઠે છે. તે સઘળું તેમની રળેલી બાજરી ખાવાની, કે ઘડપણમાં તેઓ સુખ આપશે એવી આશાથી કાંઇ કરતાં નથી; પરંતુ તેઓ મોટાં થાય, સારૂં નામ કાઢે, પોતાનું ઘર માંડી રહે, દુનિયામાં જન્મ્યાનું સાર્થક કરે, તથા ભાંડુઓને સુખરૂપ થઇ પડે તેવીજ આશાથી તેટલું કરે છે. બચપણમાં માબાપ આટલું કરે તેમાં કંઇ નવાઇ જેવું કદાચ ન ગણીએ, તથાપિ છોકરાં મોટા થઇ પોતાનું ઘરબાર માંડી છોકરાં છૈયાં સાથે જૂદાં રહે છે, તોપણ તેઓનાપર તેમનું હેત તેવુંજ રહે છે; તેઓ ગમે તેટલાં મોટાં થાય તોપણ પોતે તેમને છોકરાંજ ધારે છે. તે સઘળું તેમના સ્વભાવિક નિર્મળ પ્રેમને લીધેજ હોય છે. જો કોઇ છોકરૂં જન્મની કે પછીની કાંઇ ખોડથી પીડાતું હોય તો તેની પણ તેટલીજ બલ્કે તેથી પણ વધારે સંભાળ લે છે. પરભાર્યા મનુષ્યને કદાચ એવા છોકરા માટે કંટાળો ઉત્પન્ન થાય. પરન્તુ માબાપને મન તો તે સોનાનું હોય છે. છોકરાં મોટપણે સારાં નિવડે ત્યારે તેઓનાપર હેત હોય તેમાં તો શી નવાઇ. પરન્તુ તેઓ દુર્ગુણી નિવડે છે, કુમાર્ગે ઘસડાઇ જાય છે અને લોકના ધિક્કારમાં આવી પડે છે તો પણ તેમના તરફ તેટલોજ પ્રેમ રહે છે. આવાં છોકરાં અગર જો કે પોતાનાં માબાપને ધિક્કારે છે, તેમના સામું બોલે છે, માર મારે છે, તથા હરેક રીતે વૃદ્ધાવસ્થાની વખતે તેમને દુઃખરૂપ તથા દુશ્મન જેવાં થઇ પડે છે, તથાપિ તે છોકરાંનાં સંકટની વખતે માબાપ પોતાનાપર ગૂજારેલો જૂલ્મ, કૃતઘ્નપણું વગેરે સર્વ વીસરી જઇ, તેમને બાળકજ ગણી પોતાનું તન મન અને ધન તેમનું ભલું કરવા માટે ખૂવાર કરે છે. ગમે તેવી વિપત્તિ માથે વહોરી લે છે, તથા ગમે તેમ કરી તેમને સંકટમાંથી મુક્ત કરવા પ્રયત્ન કરે છે. આજ માબાપના પ્રેમની ખૂબી છે! એ પ્રેમ જેણે અનુભવ્યો હોય છે તેજ જાણી શકે છે; ને તેવું આપણે આ **બેટસ્વર્થ્સ**ના સંબંધમાં જોયું. અગર જો કે વૃદ્ધ **બેટસ્વર્થ્સ**ને તેના દરેક છોકરાએ હદ ઉપરાંત દુઃખ દીધું, તેઓ તેનાથી તદન છૂટા પડી કુમાર્ગે ઘસડાઇ જઇ લુચ્ચા, વ્યસની, જુગારી, તથા આખરે આવું ક્રૂર કર્મ કરનારા નિવડયા હતા, તથાપિ તેનું મન તેઓ તરફ પ્રથમના જેવુંજ હતું, તેવીજ પ્રેમાળ દૃષ્ટિથી તે તેમના તરફ જોતા હતો, તથા છેવટે તેમને માટેજ અહિં બેશુદ્ધ

થઇ ગયો હતો. દુર્ગુણી છોકરાઓને વાજબી શિક્ષા થઇ તે પણ તેનાથી ખમાઇ નહિ, કારણકે તે પિતા હતો. છોકરાના મહાન દુર્ગુણ પણ તેને નાના દોષ ભાસતા હતા અને તેથીજ તે બેશુદ્ધ થઇને પડયો હતો.

જ્યારે તે (મિ. બેટસ્વર્થ્સ) શુદ્ધિમાં આવ્યો ત્યારે તેને માલૂમ પડયું કે ફ્રેંકને ટેકા દેઇને કોર્ટની સામેની પત્થરની પાટલીપર પોતે બેઠેલો છે. ગામના ઘણા માણસો તેની આસપાસ ટોળે મળ્યા હતા. બીજા લોકની કંઇપણ બીક કે દરકાર ન રાખતાં પોતાની મનોવૃત્તિને અનુસરીને નિરાશાથી તે બોલ્યો કે, મારા ઘડપણના વખતમાં મારી પાસે એકે છોકરૂં રહ્યું નહિ! મારા છોકરાઓતો દુનિયામાંથી નીકળીજ ગયા; પરન્તુ મારી છોડીઓ ક્યાં છે!! આવી વખતે તેઓ પોતાના વૃદ્ધ પિતાની પાસે કેમ આવી નથી?! શું તેમના મનમાં સ્વભાવિક પ્રીતિ નથી? ખરેખર નથીજ!! ખરૂં પૂછાવો તો તેઓને મારે માટે શાની પ્રીતિ હોય? જ્યારે તેઓ નાની હતી ત્યારે મેં તેમની બિલકુલે સંભાળ લીધી નહિ; તેથી મારી વૃદ્ધાવસ્થામાં તેઓ મારી સંભાળ નથી લેતી તેમાં કંઇ વિસ્મય થવા જેવું નથી! ખરેખર! મારા ભલા પાડોશી ફ્રેંકલાંડનું કહેવું અક્ષરે અક્ષર સત્ય હતું. યોગ્ય રીતે તેણે પોતાનાં છોકરાંને કેળવ્યાં તેનાં રૂડાં ફળ હાલ તે ભોગવે છે, અને મારાં છોકરાંની કેવી દુર્દશા થઇ!! તેમણે મારાં ધોળાં પળીઆમાં ધૂળ નાંખી. આવી રીતે મને મરણ પથારીમાં સૂવાડયો છે!!' પછી તે ડોસો છાતીફાટ રડવા લાગ્યો. આસપાસ જોઇ પોતાની છોડીઓ માટે તે કહેવા લાગ્યો કે ' તેઓ આ ગામમાંજ છે અને મારી પાસે આવતાં તેમને ઘણી મહેનત પડે તેમ નથી. જેમણે પ્રથમ કોઇપણ દિવસ મને જોયેલો નહિ તેવા અજાણ્યા માણસોને પણ મારી દયા આવે છે, પરંતુ મારાં પોતાનાં ફરજંદોને મારે માટે બિલકુલ દયા નથી!! અરે! તેઓમાં એક બીજાને માટે પણ દયા નથી! પોતાના ભાઇઓને થયેલી શિક્ષાની તે છોડીઓને ખબર પડી હશે?! અરે! તેઓ કયાં છે? જેસીએ તો આ વખતે મારી પાસે જરૂર હાજર રહેવું જોઇએ, કારણ કે હમેશાં હું તેનાપર વધારે પ્રીતિ રાખતો!!'

જેસીનું શું થયું હતું તે જાણનાર કેટલાંક માણસો ત્યાં ઉભા હતા, પરંતુ આવા દુઃખદાયી સમયે તેની ખબર કહેવા તેઓ ખૂશી

નહોતા. આગળપાછળ વીંટલાઇ વળી જોનારમાં **મિસિસ થિવિયટ**-ના બે ચાકરો હતા. તેમાંના એકે ફ્રેંકના કાનમાં કહ્યું કે 'તમે આ વૃદ્ધ માણસને ગમેતેમ ફોસલાવી સમજાવી તેને ઘેર મોકલો, અને એ પોતાની છોડીઓ માટે કંઇપણ ખબર ન પૂછે તેવું કરો; કારણકે તેમના સમાચાર સાંભળીને તે વિશેષ દુઃખી થશે' આથી ફ્રેંકે તે ડોસાને તેને ઘેર જવા સમજાવ્યો, તથા પોતાની શક્તિ પ્રમાણે તેને દીલાસો દીધો. તે દુઃખી ડોસો બોલ્યો કે 'આ દુનિયામાં હવે મારે માટે કંઇપણ સુખ રહેલું નથી ! અરેરે ખરાબ છોકરાં કેવાં દુઃખરૂપ થાય છે ?!! મારાં છોકરાંએ મારા હૃદયને કારી ઘા માર્યો છે. પણ અરે! તેમાં મારોજ દોષ છે! તેઓ નાના હતાં ત્યારે મેં તેમની કંઇપણ સંભાળ લીધી નથી, અને હવે હું ઘરડો થયો છું ત્યારે તેઓ મારી ખબર લેતાં નથી !! ખેર; પરંતુ કોઇ કહો કે મારી છોડીઓનું શું થયું તે કોઇને માલૂમ પડયું છે કે નહિ?' ફ્રેંકે આ પ્રશ્નનો ઉત્તર ઉડાવી દઇને કહ્યું કે 'આજની રાત તમે નિશ્ચિંતે ઊંઘો; કારણ કે તેથી તમારા મનની દીલગીરી અને તર્કવિતર્ક ઓછાં થશે' શોક તથા દીલગીરીથી તે તદ્દન થાકી ગયો હતો તેથી આખરે તે એક તરેહની બેશુદ્ધિમાં પડયો. તેને ઊંઘતો ભાગ્યેજ કહી શકાય. પોતાના શેઠ **મિ. બાર્લોનું** કામ તૈયાર કરવા માટે ફ્રેંકને પોતાના મુકામે વેળાસર જવાની જરૂર પાડી. જે દુઃખમય દેખાવ તરફ તે દયાદૃષ્ટિથી જોઇ શકે પરંતુ તેનો છૂટકો કરી શકે નહિ તેવા દેખાવથી દૂર થવાથી તે ઘણો ખુશી થયો.

વાંચનારને યાદ હશે કે ફ્રેંક અગાઉ **જેસી** ઉપર મોહિત થઇ તેની સાથે લગ્ન કરવાને તૈયાર થયો હતો; પરંતુ પોતાના પિતાની શીખામણથી એ વિચાર માંડીવાળી તે ઉદ્ધત છોકરી સાથેનો સઘળો સંબંધ તેણે ત્યાગ કર્યો હતો. એમ કરવાથી ફ્રેંક ભવિષ્યની ઘણી ભારે આફતોથી બચી ગયો. કેટલાક તરૂણોને છળભેદથી છેતરી, આખરે તે ખરેખરી ફસાઇ પડી. છેવટે એક સાધારણ સાર્જન્ટની સાથે પ્યારમાં પડી. તેની સાથે આજ સવારે તે નાશી ગઇ. આ સરજન્ટ તેનાપર કાંઇ પ્યાર રાખતો નહોતો. પરંતુ તેના ૨૦૦૦૦ રૂપિઆ પડાવી લેવા માટે ઉપરથી વહાલ બતાવતો હતો. તે એટલોબધો અવિચારી તથા ઉડાઉ હતો કે 'પૈસા મળે તો પરણવું નહીં તો કેદમાં જવું'' એવો તેણે ઠરાવ કર્યો હતો.

આવા માણસ સાથે નાશી જઈ લગ્ન કરવામાં કંઇપણ શુક્રવાર થવો મુશ્કેલ હોય છે- તેમ **જેસીને** પણ અંદર અંદર વઢવાડ થવા લાગી તથા એકબીજાથી મન ઊંચા રાખી જાણે તેઓને ઘરમાં રહ્યા છતાં કાંઈપણ સંબંધ નથી એમ વર્તવા લાગ્યાં. **જેસીના** પૈસા પૂરા થયા એટલે તેઓને અન્નને ને દાંતને પણ વેર થયું અને **જેસી** દુષ્ટાચરણથી વર્તી પોતાની અપકીર્તિમાં વધારો કરતીજ ગઇ.

સેલીને આ વખતે તેના પિતાનું કે ભાઇઓનું કંઇપણ ભાન નહોતું. તે તો પોતાના આશક સાથે લગ્ન સંબંધી લડાઇમાં ગૂંથાઇ હતી. **મિસિસ ક્રમ્પે** ચોખી ના કહ્યાછતાં **કેપ્ટન બ્લુમિંગટનને** તેના ઓરડામાં મોકલનાર **સેલી** હતી એ વાત અગાઉ આવી ગઇ. અને **બ્લુમિંગટનને** એ બાઇએ કંઇપણ વારસો આપ્યો નહિ એ પણ આપણે વાંચ્યું. આથી ચીડાઇને તેણે **સેલીને** કહ્યું કે 'તારે લીધે મારે એક સારો વારસો ખોવો પડયો.' આ તોહમતથી ગુસ્સે થઇ **સેલીએ** ના બોલાય તેવા શબ્દોમાં તેનો ઉત્તર વાળ્યો. આ વાક્યુદ્ધ એટલે સૂધી વધી પડયું કે આખરે કેપ્ટને સોગન ખાધા કે 'કોઇ જંગલી સ્ત્રી સાથે પરણીશ, પરંતુ તારા જેવી કર્કશાને મરણાન્તે પણ નહિ પરણું !' આ પ્રમાણે તેના સંબંધનો છેડો આવ્યો તેથી **સોસિસેલીનાં** ઓળખીતાંને ઘણી રમુજ થઇ પડી. તેના ખરાબ સ્વભાવને લીધે સઘળાં આડોસીપાડોસી તેને ધિક્કારતાં હતાં; તેથી કેપ્ટનના સંબંધમાં **સેલીને** નિપજેલી નિરાશા વધારવાને તેઓ દ્વેષબુદ્ધિથી તેની મશ્કરી કરતાં; અને ઘણીખરી વખતે એમ કહેતાં કે 'પ્યાર કે પૈસા માટે હવે તને કોઇ પણ વર મળવાનો નથી ' બન્નેની વચ્ચે સલાહ સંપ કરવાને માટે જે જે દરખાસ્તો કરવામાં આવી તે સઘળી દરખાસ્તોપર **મિ. બ્લુમિંગટને** બિલકુલ ધ્યાન આપ્યું નહિં. આ કર્કશાથી છૂટવાને લીધે તે ઘણો ખુશી થયો. આપણા વાંચનાર એનું શું થયું તે જાણવાની બહુ જીજ્ઞાસા નહીં રાખતા હોય એમ ધારી કાળચક્રના સપાટામાં તેને રઝળતી મૂકી આપણે આપણી વાત આગળ ચલાવીએ.

હવે આપણે **મિ. બાર્લોની** ખબર લઇએ. આપણે એના વિશે છેલ્લું વાંચ્યું ત્યારે તે **મિ. ફ્રોલિંગ્સબીના** લગ્ન કરારની ગોઠવણ કરવામાં ગૂંથાયો હતો. જ્યારે સઘળો કરાર બરોબર ઘડાયો ત્યારે

તે લઇને તેણે **ફ્રેન્કને મિ. ફ્રાલીંગ્સબી** પાસે મોકલ્યો, આ વખતે મિ. **ફ્રાલીંગ્સબી** એકલોજ હતો. તેણેફ્રેન્કને કહ્યું 'આવો બેસો. મેં તમને કોઇ દિવસ જોયા નથી, તથાપિ તમારા નામથી હું બરોબર માહિતગાર છું. તમે **ફ્રેની ફ્રેન્કલાંડના** એક ભાઇ છો. તમારી એ માયાળુ બેન ઘણી સ્વરૂપવાન્ અને સદ્ગુણી તરૂણી છે અને તમે તેને માટે મગરૂર થાઓ તેમાં નવાઇ નથી. મારાપર તેનો ઘણોજ ઉપકાર થયેલો છે ' આટલું બોલી તેણે **મિસિસ હન્ગરફોર્ડ**ને ત્યાં જે જે બન્યું હતું તે સઘળું ફ્રેન્કને સવિસ્તાર કહ્યું; અને છેવટે જણાવ્યું કે 'તમને અગર તમારા કુટુંબને કંઇ પણ લાભકર્ત્તા થઇ પડવાથી મને બેહદ સંતોષ ઉત્પન્ન થશે. માટે મને કહો કે હું તમારે માટે શું કરૂં ? ફ્રેન્ક કંઇ પણ ઉત્તર આપ્યા વિના નીચું જોઇ છાનોમાનો બેસી રહ્યો. તેણે વિચાર્યું કે 'મારા વૃદ્ધ પિતાને તેના ક્ષેત્રમાંથી કાઢી મૂકી આ ગૃહસ્થે અગર તેના મુનીમે જે અન્યાય ગુજાર્યો હતો તે અન્યાય તેણે યાદ લાવવો જોઇએ.' જ્યાં પોતાને માટે ન્યાય માગવાનો હતો ત્યાં કોઇ પણ તરેહની મહેરબાની માગવી એ ફ્રેન્કના ઉમદા સ્વભાવને ઘણું નિરર્થક લાગ્યું. ખરી રીતે જોતાં **મિ. ફ્રાલિંગ્સબીએ** પોતાનો સવ વહિવટ પોતાના મુંનીમને સોંપી દીધો હતો; તેમજ પોતાના ખેડુતોના કામકાજ તથા નામઠામ વિગેરેની તેને ઘણીજ થોડી માહિતી હતી. આ વખતે તેને લેશમાત્ર પણ ખબર નહોતી કે ફ્રેન્ક એ તેના એક જુનામાં જુના અને હોંશિયાર ખેડુતનો છોકરો છે. તેને માલૂમ નહોતું કે પોતાના મુનીમના અન્યાયને લીધેજ વૃદ્ધ ફ્રેન્કલાંડને એક ધર્મશાળામાં રહેવાની જરૂર પડી છે તેથી ફ્રેંક નિસ્પૃહી રહી ગૂપચૂપ બેસી રહયો. તે જોઇ **મિ. ફ્રાલિંગ્સબી** અચંબો પામી વારેવારે તેને પૂછવા મંડયો. આખરે તેને સઘળું માલૂમ પડયું અને બધું સાંભળીને તે ઘણો લજવાયો તથા આશ્ચર્ય પામ્યો. તે બોલ્યો કે 'તમારા પિતાને આટલું બધું દુઃખ પડયું તેનું કારણ શું મારી બેકાળજીજ છે? તમે કહોછો ત્યારે મને યાદ આવે છે કે જ્યારે હું આસ્કોટની સરતો રમવા જતો હતો ત્યારે માથે સુંદર ધોળા વાળવાળો એક વૃદ્ધ માણસ કંઇ કામ સારૂ મને મળવા આવ્યો હતો. એજ તમારા પિતા હતા કે શું ? 'મારે હમણાં ઉતાવળ છે ને મારો મુનીમ **મિ. ડીલ** જે રીતસર હશે તેજ કરશે' એવું મેં તેમને કહેલું મને હાલ યાદ આવે છે. આ બાબતમાં મેં મોટી ભૂલ

આપ ખાધી છે. મુનીમપર મેં વિશ્વાસ મૂકયો હતો તેનું ફળ મને મળી ચુકયું છે. પણ ઇશ્વર કરે તે સારૂંજ કરે. હવે મારૂં સઘળું કામ હું મારાજ હાથમાં રાખીશ. હવે મારા કામ પાછળ મંડવાનો મારો વિચાર છે. ઘોડા, ગાડી, સરતો વિગેરેમાં હવે મારૂં મન ગોઠતું નથી તેમ ગોઠવાનું પણ નથી. દરેકનો સમય હોય છે. હવે મારો ઉન્મત્ત મિજાજ ઠેકાણે આવ્યો છે. હું એવુંજ ઇચ્છુંછું કે મારા અવિચારીપણાથી મારા સિવાય બીજા કોઇને હાનિ ન થઇ હોત તો ઘણું સારૂં થાત. હવે જે કંઇ હું કરી શકું તે એજ કે પાછળ થઇ ગયેલાનો મારે બદલો વાળવો. પ્રથમ તમારા પિતાની બાબતજ હાથમાં લઇશું. સુભાગ્યે મારી પાસે તેમ કરવાનાં સાધન છે. તમારૂં ક્ષેત્ર મારી પાસે પાછું આવ્યું છે, તે કાલે તમારા પિતાને સોંપવામાં આવશે. **વૃદ્ધબેટસ્વર્થ્સ** હમણાંજ તે ક્ષેત્ર મને પાછું સોંપવા આવ્યો હતો. તેની પાસે સાંથના ઘણા પેસા લેણા છે, મારા ધારવા પ્રમાણે તેણે એ જગોપર એક સુંદર ઘર બાંધ્યું છે' તેથી તમારા પિતાના ભલાને માટે હું ઘણોજ ખૂશી થાઊં છું. તેમને કહો કે એ ઘર તથા ક્ષેત્ર તમને આપવામાં આવશે. મારા નામથી તમને જે અન્યાય આપવામાં આવ્યો છે તેનો બદલો વાળવા હું ઘણોજ ઉત્સુક છું.

આથી **ફ્રેંક** એટલો બધો ખૂશી થઇગયો કે ઉપકારનો એક શબ્દ તે બોલી શકયો નહિ. આ ખૂશખબર પોતાની બેનોને જાહેર કરવા તે **મિસિસ હંગરફાર્ડ**ને ત્યાં ગયો અને બીજે દિવસે તેઓ પોતાના પિતાને મળવાનાં હતાં તેથી સઘળાંએ તે વખતે ત્યાં હાજર થવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે સવારમાં દરેકજણ પોતપોતાના શેઠશેઠાણીની રજા લઇ સારાં કપડાં પહેરી, પોતાનું ઉપાર્જીત કરેલું સાથે લઇ, પોતાના પિતાને ધર્મશાળામાંથી મુક્ત કરવાની આશાએ હર્ષભર્યાં એકઠાં થઇ સઘળાં ત્યાં જવા ચાલી નિકળ્યાં. જ્યારે પોતાનાં પ્રિય છોકરાંનો અવાજ કાને પડયો ત્યારે વૃદ્ધ **ફ્રેંકલાંડ** પોતાના નાના બાગમાં કામે વળગેલો હતો. **ફ્રેની! પૅટી! જેમ્સ! ફ્રેંક!** મારાં વહાલાં છોકરાં! તમે ભલે આવ્યાં! મને માલૂમજ હતું કે તમ તમારા વૃદ્ધ પિતાની ખબર લેવા આજ અત્રે આવશો; તેથી તમને આવકાર આપવાને આ છડીઓ હું તૈયાર કરતો હતો પરન્તુ આ ધર્મશાળામાં આવતાં તમને શરમ ન આવી તે જોઇ હું વિસ્મય પામું છું! મારાં ડાહ્યાં છોકરાં! તમારે માટે હું ઘણો મગરૂર થાઊં છું! ખરેખર!

શરીરે આવા સારાં મારી આખી જીંદગીમાં મેં તમને કોઇ પણ દિવસ જોયાં નહોતાં.

ફ્રેંકે ઉત્તર વાળ્યો 'પિતાજી! તમે કોઇપણ દિવસ અમને સઘળાંને એકજ વખતે આટલાં બધાં સુખી નહિ જોયાં હોય તેથી તમને આમ લાગતું હશે. તમે હવે આ તમારા લતાગૃહમાં બેસો. અમે સઘળાં તમારા પગ પાસે આ નીચેના ઘાસપર બેસીશું અને અમારે જે જે વિતકવાર્તા તથા શુભ સમાચાર કહેવાના છે તે સર્વે કહીશું.' તે વૃદ્ધ ડોસાએ પૂર્ણ આનંદથી કહ્યું કે 'મારાં વહાલાં છોકરાં! મારા સબંધમાં તમારી મરજીમાં આવે તેમ કરો અને તે પ્રમાણે વર્તવાને હું તૈયાર છું. તમને સર્વને આટલાં બધાં આનંદમય તથા સુખી થઇ મારી આસપાસ વિંટળાઇ વળેલાં જોઇ મારૂં હૃદય આનંદના ઉભરાઓથી છલકાઇ જાય છે!' આટલું કહી તે ડોસો લતાગૃહમાં બેઠો અને તેના છોકરાં તેના પગ પાસે નીચે બેસીને પોતાનું વૃત્તાન્ત કહેવા લાગ્યાં. પ્રથમ પૅટીએ પોતાની હકીકત કહી. ત્યારબાદ અનુક્રમે ફ્રેનીએ, જેમ્સે તથા ફ્રેંકે પોતાની સર્વ વાત કરી, જ્યારે સઘળાં પોતાની ટુંકી ટુંકી વાત કરી રહ્યા ત્યારે તેમણે પોતાના સદ્વર્તનથી છુટક છુટક ઉપાર્જીત કરેલું દ્રવ્ય એકઠું કરી પોતાના પિતાને આપ્યું. આનંદાશ્રુ વહેતે ચહેરે ફ્રેંકલાંડે કહ્યું "મારાં પ્રાણપ્રિય છોકરાં! આ આનંદ મારા ધારવા કરતાં ઘણોજ વધારે છે. મારી આખી જીંદગીમાં આટલો બધો આનંદ તેમ સુખ મને મળ્યાં નહોતાં! મારી મનોવૃત્તિ આ વખતે કેવા પ્રકારની છે તથા આ વખતે મારૂં હૃદય કેવું પ્રફુલ્લિત થાય છે તે તમારા જેવા છોકરાંના માબાપ સિવાય બીજું કોઈ કળી શકશે નહિ!! દુનિયાદારીમાં તમારી ફતેહ જોઇ મને દશઘણો આનંદ થાય છે, કારણ કે એ સઘળું તમારા સદ્વર્તનને લીધેજ છે!" બધાં છોકરાં એકી અવાજે બોલી ઉઠયાં, 'નહિ! નહિ! વહાલા પિતા! એમ કાંઇજ નથી! અમારી ફતેહ તમારે લીધેજ છે! જે જે અમારી પાસે છે તે સર્વ તમારે લીધેજ છે, એટલે અમારી બાલ્યાવસ્થામાં તમે અમારી જે રૂડી સંભાળ લીધેલી છે તે સંભાળને લીધેજ અમે આવી સ્થિતિએ પહોંચ્યાં છીએ. જો તમે અમારા કલ્યાણ તરફ એટલી નજર ના રાખી હોત અને અમને સારી કેળવણી ના આપી હોત તો અમે લેશ માત્ર પણ સુખી થાત નહિ. જુઓ બાપડા બેટરવર્થ્સના કુટુંબની શી વલે થઇ છે!!

આવી વાત ચાલતી હતી તેટલામાં ભલી દાસી હાના દોડતી દોડતી ત્યાં આવી. આ દાસી નિમકહલાલીથી વૃદ્ધ ફ્રેંકલાંડની

પાસેજ રહી હતી. તે ઘણીજ ઝડપથી દોડતી દોડતી બાગમાં આવી હતી. જ્યારે તે લતાગૃહ આગળ આવી પહોંચી ત્યારે તેને એટલો શ્વાસ ચડી ગયો હતો કે તેનાથી બિલકુલ બોલી શકાયું નહિ; તેનો શ્વાસ જરીક હેઠો બેઠો એટલે તે બોલી કે 'અરે મારાં વહાલાંઓ! ઇશ્વર તમારૂં ભલું કરો! પરન્તુ હાલમાં અત્રે બેસી રહેવાનો વખત નથી. દયાની ખાતર અંદર આવો! અરે ઝટ અંદર આવો અને તૈયાર થાઓ, હાનાનાં આવાં અતિ ગભરાટ ભર્યા વચન સાંભળી સર્વેએ અધીરાઇથી પુછ્યું કે શાને માટે તૈયાર થવાનું કહે છે?' દાસીએ જવાબ દીધો કે 'આનંદ પામવા અને અભિનંદન લેવાને તૈયાર થાઓ. સુખની સમીપ જવાને તત્પર થાઓ. ઉઠો. ઉઠો! અંદર ચાલતા થાઓ એટલે કહું છું. અરે! આ ઝાડવામાં થઇને દોડી આવતાં મારા હાથ કેવા થઇ ગયા છે તે તો જૂવો! પરન્તુ તેની કાંઈ ફિકર નહિ. મારી આટલી બધી ઉતાવળ ઉપરથી બહાર શું થાય છે તે તમને લેશમાત્ર પણ માલૂમ નથી પડતું? પણ અરે! હું ભૂલું છુ. તમને તે ક્યાંથી માલૂમ પડે! વારૂં, પણ તમે અત્રે આવ્યાં ત્યારે મારી ખબર પણ ન પુછી કે?' બધાં છોકરાં સાથે બોલી ઉઠયાં, અરે ભલી હાના! અમને માફ કર; અમારા પિતાને મળવા માટે અમે એટલાં બધાં અધીરાં થઇ ગયાં હતાં કે અમને બીજા કોઇ સંબંધી કાંઇપણ યાદ આવ્યું નહિ.' હાનાએ કહ્યું, 'કાંઇ નહિ. એ તો સ્વાભાવિકજ છે! ઠીક. મિસ ફેની! હું તો તમારી શેઠાણી મિસિસ હંગરફોર્ડને ત્યાં અત્યાર સૂધી હતી. એના જેવી ભલી સ્ત્રી કોઇજ નહિ હોય હો! તમને માલૂમ છે કે? એમણે મને કંઇ કંઇ કહેવા માટે તેડવા મોકલ્યું હતું! કેટલીક બાબતો તમને હાલ માલૂમ નથી તે બધી હું જાણું છું. હમણાં તો તમને એટલુંજ કહું છું કે મારા શેઠને એમને નવે ઘેર લઇ જવા સારૂ એક સુંદર ગાડી અત્રે આવે છે અને સુંદર સામાન માંડી તૈયાર કરેલા ઘોડા (બધા તરફ વારા ફરતી આંગળીઓ કરીને) તમારે, તમારે તમારે અને મારે માટે આવે છે! મિસિસ હંગરફોર્ડ પોતાના કોચમાં બેસીને અત્રે આવે છે! યુવાન મિ. ફોલીંગ્સબી પોતાની ગાડીમાં બેસીને આવે છે. મિ. આર્લો વકીલ મિ. જોસ્યુઆક્રમ્પની ગાડીમાં બેસી તેની સાથે આવે છે. મિ. કલેગહોર્ન અને તેની હસમુખી દીકરી વળી એક જુદીજ ગાડીમાં આવે છે એ સિવાય મિસિસ હંગરશેર્ડના ઓળખીતાંઓની ઘણીએ ગાડીઓ આવે છે. અરે! મોહોલ્લામાં ઘણીજ

ગરદી થઇ રહી છે ! હું તો મારી મેળે નાસ્તાની તૈયારી કરવા જાઉં છું.”

ફ્રેંક એકદમ બોલી ઉઠયો ‘ વહાલા પિતા ! ઉતાવળ કરો. તેઓ આવે તે પહેલાં આ કોટ કાઢી નાંખો, અમે તમારે માટે યોગ્ય કપડાં લાવ્યાં છીએ. ’ આટલું કહી ફ્રેંકે તેના પિતાએ પહેરેલો કોટ કાઢી નાંખ્યો, અને ‘હવે મારા પિતા તને કોઇ પણ દિવસ પહેરશે નહિ” એમ કહી તે ફેંકી દીધો. ફ્રેનીએ ગળપટો કાઢી ઠીક કરીને પિતાને ગળે વીંટાળ્યો, અને પૅટીએ પોતાના વૃદ્ધ પિતાના સફેત થયેલા વાળ ઓળ્યા. આટલું કામ થઇ રહ્યું તેટલામાં ગાડીનાં પૈડાંના અવાજ સંભળાવા લાગ્યા. હાનાએ તેમને જે જે કહ્યું હતું તે તે સઘળું ખરૂંજ હતું, આવા હર્ષોત્સવના પ્રસંગે ભાગ લેવા મિસિસ હંગરફોર્ડે પોતાના મિત્ર વર્ગને તથા જેઓ ફ્રેંકલાંડના કુટુંબથી વાકેફ હતા તેઓને આમંત્રણ મોકલ્યું હતું. આ આમંત્રણ પ્રમાણે સર્વ મિસિસ હંગરફોર્ડને ત્યાં એકઠાં થયાં હતાં. ત્યાં તે ભલી બાઇએ નીચે પ્રમાણે કહ્યું “ કોઇ કામમાં વિજય મળ્યાથી કાઢેલા વરઘોડા અને સાજનો સાધારણ રીતે મૂર્ખાઇ ભરેલાં છે; કારણ કે અહંકારને તૃપ્ત કરવાનાંજ ફક્ત તે સાધન છે. પરંન્તુ આજનો વરઘોડો અહંકારને માન આપવાને માટે નથી, પણ સદ્‌ગુણના માનાર્થે ચડાવવાનો છે. સદ્‌ગુણ ગમે તે સ્થિતિના મનુષ્યમાં હોય તથાપિ તે પૂજનીય અને પ્રશંસનીય છે તે બતાવી આપી હલકા વર્ગને આપણે આજ દાખલો આપવાનો છે‘ તથા તેઓ પણ સદ્‌-ગુણથી વર્તિ સન્માર્ગનું સેવન કરશે તો આવા માનને પાત્ર થશે એમ દર્શાવવાનું છે, આ આપણી નજર આગળ એક કુટુંબ છે. તે આખા કુટુંબે અસાધારણ રીતે સદ્‌ગુણથી વર્તિ, પોતાના દોષ અગર અવિચારીપણાને લીધે નહિ, પરન્તુ નિર્દોષપણે જે પિતા છેક હલકી સ્થિતિને પામ્યો હતો તે પિતાને તેમાંથી મુક્ત કરવા તન-મનથી પ્રયાસ કર્યો છે, અને તેમનો એ પ્રયાસ ઇશ્વર કૃપાથી ફલી-ભુત થયો છે. હવે તેમને પૈસા સંબંધી કાંઇપણ તંગી નથી. આવા અનુપમેય કુટુંબને આપણે પૈસા આપીએ તે કરતાં તેઓના સુખમાં આપણે ભાગ લઇશું તેનાથી તેઓ વધારે ખુશી થશે. માટે ચાલો, આપણે સર્વ જઇને તેમના સુખમાં ભાગીઆં થઇએ. ” મિસિસ હંગરફોર્ડના આ ટુંકા પણ અસરકારક વ્યાખ્યાનને માન આપી તેનાં સઘળા મિત્રો તથા ઓળખીતા વૃદ્ધ ફ્રેંકલાંડની ધર્મશાળાએ આવ્યા હતા. તેમને ત્યાં આવતા જોઇ લોકોનાં પણ ટોળેટોળાં એણી તરફ આવવા લાગ્યાં. ધર્મશાળાના બારણા પાસે માણસોની એટલી

બધી ભીડ જમા થઇ કે ઉપરથી કોઇ એક તરખલું નાંખે તો તે પણ જમીનપર ન પડતાં અધવચ ઝીલાઇ રહે. ફ્રેંકલાંડના કુટુંબના સદ્દવર્તનની વાત બધે ફેલાઇ ગઇ, ને સર્વે લોકો હુરરે હુરરેના પોકાર મારવા લાગ્યાં. 'સદ્દગુણનો વિજય' તથા 'સત્યમેવ જયતિ' ના પોકાર ઠેર ઠેર સંભળાવા લાગ્યા. નગારાં પડઘમ વગરેના અવાજથી કાન બહેર મારી જવા મંડયા. સર્વ સ્થળે સર્વના મનમાં જાણે સ્વભાવિકજ આનંદ આનંદ છવાઈ રહ્યો હોય તેમ તે મોહોલ્લામાં જણાવા લાગ્યું. ધર્મશાળામાં જ્યાં વૃદ્ધ ફ્રેંકલાંડ રહેતો હતો ત્યાંની સાદી શોભા તો ઓરજ હતી, ઊંચા તથા કુળવાન કુટુંબના માણસો તે ડોસા સાથે હાથ મેળાવી નમન કરવા મંડી પડયા હતા, તથા સર્વજણ તેનાં કુળદીપક છોકરાંની સ્તુતિ કરી તેને પોતાને તથા છોકરાંને ભાગ્યશાળી ગણતા હતા. ફ્રેંકલાંડ જાતે ખેડુત છે એ વાત આ વખતે તદન ભૂલી જવામાં આવી હતી. જાણે તે મોટો ઉમરાવ તથા સેંકડો માણસોનું ભરણ પોષણ કરનારો હોય તેવા માનથી, ત્યાં એકઠાં થયેલાં સર્વે માણસો, તેની તરફ જોતાં હતાં. ગરીબ હાના પોતાના શેઠની આવી સરાગત થતી જોઇ આનંદથી અર્ધી ગાંડા જેવી થઇ ગઇ હતી. મિ. ફ્રેંકલાંડના આમંત્રણ તથા આગ્રહથી ત્યાં ભેગાં થયેલાં સર્વેએ તેના ઓરડામાં તેની સાથેજ બેસીને ચા પાણી તથા નાસ્તો લીધો. તે થયા બાદ વૃદ્ધ ફ્રેંકલાંડનો વરઘોડો કાઢી વિજયના પોકાર સાથે તેના સર્વ કુટુંબ સહિત સર્વે તેના નવા ઘરમાં મૂકવા ચાલ્યાં. લોકોનાં ટોળેટોળાં પણ આ વરઘોડામાં સામિલ થયાં, ને વાજતે ગાજતે અતિહર્ષથી તેના નવા ઘરમાં લઇ ગયા. ત્યાર પછી સર્વ કોઇ વૃદ્ધ ફ્રેંકલાંડની રજા માગી તેની બાકીની જીંદગી સુખશાંતિમાં ગુજારે, તથા તેમનું અનુકરણ કરી બીજાં માબાપો પોતાનાં છોકરાંને તેવી સારી કેલવણી આપી સન્માર્ગે પ્રવર્તાવવા મહેનત કરે, એવી વાંછના બતાવતાં પોતપોતાને ઘેર ગયાં.

આ વૃદ્ધ ડોસો પોતાનાં સંતાનની ઉત્તરોત્તર ચડતી નિહાળવાને ઘણાં વર્ષ સૂધી જીવ્યો, ને જીવ્યો ત્યાં સૂધી પોતાની જીંદગી સુખમાં તથા શાંતિમાંજ ગાળી. નથી તેને કોઇ દિવસ પૈસા સંબંધી હરકત નડી, કે નથી તેનું મન તેનાં છોકરાંના અસદ્દવર્તનથી ખાટું થયું. તેનાં છોકરાંનું પ્રમાણિકપણે વર્તવું, તેઓનું નિખાલસપણું, તેઓના સદ્દગુણ તથા તેઓની દુનિયાદારીમાં નિવડતી ફતેહ એ સઘળું જોઈ તેના સુખમાં ભારે વૃદ્ધિ થતી હતી. તેની છોડીઓ પૅટી અને ફેનીનાં તુરત તેઓનાં ભવિષ્યના પતિ સાથે લગ્ન કરાવ્યાં. જેમ્સનું

પણ **મિ. કલેગહોર્ન**ની સંમતિથી તેની છોડી સાથે લગ્ન કરવામાં આવ્યું. ફ્રેંકને પણ વધારે મુદ્દત સૂધી કૂવારા રહેવુ પડયું નહિ, પરંતુ ઉછાંછળા અને તોછડા સ્વભાવની **જેસી** કરતાં દશગણી સારી એક સુંદર છોડી સાથે તે પરણ્યો. થોડા વખતમાં દરેક જણ પોતપોતાનું ઘર લઇ બેઠા તેઓ પોતાના સદાચરણથી પ્રાપ્ત કરેલી સમૃદ્ધિનો ઉપભોગ કરવા, પોતાના વૃદ્ધ પિતાની પૂજ્યભાવથી ચાકરી કરવા, અને તેણે બતાવેલા સન્માર્ગે વર્તવા, ભાઇ બેનોમાં એકસંપ રાખી જગતને તેમ કરવા દાખલો આપવા, અને ઐહિક તથા આમુષ્મિક સુખનો લાભ સાથેજ પ્રાપ્ત કરવા, ઘણાં વર્ષ સૂધી જીવ્યાં.

દરેક છોકરાં આવાં સુશીલ, સદાચરણી, પ્રમાણિક, સંપી, તથા શુદ્ધ મનનાં નિવડે, પોતાના માતપિતા પ્રત્યે સાચા પ્રેમથી આવી ભક્તિ દાખવે, અને આ દુનિયામાં પોતાના જન્મ્યાનું સાર્થક કરી ખરી કીર્તિ મેળવે, તથા દરેક પિતા પોતાનાં છોકરાંને સન્માગે ચઢાવી, સારી કેલવણી આપી મનુષ્યવર્ગને પણ લાભકર્તા થઇ પડે તેવાં કરવા તન, મન અને ધનથી પુરતો પ્રયત્ન કરે એવી અમારી પ્રાર્થના દયાલુ ઇશ્વર ફલીભૂત કરો ! ! !

શાર્દૂલવિક્રિડીત છંદ.

પ્રાણાધાર પરાત્પરા પ્રભુ તમે દ્યો આર્યને સન્મતિ !
આપી બાળકને સુબોધ જડથી છેદે પિતા કૂમતિ !
સત્પંથેજ ચઢાવવા વળી મથે ખાસા પ્રયાસો વડે !
સન્તાનો નિજ તાતને અનુસરી સન્માર્ગમાં જૈ પડે ! ૧

ભાઇ બ્હેન મહી મહીં ન લઢતાં સંપી સદાએ રહે !
અન્યો અન્ય વધારિ વ્હાલ મનથી રૂડું હમેશાં ચહે !
બીજાને પણ સા'યકારક થવા પ્રેમે પ્રયત્નો કરે !
પોતાનું શુભ નામ કાઢી અહીંયાં કીર્તિ ધ્વજા સંધરે ! ૨

સમાપ્ત.